વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૩મું
ઓક્ટોબર - ૨૦૧૮
અંક : ૪૮૫

મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૮૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર





Happy Dussehra

Happy Navratri

: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org



TOUCH
School Diary On App
A NAVNEET INITIATIVE
Instant, Secure And Easy Way Of Communication
HOMEWORK
ANNOUNCEMENT
PRACTICE TEST
POLL
GROUPS
WALL
POST
TIME TABLE
ATTENDANCE
CALENDAR
SCHOOL INFORMATION
REMARK
COMMUNICATION CYCLE
School
Teachers
Teachers
Parent\Student
School
Parent\Student
DOWNLOAD NOW App Store
DOWNLOAD NOW Google play
Toll Free Number: 1800 266 6676
CIN : U72200MH2008PTC181531

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

ભાગ્ય વિધાતા
અમ જીવનનાં ઘડવૈયા
સ્વ. તા. ૩૦-૧૦-૨૦૧૫

# શ્રી મણીલાલ કુંવરજી ગોસર

સેવા જેમના લોહીમાં હતી, પરોપકાર જેના પગલામાં હતો, કરૂણા જેના હૃદયમાં હતી,
કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એતો જેમનો જીવનમંત્ર હતો.

સૂરજની જેમ પોતાના પ્રકાશથી અમોને સદંતર માર્ગદર્શન આપ્યું,
વહેતા જળની જેમ પોતાનો માર્ગ બનાવી લીધો.
લોકો પોતાના સપનાઓમાં શ્રધ્ધા રાખે એવી પ્રેરણા આપી,
તમારા વિચારો અને કર્મોથી અમે હંમેશાં પ્રેરીત રહીશું.

## માનવતાના મસીહા મુઠ્ઠી ઊંચેરા માનવી



કચ્છ ગોધરા

અમદાવાદ

આપનો સદ્‌ગુણી સ્વાભાવ, કઠોર પરિશ્રમ, પરોપકારવૃત્તિ અને સૌ કોઈ માટે ઘસાઈને ઉજળા થવાની ભાવના
અમારા સૌના માટે પ્રેરણાદાયી રહેશે, પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

## શ્રધ્ધાંજલિ અર્પણ

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : મનીષ મણીલાલ ગોસર ગોધરા | દોહિત્ર | : પિનાંક કિશોર છેડા પુનડી |
| પુત્રવધુ | : સ્વીટી મનીષ ગોસર ગોધરા | દોહિત્રવધુ | : નેહા પિનાંક છેડા પુનડી |
| પૌત્ર | : હેતાંશ મનીષ ગોસર ગોધરા | દોહિત્રી | : ટિવન્કલ કિશોર છેડા પુનડી |
| પુત્રી | : ભાવના કિશોર છેડા પુનડી | બેન | : અમૃત ઉર્ફે ભારતી અમૃતલાલ ગડા મોટા આસંબિઆ |
| જમાઈ | : કિશોર કુંવરજી છેડા પુનડી | બનેવી | : અમૃતલાલ પ્રેમજી ગડા મોટા આસંબિઆ |

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- શિક્ષણ પદ્ધતિમાં પાયાની ખામી અને વર્તમાન સ્થિતિ ....... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ....... ૮

**લેખ વિભાગ**

**પ્રાસંગિક**

- ૧લી ઓક્ટોબર : વિશ્વ વયસ્ક દિન
  વયસ્કોને સમસ્યા નહીં — સમાધાન સમજો ....... **શંકર ન. ઠક્કર** .... ૧૧

**સ્વચ્છતા - અભિયાન**

- સ્વચ્છ ભારત મિશનમાં આપણું યોગદાન....... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૧૨

**વિચાર મંચ**

- માણસના વ્યક્તિત્વની કેટલીક રસપ્રદ વાતો ....... **ડૉ. યાસીન દલાલ** .... ૧૪

**મધુર - જીવન**

- મધુર હોસ્પિટલ ગીતા! ....... **હરેશ ધોળકિયા** ..... ૧૬

**સમસ્યા**

- દુનિયામાં ૮૪.૪ કરોડ લોકો પાણીની અછતથી પીડાઈ રહ્યા છે .. **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૯

**પ્રવાસન**

- પર્યટન ક્ષેત્ર : ક્રૂઝ ટૂરિઝમ ....... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૨૧

**પરિવર્તન**

- વડીલો વિચારે ....... **પુષ્પાબેન એચ. ઠક્કર** .... ૨૪

**આરોગ્ય**

- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર — (૨) ....... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૨૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક**

**કચ્છી કથા**

- રાયધણની રાડારાડ ....... **સ્વામી સચ્ચિદાનંદ** .... ૨૭

**કચ્છની રસધાર**

- ખાનદાની ....... **દુલેરાય કારાણી** .... ૩૦

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ — (૨૪)
  જ્યોતિકાને વિદાય ....... **હંસરાજ સાંખલા** .... ૩૨

**દષ્ટિકોણ**

- સંત પાઈલોટ બાબા ....... **ગોવિંદ વી. ખોખાણી** .... ૩૪

**પ્રેરણા**

- ગુરુકૃપા મળ્યે બધું જ મળે — અણધાર્યું પણ મળે...... **બાબુભાઈ મેઘજી શાહ, પૂર્વ નાણામંત્રી** ...... ૩૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## આસ્થા

● મા શિકોતર ........ **એમ. ડી. સોલંકી**.... ૩૮

## લઘુ કથા

● વિવેકની બાદબાકી ........ **ડૉ. સુધીર ચી. મોદી**.... ૪૦

## હળવાશની ક્ષણોમાં

● નોટબંધી અને પાણીપુરી........ **ચિત્રસેન શાહ, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર : જીઈબી** .... ૪૧

## પ્રકીર્ણ

● એ સ્ત્રી કોણ હતી ખબર છે?........ **સંકલન : અરુણ શાહ**.... ૪૨

## માહિતી

● ગુજરાત રાજ્યમાં અત્યાર સુધી બનાવવામાં આવેલા વિશેષ વનો ... **સંકલન : ભૂપેન્દ્ર એમ. મહેતા**..... ૪૩

## વૈવિધ્ય

● જોક્સ જંકશન........ ૪૪
● ઘર દીવડા : આપણા વતનની 'ટાઈટેનિક' ● ભારતીય રેલવે........ ૪૫
● પુસ્તક અને... ● પુસ્તક એટલે શું? ● રિમોટ કન્ટ્રોલ........ ૪૬

## મનોરમ્ય

● પાંજો કચ્છ : **શામજી વાલજી ગણગણાત્રા 'રામાનંદ'** ● ધર્માડંબર : **'આરસી' શાહ**....... ૪૭
● ઠેઠ લગીનો સંગાથ : **અમૃત ઘાયલ** ● હાઈકુ : **દિલીપ આચાર્ય 'દિલકશ'**........ ૪૭
● આ જિંદગીની બાજી ભંગાર બનીને રહી ગઈ : **રમેશ ચંદુલાલ શાહ**........ ૪૮
● મળે છે : **મહેન્દ્ર એચ. મહેતા** ● ગઝલ : **મુરજી ચાવડા 'પ્રેમ'**........ ૪૮
● સિતારો : **પ્રભુલાલ સિધ્ધપુરા** ● હાઈકુ : **અરવિંદ સોમૈયા**........ ૪૮
● ટેન્શનથી કેમ બચશો?........ **ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ)**.... ૪૯

## નિયમિત વિભાગો

● અન્ય સંસ્થાઓના સમાચાર........ ૫૦
● પ્રતિભાવ........ ૫૧
● બાલુડેં જ્યું ગાલિયું........ **ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૫૨
● *Nano Nine* શબ્દ રમત-૧૪૫........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૩
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૨)........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૫
● જાણવા જેવું........ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૫૬
● વલોવતન........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૫૯
● સમાજ દર્પણ........ ૬૩
● સંસ્થા સમાચાર........ ૬૪
● ઊડતી નજરે........ ૮૨



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# શિક્ષણ પદ્ધતિમાં પાયાની ખામી અને વર્તમાન સ્થિતિ

ડૉ. જાન જી. હિવને કહ્યું છે કે 'જીવન સંગ્રામમાં આવતી મુસીબતો સામે નીડરતાથી ટક્કર ઝીલતા શીખવે એ જ સાચી કેળવણી.' આજની શિક્ષણ પ્રથામાં આવું કશું જ નથી. દેશમાં પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધી બધા જ મોરચા પર શિક્ષણની ગુણવત્તાનું પતન થઈ રહ્યું છે. ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાના ઘટાડાના કારણે યુવાવર્ગની માર્કેટમાં વિકટ સ્થિતિ સર્જાતી જોવા મળે છે. તાજેતરનો દાખલો જોઈએ તો બિહારમાં ઉચ્ચ શ્રેણીમાં સફળતા હાંસલ કરનાર છાત્રોની અજ્ઞાનતાના છબરડા વિશે અન્ય રાજ્યોમાં ચર્ચાઓ થઈ હતી. આપણે ત્યાં નેવું ટકા જેટલા માર્કસ અને ઉચ્ચ ગ્રેડ મેળવનાર ઉચ્ચ શિક્ષણના છાત્રોને પાંચ પ્રશ્નો પૂછવામાં આવે તો એમાંથી ચાર ન આવડે, એવો અનુભવ કોર્પોરેટ જગતનો છે. ટેકનિકલ શિક્ષણમાં જે એન્જિનિયરોનો પગાર એક દાયકા અગાઉ રૂા. ૬૦ હજારથી શરૂ થતો હતો તે હાલે સરેરાશ ૨૦થી ૨૫ હજાર વચ્ચે અટકી પડ્યો છે. આનું કારણ શું? શિક્ષણની ગુણવત્તા દિન પ્રતિદિન નીચે જઈ રહી છે. **હકીકતમાં કેળવણીની સાથે અન્ય સ્કીલ જેમ કે સ્પોર્ટ્સ, સ્માર્ટનેસ, વિવિધ વિષયોનું વ્યવસ્થિત જ્ઞાન, ટાઇમનું મહત્ત્વ વગેરે પ્રત્યે ધ્યાન અપાતું નથી.** અમેરિકા જેવા દેશોમાં અભ્યાસની સાથે આ પ્રકારની બધી સ્કીલ શીખવવામાં આવે છે. જે વિદ્યાર્થીને તેની પ્રેક્ટિકલ લાઇફમાં ખૂબ જ ઉપયોગી થાય છે. આપણે ત્યાં સાચી અને વ્યવસ્થિત કેળવણીનો અભાવ વર્તાય છે. આ સ્થિતિના કારણે યુવાવર્ગ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. તેના પરિણામે શિક્ષણ ક્ષેત્રે કઇ દિશામાં જવું અથવા તો કઇ લાઇનમાં આગળ અભ્યાસ કરવો તે પ્રત્યે દ્વિધા અનુભવાતી હોય છે. આ કારણે પ્રતિ બે-ચાર વર્ષે અભ્યાસનું વલણ બદલાતું જોવા મળે છે. થોડા સમય અગાઉ સિવિલ એન્જિનિયરીંગનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. ત્યારબાદ મિકેનિકલનો ટ્રેન્ડ આવ્યો. સમયના સથવારે તેનો પણ ક્રેઝ ઓછો થયો અને કમ્પ્યુટર સાયન્સ, આઈ.ટી.નો વહેણ શરૂ થયો છે. આ રીતે જાણવા મળે છે કે છેલ્લા ત્રણ વર્ષથી કમ્પ્યુટર સાયન્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી (આઈ.ટી.), કોમ્યુનિકેશન મીડિયા તથા મેનેજમેન્ટ ક્ષેત્રે વિદ્યાર્થીઓની સંખ્યા ચારથી પાંચ ટકાના ધોરણે વધી છે. કેળવણીના બાકી અનેક ક્ષેત્રોમાં મોટી સંખ્યામાં બેઠકો ખાલી રહે છે. સ્ટાર્ટ-અપ અને ઓનલાઇન વર્કનું પ્રમાણ વધ્યું છે. જેથી કોમ્પ્યુટર સાયન્સ અને આઈ.ટી. ફિલ્ડની ડિમાન્ડ વધી છે. આ વિગત પાછળના કારણો તરફ દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે....

★ આવનાર સમયમાં સેક્ટરના બદલે સ્કીલ સ્પેસિફિક રહેશે.

★ સોશિયલ મીડિયાનો ક્રેઝ વધ્યો છે.

★ મોબાઈલ ઍપ ડેવલપ કરીને ઓનલાઇન વર્કનો ટ્રેન્ડ વધ્યો છે.

★ કમ્પ્યુટર આઈ.ટી.નો બિઝનેસ ઓછી સાધન સામગ્રી (Resources)માં પણ વિકસી શકે છે.

★ બાંધકામ ક્ષેત્રમાં છેલ્લા પાંચ-સાત વર્ષમાં ખૂબ તેજી આવી છે.

★ વિદેશમાં જઇને અભ્યાસ કરવા અર્થે કમ્પ્યુટર સાયન્સ અને આઈ.ટી.ની જરૂરિયાત રહે છે.

★ આનો અર્થ એવો નથી કે અન્ય લાઇનોની કેળવણી તદ્દન નીચે ગઈ છે. હકીકતમાં મધ્યમ અથવા તો શહેરથી દૂરની કૉલેજોમાં પ્લેસમેન્ટનો ઇસ્યુ રહે છે. કંપનીઓ ગમે ત્યાં ઍપ્રોચ કરતી નથી.

★ આપણે માલના ઉત્પાદનમાં હજુ પાછળ છીએ. એટલે આ સેક્ટરમાં મંદીનું વાતાવરણ જોવા મળે છે. સામાન્ય

રીતે કમ્પ્યુટર એન્જિનિયરીંગ રોજગારીની તકો વધુ છે. ડોલરમાં કમાણી કરવા માંગતા વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએશન વિદેશમાં કરતા હોય છે.

આપણે ત્યાં શિક્ષણ નીતિ પરત્વે ઘોર ઉદાસીનતા પ્રવર્તે છે. **વૈશ્વિક માહોલની સરખામણીએ ઘણા જૂના અભ્યાસક્રમોથી આપણું ઉચ્ચ શિક્ષણનું માળખું ઘડાયેલું છે. આમાં પાયાના ફેરફારોની આવશ્યક્તા છે. યુવાવર્ગની ઉજ્જવળ કારકિર્દી માટે આ જરૂરી છે.** આ સ્થિતિમાં યુવાવર્ગે આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા જાતે જ વિકસાવવા પડે છે. સ્થાનિક લેવલે સામાજિક અને કેળવણી સંસ્થાઓએ આ દિશામાં આગળ વધીને પોતાના યુવાધનને તેમની કારકિર્દી ઘડતરમાં પ્રોત્સાહિત કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ■

## વર્ષ ૨૦૧૮ : બાકી તહેવારોની યાદી

- તા. ૧૦-૧૦-૨૦૧૮, બુધવાર : **નવરાત્રિ પ્રારંભ**
- તા. ૧૮-૧૦-૨૦૧૮, ગુરુવાર : **વિજ્યાદશમી**
- તા. ૨૩/૨૪-૧૦-૨૦૧૮, મંગળ/બુધવાર : **શરદપૂનમ**
- તા. ૦૫-૧૧-૨૦૧૮, સોમવાર : **ધનતેરસ**
- તા. ૦૬-૧૧-૨૦૧૮, મંગળવાર : **કાળી ચૌદસ**
- તા. ૦૭-૧૧-૨૦૧૮, બુધવાર : **દિવાળી**
- તા. ૦૮-૧૧-૨૦૧૮, ગુરુવાર : **બેસતું વર્ષ**
- તા. ૦૯-૧૧-૨૦૧૮, શુક્રવાર : **ભાઈબીજ**
- તા. ૧૨-૧૧-૨૦૧૮, સોમવાર : **લાભ પાંચમ**
- તા. ૧૩-૧૧-૨૦૧૮, મંગળવાર : **દેવદિવાળી**



## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● સોમવાર, તા. ૮-૧૦-૨૦૧૮ સવારે ૧૧ થી ૧ | નવનીત મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મેડિકલ સેન્ટર | ફેફસાના રોગો માટેનો કેમ્પ. |
| ● રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૮ રાતે ૯ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | નવરાત્રિ રાસ-ગરબાનો કાર્યક્રમ. |
| ● શનિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૮ રાતે ૮.૩૦ વાગ્યાથી | બેઝમેન્ટ હોલ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | *'From Human being to Being Human'* સેમિનાર. વક્તા : શ્રીમતી પ્રાચી શાહ |
| ● શનિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૮ બપોરે ૪ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | 'દિવ્ય ભાસ્કર'ના કટાર લેખક શ્રી રાજ ભાસ્કરનું પ્રવચન. ડૉક્ટરશ્રીનું માર્ગદર્શન, હાઉસીની ગેમ. |
| ● ડિસેમ્બર ૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮ થી ધોરણ-૧૨માં ભણતા બાળકો માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ |
| ● તા. ૧૧-૧૨-૨૦૧૮થી તા. ૨૨-૧૨-૨૦૧૮ | શિખરજી, પંચતીર્થી ભાગલપુર, બનારસ | યુવા વિકાસ સમિતિ | સમેત શિખરજીની યાત્રાનું આયોજન. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

# YOUTH CLUB

Difficulties in your life, do not come to destroy you;

but to help you to realize your hidden potential and power.

"Don't wake up with the regret of what you couldn't accomplish yesterday. Wake up while thinking about what you will be able to achieve today."

We don't talk about trees getting older, We say they are 'growing'. Let's use the same term for ourselves, we are not getting older, we are just growing...!! That is the spirit of living...!!

You cannot touch the same water twice. Because, the flow that has passed will never pass again. Enjoy every moment of your Life.

There is a lot of difference between human being and being human.



God's plan is always the best. Sometimes the process is painful and hard but don't forget that when God is silent, he is doing something for you.

Nothing is permanent in the World, not even our troubles.

The most wasted day in life is the day in which we have not laughed.

Life is to enjoy with whatever you have with you, ***Keep Smiling...!***

One good friend is equal to one good medicine...!

*Likewise...*

One good group is equal to one full medical store!

Six best doctors in the World : Sunlight, Rest, Exercise, Diet, Self confidence and Friends.

Maintain them in all stages of life and enjoy healthy life!

## MADE FOR INDIA INNOVATIONS

*(Customers number millions in India but selling to Indians can be a real challenge. That's when global Companies Comeup with India inspired innovations.)*

### AMAZON

***APP REVAMP :*** Shifted focus from Apple to Android and stripped app of voice and image search, bringing down size from 17 MB to 2 MB for a market where most customers have small phones.

***SHOP FOR YOU*** Staff of Offline stores in tier 2 and 4 cities are trained to help customers shop on amazon.in and earn commission.

***QUICK START*** Tatkal is a studio-on-wheels to help sellers get online quickly by doing everything from registration to taking photos of merchandise.

***WHY?*** India is expected to have 500 million e-comm users by 2022, and Amazon and Flipkar – recently acquired by US giant Walmart – are in a race to win them as well as get India's 14 million shopkeepers online.

*મંઝીલે ઉન્હીંકો મિલતી હૈ*
*જિનકે સપનોં મેં જાન હોતી હૈ*
*યૂંહી પંખ હોને સે,*
*કુછ ભી નહીં હોતા*
*હોંસલો સે ઉડાન હોતી હૈ.*

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

## SMARTPHONES

***Here are the things you must not do with your handset...***

☞ **Don't plug in your earphone and listen to music while charging the phone.**

❖ It may lead to electrocution.

☞ **Don't overcharge your smartphone.**

❖ It may lead to overheating.

☞ **Don't sleep with you smartphones nearby.**

❖ There is medical debate that mobile devices interfere with brain signals, which effects peaceful sleep.

☞ **Avoid keeping your smartphones in the chest pocket of your shirt.**

❖ Because of health reasons.

☞ **Don't expose your smartphone to direct sun-light, especially while charging.**

❖ This may make the heating issue worse. The accepted temperature is usually zero to 45 Degree Centigrade.

☞ **Don't forget to remove the case while charging.**

❖ As cases restrict heat dissipation while charging.

☞ **Never use cheap adapters to charge your handset.**

❖ Fake and unbranded chargers pose one of the biggest risks.

☞ **Don't keep your phone unlocked.**

❖ Smartphones contain personal information and it is always recommended that you secure your smartphone by using either biometric authentication like your finger print or using tough password.

☞ **Don't download apps from unknown sources.**

❖ These apps not only steal your data but can also cause irrepairable damage to your smartphone.

## સફળતાનું સર્કલ

★ તમે હેરાન થાઓ છો એનો અર્થ એ નથી કે, તમારું નસીબ ખરાબ છે. એનો અર્થ એ છે કે, તમારો સ્વભાવ જરૂર કરતા વધારે સારો છે.

★ ભૂખ તો... સંબંધોને પણ... લાગે છે! બસ, લાગણીઓ... સ્વાદિષ્ટ હોવી જોઈએ.

★ ગામમાં લીમડા ઘટતા જાય છે અને ઘરમાં કડવાશ વધતી જાય છે! હોઠ પરથી 'સુગર' ઘટી છે ત્યારે તો લોહીમાં વધી છે!!

★ મને નથી ખબર કે હું એક સારો મિત્ર છું કે નહીં પણ મને એ ખબર છે કે મારી મિત્રતા જેમની સાથે છે તે બધા સારા મિત્રો છે.

★ એ સફળતાની નિસરણી શું કામની કે જેમાં માણસ તો ઉપર ચઢે છે પણ માણસાઈ નીચે ઉતરી જાય?!

★ સન્માન તમારું નહીં, તમારા સ્થાન અને સ્થિતિનું થાય છે.

★ બસ દિલ જીતવાનો જ હેતુ રાખજો કારણકે... દુનિયા જીતીને પણ સિકંદર ખાલી હાથે જ ગયો...

★ કોઈને 'સારા' લાગશો, કોઈને 'ખરાબ' લાગશો પરંતુ ચિંતાં ન કરશો, જેવા જેના વિચારો હોય છે... તેવા જ તેનાં 'મૂલ્યાંકન' હોય છે.




*જીએસટી : અત્યાર સુધી જોરશોરથી જીએસટીનો પ્રચાર કરનારાઓ પીછેહટની મુદ્રામાં આવી ગયા છે. જેમને સૌથી વધુ લાભ થશે એમ કહેવાયું હતું તે વેપારીઓને અત્યાર સુધી ભારે હાલાકી સહન કરવી પડી હોવાની ફરિયાદો દિવસા દિવસ વધી છે. સરકાર જે ચા પીવડાવવા માંગતી હતી તેના ઘુંટ કડવા નીકળી પડ્યા! તેને જ આધાર બનાવી કાર્ટુનિસ્ટ ઈરફાને પોતાની કલ્પનાનુસાર પ્રશ્ન પર પ્રહાર કર્યો છે. અહીં તેમણે જીએસટીમાંના 'ટી'ને ચાના સંદર્ભમાં મૂકીને ચમત્કારિક પરિચય આપ્યો છે.*

પ્રાસંગિક

### ૧લી ઓક્ટોબર : વિશ્વ વયસ્ક દિન

# વયસ્કોને સમસ્યા નહીં – સમાધાન સમજો



શંકર ન. ઠક્કર

ઉત્તરાવસ્થા એટલે માનવીની જિંદગીનો આખરી પડાવ. આ પડાવમાં માનવી પાસે લાંબી જિંદગીની તડકી છાંયડીમાંથી મળેલ બૌધ્ધિક અનુભવ, પરિપક્વતા, જ્ઞાન અને કૌશલ્યની ઉજળી બાજુ હોય છે અને તે સાથે ઘણીવાર શારીરિક, માનસિક દૌર્બલ્ય, આર્થિક મંદતા, નિવૃત્તિના કારણે પગપેસારો કરી રહેલા ખાલીપા સાથે વેદના, વ્યથા અને વ્યગ્રતા પણ વણાયેલા હોય છે. શ્રમિત જિંદગી જ્યારે સુખ, શાંતિ અને સંતોષને ઝંખતી હોય છે ત્યારે કેટલીકવાર એથી વિપરીત સ્થિતિ બારણે ટકોરા મારતી હોય છે.

આ સ્થિતિમાં વયસ્કના જીવનનું જતન, સંવેદનાસહ સારસંભાળ અગ્રસ્થાને રહે છે અને એટલે જ ભારતીય બંધારણમાં આ પરત્વે વિવિધ પ્રાવધાનો કરવામાં આવ્યા છે. **ભાતીગળ ભોમકા ભારતનાં પ્રાચીન સંસ્કાર અને સંસ્કૃતિમાં માતૃદેવો ભવ, પિતૃદેવો ભવની ધરોહર ઉજાગર થયેલી છે.** પરિવારનાં ઉદ્ભવ, ઉત્થાન અને ઉત્કર્ષમાં તેમજ સંતાનનાં સુખના સારથીના રૂપમાં માતા-પિતાની ભૂમિકા અભિન્ન અને અજોડ રહી છે. **વડીલોના ઘડપણમાં માવજત અને સુખ શાંતિ અને સંતોષની નૈતિક જવાબદારી સંતાનોના શિરે રહેલી છે.**

આ રીતે સરકાર, સમાજ અને પરિવારના પરિપ્રેક્ષ્યમાં જોવા જઈએ તો વડીલો જીવ્યા હોય એથી પણ વધુ સુખ, શાંતિ, સુવિધા અને સંતોષની જિંદગી માણી શકવા શક્યતાઓ રહેલી છે પરંતુ ઘણીવાર એથી વિપરીત સ્થિતિ પણ હોય છે. આમાં ખાટલે મોટી ખોટ એ હોય છે કે કેમાં સંવેદનાનો શૂન્યાવકાશ હોય છે. ઘણી વખત વડીલોનાં અપમાન થતા હોય, એમને તિરસ્કારવામાં આવતા હોય, ત્રાસ આપવામાં આવતો હોય, એમની મિલ્કત હડપ કરવા દાવપેચ લડાતા હોય અને કવચિત સંતાનો દ્વારા મારકૂટ પણ થતી હોય એવા કિસ્સા વિવિધ એજન્સીઓ અને સંગઠનો દ્વારા કરવામાં આવતા સર્વેક્ષણમાં સપાટી પર આવતા હોય છે. પરિવારની આબરૂના હિતમાં વડીલો આવા એડલ્ટ એબ્યુઝને મૂંગે મોઢે બહુધા સહન પણ કરી લેતા હોય છે.

**આંકડાકીય રીતે જોઈએ તો વિશ્વમાં વયસ્કોની સહુથી વધુ વસતિ ચીનમાં છે જે ૧૩ કરોડ આસપાસની છે અને દ્વિતીય ક્રમે ભારત છે જ્યાં વયસ્કોની વસતિ ૧૧ કરોડની આસપાસની ગણાય છે.** આટલા મોટા જનસમુદાયનાં ઉત્કર્ષ માટે જનજાગૃતિની પરમ આવશ્યક્તા છે.

પ્રાથમિક રીતે જોઈએ તો વયસ્કો પ્રત્યેનાં અભિગમમાં બદલાવની જ જરૂર છે. ઔદ્યોગિકીકરણને લીધે પુનઃવસનની સમસ્યા ભૌતિકના ભરડાની ભમરાળ અને **પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સંસ્કારનાં આંધળા અનુકરણ અને અનુસરણને કારણે વયસ્કો બોજ સમાન લાગવા લાગ્યા છે.** પરિવારની વ્યાખ્યા જ જાણે બદલાઈ ગઈ છે! પરિવાર એટલે અમે બે, અમારા એક કે બે. પરિવારમાં જ્યાં દાદા-દાદીની જ બાદબાકી થતી રહી છે ત્યારે કાકા-કાકી કે ફઈને ક્યાં સ્થાન હોય? સંયુક્ત પરિવાર પ્રથા, એ પ્રાચીન ભારતની આપણી ધરોહર છે. તેનાં પર વજ્રપ્રહાર થતા રહ્યા છે. વડીલોને હવે વડલાની છાયા કે પરિવારની અસ્ક્યામત ગણવામાં ઓછા આવે છે અને એમને સમસ્યા અને બોજારૂપ વધુ ગણવામાં આવે છે. વયસ્કોની સને ૧૯૯૯ની રાષ્ટ્રીય નીતિમાં વયસ્કોને રાષ્ટ્ર અને સમાજનાં સંચિત માનવ શક્તિ સ્રોત ગણવામાં આવ્યા છે પરંતુ બે દાયકા બાદ પણ એમનાં બૌધ્ધિક અનુભવ અને સામર્થ્યને રાષ્ટ્ર અને સમાજનાં ઉત્થાન અને ઉત્કર્ષમાં સહભાગી કરવા સર્વગ્રાહી કાર્ય આયોજન થયું નથી ત્યારે શબ્દોના શણગારથી એમને વિભૂષિત કરવામાં આવે છે પરંતુ સંવેદનાની સક્રિયતાની ઉણપ વર્તાતી જોવામાં આવે છે.

ઉપયોગ કર્યા વિના જ વયસ્કોને બિનઉપયોગી ગણી લેવામાં આવે છે. આ પરત્વે એક વિદ્વાન સંતે યથાર્થ જ કહ્યું છે કે : ***"Elders are not Useless but they are Used Less."***

સંક્ષિપ્તમાં સાર એટલો જ છે કે સ્વસ્થ સમાજ વ્યવસ્થાનાં સંતુલન માટે વયસ્કોને ઉપયોગી થવાની અને એમનો ઉપયોગ કરવાની અનિવાર્યતા છે. વયસ્કોની આર્થિક મંદતા, તબીબી વિષયક વિટંબણાઓ, માનસિક ખાલીપો અને પારિવારિક હૂંફની અભિપ્સા પૂરી કરવા સંપૂર્ણ સક્રિયતા સાથેની સંવેદનાથી ઉપયોગી થવાની અનિવાર્યતા છે. તે સાથે એમની નિષ્ક્રિયતાને નાથવા, સક્રિયતાને સફળ બનાવવા અને એમની વૈવિધ્યસભર કાબેલિયતને મોકળું મેદાન મળે તે રીતે ઉજાગર કરવાથી, વયસ્કોને સમસ્યાના રૂપમાં નહીં પરંતુ સમાધાનના દૃષ્ટિકોણથી નિહાળવાથી આપણા સંસ્કારોનું જતન થશે અને વયસ્કો પ્રત્યેનું ઋણ અદા કરવાનો સંતોષ સંપ્રાપ્ત થશે. એમના પ્રત્યે સહિષ્ણુ અને સંવેદન થવાની અનિવાર્યતા છે.

*૪૦૩, અંજલિ ટાવર, હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ.*
*મો. ૯૨૬૫૮૨૭૦૦૮, ૯૪૨૬૭૮૮૭૯૫*

સ્વચ્છતા અભિયાન

# સ્વચ્છ ભારત મિશનમાં આપણું યોગદાન



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂ. બાપુ અર્થાત્ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨જી ઓક્ટોબરથી દેશવ્યાપી એક સવિશિષ્ટ અભિયાનની શરૂઆત કરી છે. **વર્ષ ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ સુધીમાં દેશને ગંદકીથી મુક્તિ અપાવવાની હાકલ તેમણે દેશવાસીઓને કરી છે.** આ અનેરો સંકલ્પ મોદીજીએ ૨ ઓક્ટોબર, ૨૦૧૪ના શુભ દિને કર્યો. વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને જન જનના સમર્થનની તાકાત પ્રાપ્ત થવા પામી છે.

- **સ્વચ્છ ગુજરાત માટે પ્રતિબધ્ધ ગુજરાત**

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના મહાત્મા ગાંધીજીના જીવનમંત્રને સાકાર કરવાના ધ્યેય સાથે તેને મૂર્તિમંત કરવા ગુજરાતે વર્ષ ૨૦૦૯થી નિર્મળ ગુજરાત અભિયાન શરૂ કર્યું. જેને અતિ આવકારદાયક પ્રતિસાદ સાંપડ્યો. રાજ્યમાં તા. ૨૬-૨-૨૦૧૪થી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનના અમલીકરણ અંતર્ગત ગુજરાત રાજ્યને ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુક્ત કરવા તથા દરેક શહેરોને "ઝીરો વેસ્ટ" શહેર બનાવવાનો નિર્ધાર કર્યો. કચરાનું સુવ્યવસ્થિત ઢબે એકત્રીકરણ તથા વૈજ્ઞાનિક ઢબે કચરાનો ઉપયોગ, રી-સાઈકલિંગ પ્રક્રિયા કે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે પ્રગતિ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયાનું ફેઝવાઈઝ પ્લાનિંગ હાથ ધરાયું છે.

- **ફેઝવાઇઝ પ્લાનિંગ જાણીએ :**

પ્રથમ ફેઝમાં જાહેર સ્થળો, જાહેર કચેરીઓની સફાઇ, રેકર્ડનું સુયોગ્ય વર્ગીકરણ, ડ્રેનેજ, વોટર સિસ્ટમ, પ્લાનિંગ જેવા વિષયને અગ્રીમતા - સ્વચ્છતા માટે લોકોમાં જાગૃતિ કેળવવા શિક્ષણ - સંચાર પ્રવૃત્તિ આદરવી. દ્વિતીય ફેઝમાં મીડિયમ ટર્મ પ્લાનિંગ ટોઈલેટોના નિર્માણ, વેસ્ટ કલેક્શન સિસ્ટમને સંસ્થાગત બનાવવી. લોંગ ટર્ન પ્લાનિંગમાં ઘન તેમજ પ્રવાહી કચરાનું કાયમી મેનેજમેન્ટ, સોશિયલ મીડિયાના માધ્યમો દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને લોકો સુધી પહોંચાડવું.

- **નકારાત્મક વિચારોને તિલાંજલિ :**

આપણા અસંખ્ય કાર્યો એવા છે કે જેમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું રહ્યું. જ્યારે સ્વચ્છતાનું મહત્ત્વ સમજાશે ત્યારે આપોઆપ આ સ્વચ્છતા મિશનમાં લોકો જોડાઈ જશે, સહકાર આપશે. સ્વયં સહકાર તો આપશે, અન્યોને પણ સ્વચ્છતા જાળવવા સમજાવશે. **આપણી નિર્બળતા છે કે "મારા એકલાથી શું થશે?" આવા નકારાત્મક વિચારો હાનિકારક છે, ત્યજવા જરૂરી છે.**

- **ગંદકી ફેલાવતી આપણી રીત રસમો :**

આપણને એક એવી ટેવ પડી ગઈ છે કે વર્ષોની એક આદત છે : ફળિયા કે મહોલ્લામાં જ્યાં ત્યાં થુંકવાની - રસ્તે ચાલતા રસ્તા પર થૂંકવું, ગળફા કાઢવા, રસ્તા પર પેશાબ કરવો, રસ્તા પર કચરો ફેંકવો, નાના બાળકોને જાજરૂ કરાવવા રસ્તાના ખૂણે બેસાડવા, પાનની કે તમાકુ - ગુટખાની પીચકારીઓ મારવી. આ ખૂબ જ ગંભીર બાબત છે. માખીઓ, મચ્છરોનો આ ખોરાક છે, જે ગંદકી પ્રસરાવે છે.

- **આપણી ગેરસમજો ત્યજીએ :**

ગેરસમજ એટલે અજ્ઞાનતાવશ પોતે કેળવેલી ખોટી માન્યતા. લોકો એમ સમજે છે કે મારા સિવાય બધા જ ગંદકી ફેલાવે છે. કચરો ઉપાડવાની જવાબદારી શું મારી છે? સફાઈ કરવાનું કામ નીચલા દરજ્જાનું છે. સફાઈ કરવાથી મારી માનહાનિ થશે. આવું તો આગળથી ચાલ્યું આવે છે. મારા જીવનમાં સફાઈ માટે સમય જ ક્યાં છે? હું એકલો આટલી બધી સ્વચ્છઓ માટે શું કરી શકું?

- **મુસાફરીઓ દરમ્યાન ગંદકીનો ફેલાવો :**

વાહનોમાં મુસાફરી સમયે અર્થાત્ કાર, બસ, ટ્રેન દ્વારા મુસાફરી સમયે લોકો બારીમાંથી પાણી પીધા બાદ પ્લાસ્ટિકની ખાલી બોટલો, પ્લાસ્ટિકની ડિશો, ચમચીઓ રસ્તા પર અચૂક ફેંકે છે. વધેલા નાસ્તાના પડીકા, ગુટખા-પાન મસાલાના રેપર ફેંકે છે. કેળા, સંતરા, મોસંબીની છાલ રસ્તા પર ફેંકે છે. ટ્રેનમાં ટોઈલેટમાં પાણી રેડી સાફ ન કરવાની આળસ, વોશ બેઝિનમાં નળને ઉઘાડા રાખવા જેવી હરકતો સ્વાભાવિક બની ગઈ છે. જળયાત્રા દરમ્યાન પણ આવો કચરો જળમાં જ પધરાવીએ છીએ. પવિત્ર નદી કિનારે પૂજાનો સામાન પધરાવીએ છીએ.

● **પર્યટન સ્થળોને ગંદકીથી બાનમાં લેવાનું અયોગ્ય :**

પર્યટન સ્થળોમાં પણ આપણે સ્વચ્છતાનું ભાન રાખતા નથી. ખાધા ખોરાકીની ચીજવસ્તુઓ જ્યાં ત્યાં ખાધા પછી ફેંકવી, બીડી-સિગારેટના ઠુંઠા જ્યાં ત્યાં આડેધડ ફેંકવા, પીચકારીઓ મારવી, પ્લાસ્ટિકના વપરાયેલા ગ્લાસ, પાણીના પાઉચ ફેંકવા સામાન્ય બની ગયું છે. પર્યટકોએ આ પ્લાસ્ટિકની વધેલી વસ્તુઓ કચરાપેટીમાં પધરાવવા ભરી લેવી જોઈએ. સ્કૂલ - કૉલેજના વિદ્યાર્થીઓને આવી શીખ આપવી જોઈએ.

● **ગંદકી નિવારવા આપણું પગલું :**

આપણને સ્વચ્છતા વિશેની સમજણ પરિવારના મોવડીઓ, વડીલો પ્રથમ આપી શકે. ઘરમાં જ કચરાના ત્વરિત નિકાલ, યોગ્ય નિકાલની વ્યવસ્થા, બાથરૂમ ટોઈલેટની સફાઈ અંગે પૂરતી તકેદારીથી સ્વચ્છતાનો પ્રારંભ આવકાર્ય છે. **આપણા વિસ્તારો માટે સ્વચ્છતા જાળવવા સ્વચ્છતા સમિતિની રચના થવી આવશ્યક છે. શ્રમદાનનું મહાત્મ્ય સમજવું - સમજાવવું જરૂરી છે.**

ગંદકી ફેલાવવા બદલ આપણું કોઈ ધ્યાન દોરે તેને વધાવી લેવી જોઈએ. વિવેકપૂર્ણ વાણીથી આપણી ભૂલો દર્શાવનારને પ્રોત્સાહિત કરી શકાય.

**પશુપાલકોને પણ પશુઓના સ્થાનોને ગંદકી મુક્ત રાખવા સમજાવવા એ નાગરિક ધર્મ છે.** ગાંધીજીના સ્વપ્નોનું ભારત માત્ર આઝાદ ભારત જ નહીં, સ્વચ્છ ભારત છે. એ માટે હું પ્રતિબધ્ધ રહીશ તેવો દ્રઢ સંકલ્પ પ્રત્યેક નાગરિક કરી સ્વચ્છતા તરફ ગતિમાન થાય, એ આજે સમયની માંગ છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લાઈન,*
*સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*સમગ્ર સૃષ્ટિ નિયમોને આધીન છે. સૂરજ, ચંદ્ર ઋતુઓ બધું જ નિયમો મુજબ લાખો વર્ષોથી ચાલે છે. સવારે પૂર્વ દિશામાં ઊગતો સૂરજ કદીયે મિનિટ મોડો, કે ક્યારેક પશ્ચિમ દિશામાં ઊગ્યો છે ખરો? કોઈ વર્ષે શિયાળાની ઋતુ મે, જૂન મહિનાઓમાં આવેલી સાંભળી છે? નિયમોનું પાલન કરનાર વ્યક્તિ કદી મૂંઝાતી નથી, કે ચિંતા-તનાવમાં ડૂબી જઈ ભયભીત પણ બનતી નથી. સુખ, સમૃદ્ધિ, શાંતિ અને પ્રસન્નતા નિયમાધીન માણસને સહજ અને સરળ રીતે પ્રાપ્ત થાય છે.*

*છતાં નિયમોનું કેવળ યંત્રવત્ કે જડતાપૂર્વક પાલન કરવાનું ન સ્વીકારશો, કેમ કે તેમ કરવાથી આપણી વ્યક્તિગત વિશિષ્ટતા અને ચેતના હણાઈ જાય છે.* ***Rules are to be observed in spirit and not in letters.***

*('અવતરણ-મધુ' માંથી, લે. ડો. મોહનભાઈ પંચાલ)*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

વિચારમંચ

# માણસના વ્યક્તિત્વની કેટલીક રસપ્રદ વાતો



ડૉ. યાસીન દલાલ

આપણે કોઈ મુદ્દા ઉપર મિત્ર સાથે વાતચીત કરતા હોઈએ, ત્યારે કોઈ વ્યક્તિનો નામોલ્લેખ થાય, ત્યારે એકાએક જ કોઈ બોલી ઊઠે છે, 'માણસ બહુ સારો હોં...' અથવા ક્યારેક બીજી કોઈ વ્યક્તિ વિશે કોઈ બોલશે, 'માણસ સાવ નકામો.' **કોઈ માણસ સારો છે કે ખરાબ છે એ માપવાનું શું બેરોમીટર આવે છે?** શા માટે આપણે વાતવાતમાં કોઈ માણસ વિશે, કોઈ સંદર્ભ વિના, કોઈએ પૂછ્યું નહીં હોવા છતાં આવા અભિપ્રાયો અને જજમેન્ટ જેવા વાક્યોની ફેંકાફેંકી કરીએ છીએ? કોઈ માણસ અત્યંત સારો છે અથવા અત્યંત ખરાબ છે, નકામો છે, બોગસ છે, એવા આખરી ચુકાદા આપનાર આપણે કોણ? પણ, છતાં આપણે જીભને કાબૂમાં રાખી શકતા નથી. કોઈ ચોક્કસ અનુભવ, કોઈ ચોક્કસ પ્રસંગ, કોઈ ચોક્કસ ઘટનાના સંદર્ભે, આપણે એ મુદ્દા પૂરતું માણસની ટીકા કરીએ કે આપણી એના વિશેની છાપ જાહેરમાં કરીએ, એ બરોબર, પણ આખેઆખો એ માણસ સાવ જ ખરાબ, નકામો, દુષ્ટ, બદમાશ છે, એવું કહીએ છીએ, ત્યારે આપણે કદાચ પેલાને અન્યાય કરી બેસીએ છીએ. આ આખી ચેષ્ટા જ અનધિકૃત છે. કોઈ માણસ સંપૂર્ણ સારો કે સંપૂર્ણ ખરાબ હોય છે ખરો? અને માણસ સારો છે કે ખરાબ, એના વિશે અભિપ્રાય ઉચ્ચારવાની આખી વાત પણ શું સાપેક્ષ નથી? એક વ્યક્તિને એક માણસ તદ્દન નકામો લાગે, બીજાને અત્યંત સારો લાગશે!

નેપોલિયન હિલ જેવાએ એક વાત બહુ સારી કરી છે. **આપણે પોતે બરોબર અને સારા હોઈએ તો આપણને દુનિયા પણ બરોબર જ લાગવાની!** આપણે જાતને ઓળખીએ એટલે જાણે દુનિયાને ઓળખી લીધી. 'જો માણસ યોગ્ય હશે તો, એનું વિશ્વ પણ યોગ્ય હશે.' એ એક સરસ દાખલો આપે છે : એક પાદરી એકવાર પોતાના ભાષણની તૈયારી કરતો હતો. ઘરમાં પત્ની હતી નહીં અને બાબો તોફાન અને ઘોંઘાટ કરીને હેરાન કરતો હતો. પાદરીને એક વિચાર આવ્યો. એના હાથમાં છાપું હતું અને છાપામાં એક આખું પાનું ભરીને દુનિયાનો નકશો છાપ્યો હતો. પાદરીએ એ નકશાના ટુકડે ટુકડા કરી નાખ્યા અને દીકરાના હાથમાં મૂકતા કહ્યું, 'જો આ નકશાને ફરીથી જોડી દે, તો તને ઇનામ આપીશ.' બાપને એમ કે નકશો જોડતાં દીકરો ગુંચવાઈ જશે અને એને લખવા માટે સમય મળી જશે. પણ, આશ્ચર્ય વચ્ચે દીકરો દસ મિનિટમાં પાછો આવ્યો. બાપને આશ્ચર્ય થયું કે, આવડો નકશો કઈ રીતે જોડ્યો? દીકરાએ કહ્યું, 'તમે આપેલા નકશાની પાછળ જ માણસનું ચિત્ર હતું. પૃથ્વીના નકશા કરતાં માણસના ચહેરાને જોડવાનું કામ ખૂબ સહેલું હતું. મેં ચિત્ર ઉલટાવી નાખ્યું અને માણસને જોડી દીધો. માણસને જોડ્યો એટલે દુનિયા આપોઆપ જોડાઈ ગઈ.' બાપને એ દિવસના ભાષણનો વિષય પણ મળી ગયો.

**માણસ એવું પ્રાણી છે, જેનું વ્યક્તિત્વ ભાગ્યે જ પારદર્શક હોય છે, બહાર જ દેખાતું હોય એ તો બાહ્ય આવરણ જ હોય. એની અંદર જાવ, એટલે જુદી જ સૃષ્ટિ જોવા મળે.** પછી એની અંદર જાવ, વધુ એક આવરણ ખેંચો, એમ અંદર ઊતરતા જ જાવ, પણ ગમે એટલી ડૂબકીઓ માર્યા પછી પણ તમને એનો પૂરો તાગ ન મળે.

ક્યારેક આપણે સામા માણસને એવા ગુણો આટોપી દઈએ છીએ અને એની પાસેથી એવા ઉમદા ગુણોની અપેક્ષા રાખીએ છીએ જે એનામાં છે જ નહીં! પછી આપણે જ દુઃખી થવાનો વારો આવે છે. હંમેશાં સાચું બોલનાર, વચન નિભાવનાર, સંવેદનશીલ, માણસ જ્યારે બીજા લોકો પાસેથી એના વચનપાલન અને નિષ્ઠાને બદલે જૂઠ, છળકપટ અને સ્વાર્થ મેળવે છે ત્યારે દુઃખી દુઃખી થઈ જાય છે. પણ જો માણસે જિંદગીભર લોકોને છેતરવાનો, જૂઠાં વચનો આપીને ભોળવવાનો જ ધંધો કર્યો હોય, એની પાસેથી તમે વફાદારીની અપેક્ષા રાખો, એ તમારી કમજોરી છે. આવું થાય ત્યારે આપણે કહીએ છીએ, 'હું એને ઓળખી ન શક્યો.' પણ પેલી વ્યક્તિ તો આપણને પહેલેથી જ ઓળખી ગઈ હોય છે. એને ખબર છે કે, આ વ્યક્તિ પાસેથી કેમ કામ કઢાવી શકાય. પરિણામે, તમારી પારદર્શકતા અને નિખાલસતા જ તમારી દુશ્મન બની જાય છે. આંટીઘૂંટીવાળા માણસો હંમેશાં આવા પારદર્શક વ્યક્તિને જાળમાં લઈને પોતાનું કામ કઢાવી જાય છે. પછી, એને ઘરમાં બધા સલાહ આપે છે કે, હવેથી માણસને બરોબર ઓળખીને આગળ વધજો, જેથી છેતરાવ નહીં.'

તો શું એકાદવાર છેતરપિંડીનો અનુભવ થાય એટલે આપણે માણસ તરફ સાવ નકારાત્મક અભિગમ અપનાવીને બધાને

શંકાસ્પદ નજરથી જોવાનું ચાલું કરવું? કોઈને પણ કશી મદદ કરવાનું બંધ કરી દેવાનું? હું એક એવા માણસને ઓળખું છું જેને દુનિયાની બધી જ પ્રવૃત્તિમાં કોઈને કોઈ કાવતરું કે ષડયંત્ર જ દેખાય છે! 'અ' નામનો માણસ 'બ' નામના બેરોજગાર માણસને નોકરી અપાવશે, તો એ કહેશે 'આમાં જરૂર એનું કોઈ ઊંડું કાવતરું છે. પહેલાં નોકરી આપીને એને ઉપકાર હેઠળ મૂકી દીધો. હવે એ પોતાનું કામ કઢાવી લેશે.' આવી વાંકદેખી અને નકારાત્મક કાવતરાંદેખુ વ્યક્તિને કોઈ ઉગારી શકે નહીં. એને પોતાની પત્ની કે બાળક ઉપર પણ ભરોસો નહીં હોય. પણ, આપણે આવી વ્યક્તિને આદર્શ તરીકે લઈને ચાલીએ તો દુનિયા રસાતાળ જાય તેમ કોઈને વિના સ્વાર્થ નાનકડી મદદનો હાથ લંબાવો ત્યાં આવા વાંકદેખુઓ વચ્ચે આવશે ને તમને જાતજાતની સલાહ આપશે. પણ એને અવગણીને છેતરપિંડીનો ભય વહોરીને પણ માણસની મદદે ધાવામાં એક મજા છે. 'સામો માણસ મને છેતરશે તો નહીં ને?' એવા કાલ્પનિક ભયના ઓથાર નીચે જીવીએ તો જીવનમાં કશું હકારાત્મક કરી જ ન શકીએ. આપણું આખું વ્યક્તિત્વ નકારાત્મક બની જાય. અનેકવાર છેતરાયા પછી પણ, વધુ એક છેતરપિંડીનું જોખમ ઉઠાવવું જ જોઈએ. છેતરીને સામો માણસ આપણું શું લઈ જાય છે?

હું કોઈને એકસો રૂપિયા ઉછીના આપું. પેલો માણસ એક મહિનામાં પૈસા પાછા આપવાની ખાતરી આપે અને પછી વચનભંગ કરે, પૈસા ન આપે. **આમાં મારા તો માત્ર સો રૂપિયા ગયા, પણ પેલા માણસની તો અમૂલ્ય આબરું જતી રહી.** મારા મનમાંથી એનું સ્થાન ઉતરી ગયું. આવું બે-પાંચ જણ સાથે એ કરે એટલે એની આખી છાપ જ બગડી જવાની. આ ઓછું નુકસાન છે? આમાં કોણે વધુ ગુમાવ્યું? ખરેખર તો, માણસને માપવા માટેનો આ બહુ સસ્તો સોદો ગણાય. પત્તાની રમતમાં માણસ જેમ એક પછી એક દાવ ઉતરે અને પછી અંતે થોડા પૈસા મૂકીને 'શો' કરાવે, એમ આ એક જાતનો 'શો' છે. પચાસ રૂપિયા આપતા માણસના વ્યક્તિત્વનો 'શો' થઈ જતો હતો તો શું વાંધો?

હાઈડ્રોજન અને ઓક્સિજનને એકઠા કરીએ એટલે એમાંથી પાણી જ બને. વાલ્વ, ડાયોડ અને સિલિકોન ભેગા કરીએ એટલે રેડિયો અને ટી.વી. બને જ બને. સ્વીચ દબાવો એટલે અજવાળું થાય જ. **પણ, બે માણસને ભેગા કરો એટલે એ કઈ રીતે વર્તશે, એ કદી કોઈ કહી શકે નહીં.** અથવા કયા ચોક્કસ સંજોગોમાં, ચોક્કસ માણસ કઈ રીતે વર્તશે એની આપણને કલ્પના જ કરવાની રહે છે અને એ કલ્પના ઘણીવાર સાવ જ ખોટી પણ ઠરે છે. માણસના મનમાં શું છે અને ચહેરા પર શું છે, એનો ભેદ કોઈ પારખી શક્યું નથી. રાજકારણથી માંડીને ધંધા-વ્યવસાયમાં આમ કરાય અને આમ ન કરાય, એની જાતજાતની તરકીબો ભણાવીને સીધા સાદા માણસને ખટપટી બનાવી દેવાયો છે.

**માણસે દુનિયાને બદલવી હોય તો પ્રારંભ પોતાની જાતથી કરવો જોઈએ. આત્મપરીક્ષણ કરીને પોતાની ભૂલો શોધી કાઢે, એ માણસ બીજાનું પરીક્ષણ કરવા માટે સક્ષમ ગણાય.** પણ, ત્યાં જ માણસ થાપ ખાઈ જાય છે. આખી દુનિયાની બેફામ, બેધડક ટીકા કરતા રહેતા માણસને એની પોતાની નાનકડી ભૂલ બતાવો એટલે એ ચોંકી ઊઠશે. 'હું તે કદી ભૂલ કરું?' એવો એનો પ્રત્યાઘાત હશે.

આ 'સબ્જેક્ટિવિટી' માણસની સૌથી મોટી દુશ્મન છે. **આપણે બીજાની વાત કરીએ ત્યારે આપણા માપદંડ જુદા હોય છે અને આપણી જાતની વાત આવે ત્યારે આપણે જુદી જ ફૂટપટ્ટી વાપરીએ છીએ.** આપણે ભૂલી જઈએ છીએ કે આપણે જેમ બીજાનું માપ કાઢીએ છીએ તેમ બીજા લોકો પણ આપણું બરોબર નિરીક્ષણ કરતા હોય છે.

માણસને કેન્દ્રમાં રાખ્યો હોય, એવી એક જ ફિલસૂફી વિશ્વમાં છે અને તે ભારતીય વિદ્વાને આપી છે. એનું નામ એમ.એન. હોય અને એની વિચારધારાનું નામ છે, નવમાનવવાદ! પણ, આપણે હિંદુ-મુસ્લિમ અને સવર્ણ - પછાતના ઘોંઘાટમાં માનવવાદનો સૂરીલો સ્વર ભૂલી ગયા છીએ. પરિણામે માણસના કલ્યાણને નામે જ એની સાથે મોટી છેતરપિંડી થાય છે. માણસની ઉધ્ધારની વાત કરવી, એ જ એક મોટું સ્થાપિત હિત બની ગયું છે. **માણસને બિચારાને ઉપદેશ આપીને, ભય બતાવીને, લાલચના ફળ લટકાવીને, પામર, બીચારો અને પાંગળો બનાવી દેવાયો છે.** એ બૌદ્ધિક ન બને, એની સ્વતંત્ર વિચારશક્તિ ખીલે નહીં અને વૈચારિક રીતે સતત પરાધીન રહે એવાં બધાં કાવતરાં ચાલી રહ્યાં છે. આ ગૂંચવાડામાં માણસ કાં સાવ ભોળો ભોટ બનીને બહાર આવે અને કાં એકદમ નકારાત્મક સંશયવાદી બની જાય. બહુ ઓછા માણસો તટસ્થ, નિરપેક્ષ અને નિર્લેપ હોય છે. 'ઓબ્જેક્ટિવિટી' એ આજે અછતની સામગ્રી છે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*


MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

મધુર જીવન

# મધુર હોસ્પિટલ ગીતા!



હરેશ ધોળકિયા

નવલકથા લખવાના અનેક હેતુ હોઈ શકે. મોટાભાગે તો મનોરંજન જ હોય. પણ ક્યારેક તેમાં કોઈ વિચાર, ઈતિહાસ, ઘટના, પ્રેરણા વગેરે પણ આવી શકે છે. પ્રેરણાત્મક નવલકથાઓ પણ ખૂબ લખાય છે. આપણે ત્યાં તો ઓછી લખાય છે, પણ પશ્ચિમમાં વધારે લખાય છે. મેડિકલ નવલકથા પણ લખાય છે. તેમાં માહિતી પણ હોય કે રહસ્યકથા પણ હોય. મેડિકલ હોય છતાં કૌટુંબિક પણ હોય અને પ્રેરણાત્મક પણ હોય એવી નવલકથા બહુ ઓછી હોય છે.

હમણાં (૨૦૧૮) એક એવી નવલકથા પ્રકાશિત થઈ છે. તેના લેખક નવા હોય તેવું લાગે છે. નામ છે યોગેશ જોશી. આમ તો યોગેશ જોશી એક સિધ્ધહસ્ત નવલકથાકાર છે, પણ આ યોગેશભાઈ એ યોગેશભાઈ હોય તેવું નથી લાગતું. પેલા તો ગાંધીનગર બાજુના છે, પણ આ તો જૂનાગઢના છે. જે હોય તે, પણ તેમણે એક સરસ નવલકથા આપી છે. તેનું નામ છે "પચાસમે પગથિયે."

વાર્તા સાદી છે. પરીક્ષિત નામના પાત્રને કિડનીની સમસ્યા ઊભી થાય છે. તેને કિડની બદલાવવી પડે તેવી સ્થિતિ ઊભી થાય છે. તેની પત્ની મૈત્રી તેને કિડની આપવા તૈયાર થાય છે. બંને અમદાવાદમાં જાણીતા કિડની નિષ્ણાત ડૉ. ત્રિવેદીની હોસ્પિટલમાં જાય છે. પ્રથમ સારવાર કરાવે છે. પછી મૈત્રીની કિડની પરીક્ષિતમાં પ્રત્યારોપિત કરાય છે અને તે સ્વસ્થ થઈ જાય છે. છેલ્લે બંને વતન પાછા ફરે છે.

આ નવલકથાની એક વિશિષ્ટતા એ છે કે આ કોઈ કલ્પનાત્મક નવલકથા નથી. લેખક યોગેશભાઈની જ કથા છે. ૨૦૧૦માં તે પચાસ વર્ષના થયા ત્યારે તેમને જ આ સમસ્યા ઊભી થઈ હતી. તેમનાં જ પત્ની પારૂલબહેને પોતાની કિડની આપવાની તૈયારી બતાવેલ અને ડૉ. ત્રિવેદી પાસે જ સારવાર લઇ ત્યાં જ કિડની આપી હતી. એટલે નવલકથાનાં મુખ્ય પાત્રો પરીક્ષિત અને મૈત્રી સાચા છે. ઉપરાંત હોસ્પિટલના પાત્રો – માધવ રામાનુજ, ડૉ. ત્રિવેદી અને બીજા ડૉક્ટરો પણ સાચા જ છે. એટલે આ નવલકથા એક આત્મકથાનક નવલકથા છે. તેમાં થોડી કલ્પના અલબત્ત ઉમેરી હશે, પણ મોટાભાગે તો સત્ય ઘટના જ છે.

નવલકથાને બે ભાગમાં વહેંચી શકાય : એક હિસ્સો છે કુટુંબ કથા. બીજો હિસ્સો છે હોસ્પિટલ કથા. અલબત્ત, બંને એકબીજામાં સેળભેળ થતા રહે છે પણ સમજવા માટે તેમને અલગ કરી શકાય.

પરીક્ષિત એક કુટુંબપ્રેમી વ્યક્તિ છે. કુટુંબમાં તેની માતા, પત્ની મૈત્રી, ત્રણ બાળકો છે. આસપાસ બીજા પણ છે. પરીક્ષિત કુટુંબની રીતે સુખી છે. પત્ની મૈત્રી પ્રેમાળ છે. બંનેએ લવમેરેજ કરેલ છે. એકબીજાને પૂરક છે. ત્રણે બાળકો મોટા થઈ ગયા છે. મોટી પુત્રી નોકરી કરે છે. પુત્ર બારમામાં પાસ થાય છે અને આગળ ભણવાની તૈયારી કરે છે. બીજી પુત્રીનાં લગ્ન થવાની તૈયારીમાં છે. પરીક્ષિત પોતે નોકરી કરે છે. જૂનાગઢમાં રહે છે.

પણ, અચાનક, પચાસમે વર્ષે, પરીક્ષિતની કિડનીમાં બગાડો શરૂ થાય છે. તેની સારવાર ચાલુ થાય છે, પણ સુધારો નથી થતો. તેઓ અમદાવાદની કિડની હોસ્પિટલનું નામ સાંભળે છે. ત્યાં સારવાર લેવા જાય છે. ત્યાં તેમને કહેવામાં આવે છે કે આ કિડનીને બદલાવવી પડશે અને કેવળ પત્નીની જ કિડની લઈ શકાશે. પત્ની મૈત્રી તરત તૈયાર થઈ જાય છે. એટલે પ્રત્યારોપણની સારવાર શરૂ થાય છે. શરૂઆતના થોડા મહિના તે સારવાર ચાલે છે. આ દરમ્યાન પુત્રીનાં લગ્ન નક્કી થઈ ગયાં હોય છે. તે કરવા કે કેમ તેની મૂંઝવણ ચાલે છે. વેવાઇ તો રોકાવા તૈયાર છે, પણ પરીક્ષિત-મૈત્રી નક્કી કરી લે છે. તેમનો પુત્ર અનન્ય તે જવાબદારી લઈ લે છે. સારવાર ચાલતી હોય છે તે વચ્ચે બંને ફરી જૂનાગઢ આવે છે અને પુત્રી નંદિનીનાં લગ્ન થાય છે. ફરી અમદાવાદ આવે છે. પ્રત્યારોપણ અને પછી થોડા દિવસ રોકાય છે અને પરીક્ષિત સાજો થતાં પાછાં આવે છે.

પણ આ સમગ્ર કથા દરમ્યાન વાચક એક ખૂબ જ હુંફાળા કુટુંબ વચ્ચે રહે છે. પરીક્ષિત-મૈત્રીનો પ્રેમ મૂંગો છતાં ગાઢ છે. બંને એકબીજાને સતત સમજે છે. મૈત્રી પતિ સારું કંઈ પણ કરવા તૈયાર છે. તે સમગ્ર સારવાર દરમ્યાન સાથે જ રહે છે. તેની પીડામાં ભાગીદાર બને છે. તેના આનંદને પણ માણે છે. પળે પળ બંનેનું સાયુજ્ય વાચકને દેખાયા કરે છે.

બંને સારવારમાં વ્યસ્ત હોવા છતાં માનું સતત ધ્યાન રાખે છે. ત્રણે બાળકોની પણ સંભાળ રાખે છે. નંદિનીનાં લગ્ન થાય છે ત્યારે પણ પરીક્ષિત માંદો હોવા છતાં ઉત્સાહથી ભાગ લે છે અને લગ્નને માણે છે. મૈત્રી પણ ચિંતા વચ્ચે લગ્ન ઉજવે છે. ત્રણે સંતાનો પણ સમગ્ર કથામાં જ્યાં જ્યાં પણ આવે છે, ત્યાં તેઓ એક જવાબદાર અને સ્નેહાળ સંતાનો તરીકે વર્તે છે. પુત્ર તો નાનો હોવા છતાં પુખ્તની જેમ વર્તે છે અને માતા-પિતાની ગેરહાજરીમાં બહેનનાં લગ્ન સફળતાપૂર્વક કરે છે. મોટી પુત્રી પણ નોકરી વચ્ચે સમય મળ્યે આવતી રહે છે અને પૂરક તરીકે કામ કરે છે.

આ બધામાં મૈત્રીનું પાત્ર ધ્યાન ખેંચે છે. તે પતિને ખૂબ પ્રેમ કરે છે. એટલે, સ્વાભાવિક રીતે, તેની ખૂબ ચિંતા પણ કરે છે. નવલમાં ઠેકઠેકાણે તેની ચિંતા વ્યક્ત થતી રહે છે. ચોવીસે કલાક પતિ સાથે રહે છે અને ઝીણવટથી સંભાળ રાખે છે. પણ, આ બધા વચ્ચે પણ, તે સમગ્ર હોસ્પિટલમાં ફરી વળે છે અને બીજા પણ અનેક દર્દીઓ સાથે મૈત્રી કરે છે અને તેમને પણ હૂંફ આપતી રહે છે. થોડો સમય નથી મળ્યો ને તે વિવિધ વોર્ડોમાં જાય છે અને આવેલ દર્દીઓને આશ્વાસન આપે છે. કોઈ મૃત્યુ પામે તો તેનાં કુટુંબીજનોને પણ આશ્વાસન આપે છે. અન્ય દર્દીઓ સાથેનો તેનો વ્યવહાર નવલકથાને ભીંજવેલ રાખે છે. **અંગત ચિંતા વચ્ચે પણ માણસ, ધારે તો, બીજા માટે જીવી શકે છે તે મૈત્રીનું પાત્ર સરસ રીતે સૂચવી જાય છે. મૈત્રી એકી સાથે અનેક મોરચે લડે છે.** પતિની ચિંતા કરવાની છે, બાળકોને માર્ગદર્શન આપવાનું છે, સાસુને પણ ચિંતામુક્ત રાખવાના છે, લગ્ન પણ સંભાળવાના છે, હોસ્પિટલની બધી વિધિઓ પણ સંભાળવાની છે, સાથે અન્ય દર્દીઓ સાથે પણ મીઠા સંબંધો બાંધી તેમને પણ હળવા રાખવાનો પ્રયત્ન કરવાનો છે. મૈત્રીનું પાત્ર સમગ્ર નવલકથામાં જાણે દોરડા પર ચાલતા બજાણિયા જેવું રહે છે. સતત બધા વચ્ચે સમતુલા સ્થાપવાનો પ્રયાસ કરે છે. તાણયુક્ત કામ છે, છતાં હળવાશથી કરવાનો પૂરો પ્રયાસ કરે છે. એકી સાથે બધાને હળવાં રાખી એક મોટું કામ કરે છે મૈત્રી. મૈત્રી જ નવલકથાનું કેન્દ્રિય પાત્ર છે. તે કિડની આપી પતિને જીવતદાન તો આપે જ છે, પણ સમાંતરે અનેકોને સ્વસ્થ અને જીવંત રાખે છે. અને મોટી વાત, પોતે પણ હળવી રહે છે. તેની આ સ્વસ્થતા વાચકને સતત આકર્ષ્યા કરે છે. અને આ પાત્ર સાચું છે – પારૂલનું – એટલે તેમના પર માન વધી જાય છે અને વંદન કરી જવાય છે. **કુટુંબમાં એક વ્યક્તિ સ્વસ્થ રહે તો સમગ્ર કુટુંબ કેટલું સ્વસ્થ રહી શકે તેનું ઉદાહરણ આ મૈત્રીનું પાત્ર કહી જાય છે.**

અન્ય પાત્રો પણ સતત ધ્યાન ખેંચતા રહે છે. પરીક્ષિત પણ ઠીક ઠીક સ્વસ્થ રહે છે. પુત્રીનાં લગ્ન વખતે તેનો ઉત્સાહ ચેપી છે. હોસ્પિટલમાં પણ તે સ્વસ્થ રહે છે. તો તેનાં ત્રણે સંતાનો પણ સરસ રીતે રજૂ થાય છે. પુત્ર અનન્ય ઉંમર કરતાં વધારે ઠરેલ અને પુખ્ત રજૂ થાય છે. બહેનના લગ્ન ખૂબ સારી રીતે સંભાળી લે છે. સાથે આગળ ભણવાનો પણ વિચાર કરતો રહે છે. આરોહી પણ નોકરીના દબાણ વચ્ચે સારી સંભાળ રાખવાનો પ્રયાસ કરે છે. બીજા નાનાં મોટાં પાત્રો પણ ધ્યાન ખેંચતા રહે છે. વચ્ચે એક મુસ્લિમ બહેનનું પાત્ર આવે છે જેનો પુત્ર મંદ બુધ્ધિનો હોય છે અને હેરાન પણ છે. તે બચતો નથી અને મૃત્યુ પામે છે. ત્યારે તે અલબત્ત રડે છે, પણ તેની સ્વસ્થતા પણ પ્રસંશનીય છે. એક માતા તરીકે તે શું વિચારે છે તેનું દર્શન થાય છે. તે કહે છે, "આ'માલનામાનાં દફ્તર ખૂલશે એ દિવસે રબ્બુલ આલમીન મને પૂછશે કે તેં તારા ફરજંદને મોતને હવાલે કેમ કરી દીધો? પાગલ હતો એટલે? કમાઇ શકે એમ નહોતો એટલે? તારા ઘડપણનો સહારો બની શકે તેમ ન હતો એટલે? દીકરો સારો હોત તો તેણે કિડની ન આપી હોત?" આ દશ્ય હલબલાવી નાખે તેવું છે.

તે જ રીતે પરીક્ષિતના મિત્રો પણ જે લાગણી વ્યક્ત કરે છે તે પણ ઉત્તમ મૈત્રીનો પુરાવો બતાવે છે. નવલકથામાં ઠેકઠેકાણે આવા ઉત્તમ બનાવો બનતા દેખાડાય છે, જે માનવ પરની શ્રધ્ધાને નબળી પડતાં અટકાવે છે.

પણ મૂળ વાત એ કે નવલકથામાં એક ઉત્તમ અને મધુર કુટુંબ જીવનનું દર્શન થાય છે. આજે જ્યારે કુટુંબ જીવન ખળભળતું અને ક્યાંક તૂટતું દેખાય છે ત્યારે આ નવલકથા જુદો જ માર્ગ બતાવે છે અને કુટુંબ જીવન પર પુનઃ વિશ્વાસ વ્યક્ત કરે છે.

તો નવલકથાનો બીજો – મહત્ત્વનો હિસ્સો છે કિડની હોસ્પિટલ. મોટાભાગની નવલકથા ત્યાં જ બને છે. આ હોસ્પિટલનું મહત્ત્વ એ છે કે તે કેવળ સ્થાન નથી, પણ તેના માધ્યમથી નવલકથામાં કિડની ટ્રાન્સપ્લાન્ટેશન કરાવવું હોય તો કઇ તૈયારી કરવી જોઈએ અને ત્યાં કઈ સગવડ મળે છે તે બધી જ માહિતી અહીંથી મળે છે. કેટલાક ઉદાહરણો જોઈએ...

"કઈ રીતે ઑપરેશન કરાવવાનું છે? સાદું કે પ્રોટોકોલ?"

"સાદું."

"પ્રોટોકોલ કેમ નહીં?... જો સાદું ઑપરેશન કરાવશો તો મહિને સાત આઠ હજારની દવાઓ થશે. જો પ્રોટોકોલથી કરાવશો તો સાવ ઓછી દવાઓ લેવી પડશે. કિડની રિજેક્શનની સંભાવના પણ નહિંવત." (પાનું ૩૭)

"અંગ પ્રત્યારોપણના કાયદા મુજબ માત્ર સગાં જ કિડની

આપી શકે. એ શક્ય ન હોય તો દર્દીઓનાં સગાં અરસપરસ કિડની આપી શકે. કિડની લેનાર અને દેનારના સંબંધો કાયદેસર રીતે સ્થાપિત કરવા પડે...'' (પાનું-૪૫)

એક જગ્યાએ સમજાવતા ડૉક્ટરે કહ્યું, ''સંશોધન કરતાં કરતાં ખબર પડી કે જે રેગ્યુલેટરી ટી સેલ બનાવવા લેબમાં બહુ મહેનત કરવી પડે છે, એ સેલ તો બરોળમાં તૈયાર હોય છે. અમારી સામે જાણે ખજાનો ખૂલી ગયો. દુનિયા અંજાઈ ગઇ. અમે હવે દર્દીમાં કિડની સાથે કેડેવરની સ્પ્લીનનું પ્રત્યારોપણ કરીએ છીએ. બહુ સરસ પરિણામો જોવા મળ્યા છે.'' (પાનું-૬૩)

આવા તો અનેક વર્ણનો હોસ્પિટલ અને કિડની ઑપરેશન બાબતે ઠેર ઠેર જોવા મળે છે.

તો કિડની હોસ્પિટલના પાયાના ડૉક્ટર ત્રિવેદી વિશે પણ ઠેર ઠેર વર્ણનો આવે છે. એક જગ્યાએ તેમના વિશે કહે છે, ''તેઓ કેનેડાની યુનિવર્સિટીમાં હતા તે વખતે કેનેડાના ટોપ ટેક્સ પેયરોમાંના એક હતા. ત્યાં અઢળક પૈસો અને પ્રતિષ્ઠા કમાયા. પણ એમનું લોહી વતન અને ત્યાંના ગરીબો માટે ઝુરતું હતું. આ અંતરનાદ મોટો થતો ગયો. અંતે બધુંય છોડી એમણે વતનની વાટ પકડી.'' ડૉ. ત્રિવેદી વિશ્વના એક ખ્યાતનામ સ્પેશિયાલિસ્ટ છે. હજારો દર્દીઓની કિડની તેમણે પ્રત્યારોપિત કરી છે. દર્દીઓમાં પૂજાય છે. (શરદ ઠાકરે તેમના જીવન પર નવલકથા ''એકલો જાને રે...'' લખેલ છે.)

આ નવલકથામાં એક વર્ણન ખાસ ધ્યાન ખેંચે છે. એક વખત પરીક્ષિતને સારવાર દરમ્યાન ખેંચ આવે છે. મૈત્રીની સજાગતાને કારણે તરત સારવાર મળી જાય છે. પણ તે બેભાન તો થઈ જ જાય છે. બરાબર છત્રીસ કલાક બેભાન રહે છે. પછી જાગે છે. આ સમય દરમ્યાન તેને એક વિચિત્ર અનુભવ થાય છે, જેનું વર્ણન એ મૈત્રી પાસે આ રીતે કરે છે : ''હું મારી અંદર એક ઊંડો અને ઊંડો ઉતરવા લાગ્યો. તીવ્રતાથી ખેંચાતા અને મોઢાના ફીણથી પલળતા મારા શરીરને અલિપ્તભાવે હું જોઈ, હું કોઈ મહાગુહામાં ગતિ કરી રહ્યો. આ ઊંડાણનો ઉઘાડ રંગબેરંગી આકાશમાં થયો. હું એ વિશાળ શૂન્યમાં સરી ગયો. બસ, અહીં સુધી સ્મૃતિનો સાથ રહ્યો. આંખ ખોલી તો તું સામે હતી. તમારા છત્રીસ કલાક, પણ મારા માટે તો એક જ ક્ષણની વાત... હું અનોખી દુનિયામાં પહોંચી ગયો. ચોમેર માત્ર નીરવતા! મારી ભીતર આનંદના મોજા ઊછળવા લાગ્યા. હું તેમાં તરબોળ થઈ ગયો. અસ્તિત્વનો એકે એક કણ આ ઉત્સવમાં નાચી રહ્યો હોય એમ મને અનુભવાયું. એ તરંગો હજી પણ જાણે મને સ્પંદિત કરી રહ્યા હોય એમ લાગે છે. આંખ બંધ કરું ને એ તેજોમય વિસ્તાર સામે આવી જાય છે...'' (પાનું ૧૩૬-૧૩૭)

આ અનુભવ વાંચીએ છીએ ત્યારે યાદ આવે છે કે આવા અનુભવ અનેકોએ નોંધ્યા છે. આ અનુભવ મૃત્યુ પામ્યા હોય અને હજી તેની શરૂઆત હોય ત્યારના હોય તેમ લાગે છે. અનીતા મુરજાની નામની એક બહેને પણ પોતે મૃત્યુ પામી ત્યાર પછીના અનુભવ નોંધ્યા છે જેનું વર્ણન તેણે પોતાના પુસ્તક ''મૈંને મૃત્યુ કે બાદ કા જીવન દેખા હૈ'' (અંગ્રેજીમાં ''Dying to be me'' )નામ કરેલ છે. અહીં યોગેશભાઈનું - પરીક્ષિતનું વર્ણન બરાબર તેને મળતું આવે છે. પરીક્ષિત તેને ''હાથતાળી આપીને છટકી ગયેલું મૃત્યુ'' નામ આપે છે અને મૈત્રીને કહે છે, ''**મૈત્રી, જો એ મૃત્યુ હોય તો... એ તો કેટલું મંગળ અને આનંદમય! આવકાર્ય અને ગળે લગાડવું ગમે તેવું.**'' (પૃષ્ઠ ૧૩૭) આ વર્ણન કદાચ નવલકથાનું સર્વોત્તમ વર્ણન છે એમ કહી શકાય.

સમગ્ર રીતે આ નવલકથા ખૂબ જ હૃદયંગમ છે. વર્તમાનપત્રમાં આવતી હતી ત્યારે પણ પ્રશંસાઈ હતી. અનેકોએ તેને પ્રશંસી છે. મૈત્રી તરીકે જેનું પાત્ર છે તે પત્ની પારૂલ લખે છે કે, ''સુખમાં કદાચ આટલું નજીક નથી અવાતું.... ભગવાનથી અને પરસ્પરથી.'' તો કિડની હોસ્પિટલના નિયામક અને એક ઉત્તમ સર્જક માધવ રામાનુજ લખે છે, ''એક દર્દીને હાથે લખાયેલી આ કથા અનેક દર્દી પરિવારોને માર્ગદર્શક બની રહેશે.'' કવિ વિનોદ જોશી લખે છે, ''એક પરિવારની ઉન્નત ભાવનાશીલતા અને તેનો જીવન-મૃત્યુ બંને સાથેનો નિકટનો સંસ્પર્શ અત્યંત ભાવપ્રણવ રીતે આલેખાયો છે.'' તો માય ડિયર જયુ કહે છે, ''**આ કથા વાચકમાં શ્રધ્ધા, આશા, પ્રસન્નતા, આત્મબળ અને ઉલ્લાસ જગવે છે. ગંભીર બીમારીથી પીડાતી વ્યક્તિ માટે જ નહીં, સૌને માટે આ 'હોસ્પિટલ ગીતા' છે.**''

આ નવલકથા દરેક વ્યક્તિના હાથમાં એટલા માટે મૂકવા જેવી છે કારણકે સ્વસ્થ હશે તો મધુર કુટુંબ જીવન કેમ જીવી શકાય તે આમાંથી શીખશે અને બીમાર હશે તો સ્વસ્થ કેમ થઈ શકાય તે શીખસે. યોગેશભાઈની આ નવલ પ્રથમ છે, છતાં મધુર સર્જન છે. તેમને અભિનંદન.

| | |
|---|---|
| *''પચાસમે પગથિયે''* | *પ્રકાશક : પોતે.* |
| *લેખક : યોગેશ ન. જોશી* | *કિંમત : રૂા. ૨૦૦/-* |

*ન્યુ મિન્ટ રોડ, પેરીસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*મોતની પરવા ન કરવી, એ વીરતા કહેવાય. પરંતુ જ્યાં મૃત્યુ કરતાં જીવન વધુ ભયંકર હોય, ત્યાં જીવન જીવવાની હિંમત કરવી એ જ સાચી વીરતા છે.*

સમસ્યા

# દુનિયામાં ૮૪.૪ કરોડ લોકો પાણીની અછતથી પીડાઈ રહ્યા છે



ડૉ. મિહિર એમ. વોરા

**આંતરરાષ્ટ્રીય એજન્સી વોટરએડના રિપોર્ટમાં ખુલાસો**

રિપોર્ટસમાં જણાવ્યા પ્રમાણે, આગામી થોડા દિવસોમાં જ કેપટાઉનમાં પાણી પૂરું થઈ જશે તેવો અંદાજ છે. તેને ઝીરો-ડે નું નામ આપવામાં આવ્યું છે. જોકે આ જોખમ માત્ર કેપટાઉન ઉપર જ નથી. યુએ દ્વારા રજૂ કરવામાં આવેલા એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, આગામી સમયમાં બ્રાઝિલના સાઓ પાઉલ અને ભારતના બેંગલુરુમાં પાણીની અછતની સૌથી વધારે સમસ્યા ઊભી થઈ શકે છે. કેપટાઉન અને સાઓપાઉલોમાં આ જોખમ દુષ્કાળના કારણે ઉભું થશે જ્યારે બેંગલુરુમાં આ તકલીફ માણસો દ્વારા જ ઊભી કરવામાં આવેલી હશે. પાણીના મુદ્દા સાથે જોડાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા વોટરએડના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કેવી રીતે દુનિયાના લાખો લોકો પાણી માટે તરસી રહ્યા છે. વોટરએડની સ્ટેટ ઑફ ધી વર્લ્ડ : ૨૦૧૮ ધી વોટર ગેપના રિપોર્ટના જણાવ્યા પ્રમાણે, યુગાન્ડા, નાઈજિરિયા, મોઝાંબિક, ભારત અને પાકિસ્તાન તે દેશોમાં સામેલ છે જ્યાં સૌથી વધારે લોકો એવા છે જેમને અડધો કલાકના અંતર પહેલાં ચોખ્ખું પાણી પણ નથી મળતું. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ભારતમાં ૧૬.૩ કરોડ લોકો ચોખ્ખા પાણી માટે તરસી રહ્યા છે. ગયા વર્ષે આ આંકડો ૬.૩૦ કરોડ લોકોનો હતો. આંકડો વધવાનું કારણ એ છે કે, એ લોકો જેમને ઘરે પાણી લાવવામાં અડધા કલાકનો સમય લાગે છે તેમને યુએનના નિયમ પ્રમાણે તે લોકોના પાણી સુધી નહીં પહોંચનાર શ્રેણીમાં સામેલ ન કરી શકાય.

પાટણના હારિજ તાલુકાના સરવાલ ગામમાં પાણીનો બોર બંધ પડીજતાં લોકો માટે પીવાના પાણીનો પ્રશ્ન મોટો બની ગયો હતો. બીજો કોઈ વિકલ્પ ન હોવાના કારણે નજીકમાંથી પસાર થતી લેન્ડ યોજનાની પાઈપ લાઈનના વાલ્વમાંથી તેઓ પાણી મેળવે છે. નાના બાળકો જીવના જોખમે વાલ્વ ઉપરના કાપડને પકડી રાખે છે ત્યારે તેમને મીઠું પાણી મળે છે. ગુજરાતના જળાશયોમાં હાલ પાણીનું પ્રમાણ ૩૮.૫૭% છે. ૨૦૧૭માં માર્ચ મહિનામાં રાજ્યનાં જળાશયોમાં પાણીનું પ્રમાણ ૪૫% કરતાં વધારે હતું. ચોમાસાના આગમન સુધીમાં રાજ્યના જળાશયોમાં પાણીનો જથ્થો અંદાજે ૨૦% થઈ જશે. નર્મદા ડેમમાં પાણીનો જથ્થો માત્ર ૩૨% છે. માર્ચ ૨૦૧૭માં નર્મદા ડેમમાં ૪૫ ટકાથી વધારે પાણી હતું. ચોમાસું આવતા સુધીમાં નર્મદા ડેમમાં અંદાજે માત્ર ૧૭થી ૧૮ ટકા પાણી બચશે. **સાંતલપુર તાલુકાના મદુત્રાથી ફાંગલી, ઝઝામ, પાટણકા ગામ સુધી અઢી કિ.મી.ની લાંબી અન્ડરગ્રાઉન્ડ સાયફન બનાવેલ છે જેના મારફતે કચ્છમાં પાણી પહોંચાડવામાં આવે છે.** આ સાયફનમાં પાટણકા પાસે ઘણી મોટી માત્રામાં પાણી લીકેજ રૂપે બહાર નીકળી રણમાં જઈ રહ્યું છે. જેના લીધે નાના મોટા વોકળા નદીની જેમ ભરાઈ ગયા છે. આ પાણી વન્યપ્રાણીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે પણ ખેડૂતોને અપાતું નથી અને રણમાં વહી જાય છે તેની નારાજગી લોકોમાં ફેલાઈ છે. આ બાબતે ઝઝામ કેનાલના ઈજનેર કરણસિંહ રાઠોડે જણાવ્યું કે ગ્રાઉટિંગ કરવા માટે પાઈપો નાખી ફોર્સ હળવો કરાયો હતો. જો કે, લીકેજનો પ્રશ્ન બહુ ગંભીર નથી. કેનાલ સાયફન રીપેર કરવા માટે પાણી બહાર કાઢવું જરૂરી હોય છે કેમકે કેનાલ સતત ચાલુ જ રહેતી હોય છે.

- **૩ દેશો પાસે પાણીની ઉપલબ્ધિ સૌથી ઓછી :**

ઈરીટ્રિયા, પાપુઆ ન્યુગિની અને યુગાન્ડા એવા ત્રણ દેશો છે જ્યાં ઘની નજીક ચોખ્ખું પાણી ખૂબ ઓછું મળે છે. યુગાન્ડામાં માત્ર ૩૮ ટકા લોકો જ પાણી સુધી પહોંચી શકે છે. પાણી વિશે ખૂબ સારું કામ કરવામાં ટોપ-૪ માં મોઝામ્બિક સામેલ છે. તેમ છતાં પાણી ખૂબ જ ઓછું હોવાના લિસ્ટમાં તે ટોપ ૧૦માં છે. અમીરી-ગરીબીની ખાઈ પણ પાણીની ઉપલબ્ધતામાં અંતર ઊભું કરે છે. નાઇઝરમાં ૪૧% ગરીબો સુધી જ પાણી પહોંચી રહ્યું છે. જ્યારે અમીરોમાં આ આંકડો ૭૨ ટકા છે. માલીમાં ૪૫ ટકા અને ૯૩ ટકા સાથે આ અંતર જોવા મળ્યું છે. આ લોકોને પાણી ન મળવાનું મુખ્ય કારણ : (૧) આર્થિક અને રાજકીય પ્રાથમિકતાનો અભાવ, (૨) પાણી પહોંચાડવા અને સાચવણીમાં સક્ષમ સાધનોનો અભાવ, (૩) જગ્યા અને જમીનનો અભાવ, (૪) ભેદભાવ, (૫) હોનારત અને વિસ્થાપન.

દુનિયાના ૨૦૦ શહેર પાણીની ગંભીર સમસ્યા સામે ઝઝુમી રહ્યા છે. ૧૦ મોટા શહેર ઝડપથી 'ડે ઝીરો' તરફ

વધી રહ્યા છે. ડે ઝીરો એટલે જ્યારે નળમાંથી પાણી આવવાનું બંધ થઈ જાય છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટની પત્રિકા ડાઉન ટુ અર્થે શહેરોમાં પાણીની સમસ્યાને લઈને એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં સમગ્ર દુનિયાના શહેરોમાં પાણીની સમસ્યાને લઈને ચેતવણી જાહેર કરવામાં આવી છે. થીન્ક ટેન્કે વિશ્વ જળ દિવસે પોતાનો આ રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બેંગાલુરુની પરિસ્થિતિ કેપટાઉન જેવી હોઈ શકે છે. કેપટાઉન આફ્રિકાના સમૃદ્ધ શહેરોમાંનું એક છે પરંતુ આ શહેર પાણીની સમસ્યાને લઈને અત્યાર સુધી સૌથી ખરાબ સમસ્યામાંથી પસાર થઈ રહ્યું છે. કેટલાક રિપોર્ટમાં અંદાજો છે કે આ વર્ષે કેટલાક મહિનાની અંદર આ શહેરની ટોટીઓમાં પાણી આવવાનું બંધ થઈ જશે. સીએસઈ ના ડાયરેક્ટર સુનીતા નારાયણનું કહેવું છે કે ભલે તે કેપટાઉન હોય, બેંગલુરુ હોય અથવા ચેન્નાઈ — આ શહેરોમાં કોઈ વધારે અંતર નથી. આ દરેક શહેરોની પરિસ્થિતિ એક જેવી જ છે. જરૂરી પ્રશ્ન એ છે કે શું આ શહેર એક નવું અને સુરક્ષિત ભવિષ્ય બનાવી શકશે? જ્યાં પાણીની સમસ્યા ના હોય. ગત ૩૦ વર્ષોમાં બેંગલુરુમાં કૂવાની સંખ્યા ૫૦૦૦થી સીધી ૪.૫ લાખ થઈ ગઈ છે. ગેરયોજનાગત રીતે વસી રહેલા શહેરોમાં ગ્રાઉન્ડ વોટરને રિચાર્જ કરવાનું કામ થઈ શક્યું નથી. બેંગલુરુ પોતાના ભાગના માત્ર અડધા પાણીનો ઉપયોગ બીજી વાર કરી શકે છે અને બચેલું પાણી નદીઓ અને સમુદ્રોમાં ચાલી જાય છે. પેઈચિંગ (ચીન), મેક્સિકો સિટી (મેક્સિકો), સના (યમન), નેરોબી (કેન્યા), ઈસ્તાંબુલ (ટુર્કી), સાઉ પાઉલો (બ્રાઝિલ), કરાંચી (પાકિસ્તાન), કાબુલ (અફઘાનિસ્તાન) અને બ્યુએનોસ આઈરસ (આર્જેન્ટિના). રિપોર્ટમાં પાણીને લઈને થયેલો વૈશ્વિક અભ્યાસનો હવાલો આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે **૨૦૫૦ સુધી સમગ્ર દુનિયામાં ૩૬ ટકા શહેર પાણીની ભયંકર સમસ્યાથી જૂજવા લાગશે અને ૨૦૫૦ સુધી શહેરોમાં પાણીની માંગ ૮૦ ટકા વધી જશે.** ૧૯૫૭માં યોજના આયોગના રિપોર્ટ મુજબ ભારતમાં માત્ર ૨૩૨ ગામો પાણી વિહોણા હતા, આજે ૧ લાખ કરતા પણ વધારે ગામો પીવાના પાણીનો લોકલ સોર્સ ધરાવતા નથી. આજનું ડિજિટલ ભારત વોટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં હજુ પણ પાછળ રહી ગયું છે. **ભારતમાં ૮ કરોડ લોકોને દરરોજ પીવાનું શુધ્ધ પાણી મળતું નથી. મોબાઇલ નેટવર્ક પહોંચ્યું પરંતુ પાણી નહીં.** ૨૦૧૭ના યુ.એન.ના એક રિપોર્ટમાં પણ ગ્લોબલ વોટર ક્રાઈસિસને દૂર કરવાનો એકમાત્ર ઉપાય વેસ્ટ વોટર મેનેજમેન્ટ હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેમ છતાં ભારતના મોટા શહેરોમાં દરરોજ ૪૦૦ કરોડ લિટર વેસ્ટ પાણીમાંથી માત્ર ૨૦ ટકાનું જ રીસાઇકલિંગ થાય છે. ભારતમાં પાણીની જરૂરિયાતનો ૭૫ ટકા પુરવઠો ભૂગર્ભમાંથી ખેંચવામાં આવે છે. સિંચાઈ, ઉદ્યોગ અને કારખાનાઓમાં પણ ભૂગર્ભ જળનો બેફામ ઉપયોગ થાય છે. તેની સામે ભૂગર્ભમાં પાણીનો જથ્થો સતત ઘટતો જાય છે. બેંક ખાતામાં નાણાં ડિપોઝિટ કર્યા વગર સતત ઉપાડવામાં આવે તો એક દિવસ બેંક બેલેન્સ ખાલી થઈ જાય છે. એવી જ રીતે પાતાળના પાણી પણ સતત ઉલેચાવાથી ખાલી થઈ રહ્યા છે. **એક જમાનો હતો કે ૩૫થી ૪૦ ફૂટ ખોદવામાં આવે ત્યારે પાણી મળી રહેતું હતું. આજે સરેરાશ ૨૦૦ ફૂટ જમીન ખોદવામાં આવે તો પણ કોરીકટ માટી નીકળે છે.** આ એ વાતની સાબિતી ભરે છે કે પાણી જમીનમાંથી જેટલું ખેંચાય છે તેટલું ઉમેરાતું ન હોવાથી ભૂગર્ભ જળ ઉંડા ઉતરતા જાય છે. ગુજરાત, રાજસ્થાન સહિત દેશના અનેક સૂકા અર્ધસૂકા વિસ્તારોમાં તો ૭૦૦થી ૯૦૦ ફૂટે પણ પાણી મળતા નથી. ભારતમાં પેકેજ પાણીનું માર્કેટ ૭૦૪૦ કરોડથી વધુ છે. દેશમાં પાણીની ગુણવત્તા અને શુધ્ધતા પણ એક ગંભીર સમસ્યા છે. આર્થિક સગવડ ધરાવતા લોકો શુધ્ધ પાણી પીવા માટે ઘરે આર.ઓ. પ્લાન્ટ નખાવે છે યા તો તેના વિકલ્પે પાણીની તૈયાર બોટલો પણ ખરીદે છે. **પૃથ્વીનો ૭૧ ટકા વિસ્તાર ખારા પાણીના મહાસાગરોએ રોક્યો છે. બીજી કઠણાઈ એ પણ છે કે પૃથ્વી પર ઉપલબ્ધ પાણીનો ૯૭.૩ ટકા જથ્થો પીવાલાયક નથી.** એટલે કે પીવાના પાણીનો જથ્થો માત્ર ૨.૯૭ ટકા છે. એમાં પણ ૬૮ ટકા પાણી બરફ સ્વરુપે છે. તેવા સંજોગોમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો ૧ ટકાથી વધારે નથી. વિશ્વના સૌથી વધુ વસતિ ધરાવતા ભારત અને ચીનની કુલ વસતિ ૨.૭૦ અબજ જેટલી છે. આવનારા ૫૦થી ૬૦ વર્ષમાં વિશ્વની વસતિ બમણી થઈ જશે ત્યારે પૃથ્વી પરના આ ૧ ટકા પાણીના જથ્થાની વહેંચણી અને વપરાશની સ્થિતિ શું હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. વરસાદી પાણીનું આમ તો સદીઓથી કુદરતી રીતે જ રિચાર્જ થતું રહ્યું છે. આપણે જે ભૂગર્ભ પાણીનો લાભ મેળવીએ છીએ તે દાયકાઓ પહેલા જમીનમાં ઉતરેલું પાણી જ છે. પરંતુ મોડર્ન ડેવલપમેન્ટના પગલે પાણી જમીનમાં ઉતરવાની આખી કુદરતી સિસ્ટમ ખોરવાઈ રહી છે. **સિમેન્ટ કોંક્રિટના વધતા જંગલો, ઘટતા જતા લીલા જંગલો, ખેતીમાં રાસાયણિક ખાતરો તથા દવાઓના બેફામ ઉપયોગથી જમીનનું બંધારણ બગડ્યું છે.** તળાવ, નદીઓ અને કૂવાઓમાં પાણીના આવરા અટકી જવાથી કુદરતી રિચાર્જ પ્રક્રિયા ખોટકાઈ છે. કમાવ નહીં અને માત્ર વાપર્યા જ કરો તો દેવું વધે એ સ્વાભાવિક જ છે. આમ, આપણા સૌના માટે પાણીની ઘટનું કુદરતી દેવું વધતું જાય છે. જો વેળાસર નહીં જાગીએ તો તેના પરિણામો ભાવિ પેઢીએ અવશ્ય ભોગવવા પડશે.

*સંદર્ભ : વિવિધ અખબારોની કોલમો, અહેવાલો અને વિકિપીડિયા*

પ્રવાસન

# પર્યટન ક્ષેત્ર : 'ક્રૂઝ ટૂરિઝમ'

ભરત'કુમાર' પ્રા. ઠાકર

*આધુનિક સમયમાં પર્યટન ક્ષેત્રે પણ હવે અનેક અવનવા પ્રકારો વિકસી રહ્યા છે. તેમાં બીચ ટૂરિઝમથી લઈને યુથ, સ્પોર્ટસ, એડવેન્ચરસ, વાઈલ્ડલાઈફ, રુરલ, હેરિટેજ, મેડિકલ, સાયન્સ, ઈન્ડસ્ટ્રિયલ, એગ્રો, ઈકો, ડેરી અને ડેઝર્ટ ટૂરિઝમ સાથે 'ક્રૂઝ ટૂરિઝમ'નો ખ્યાલ પણ આપણે ત્યાં ઠીક ઠીક વિકસ્યો છે. અનેક પ્રવાસન ક્ષેત્રો વચ્ચે 'ક્રૂઝ ટૂરિઝમ' પણ સૌ માટે આકર્ષણરૂપ છે. જેની વિગત પ્રસ્તુત લેખ દ્વારા મળે છે.*

*– તંત્રી મંડળ*

### ● સામુદ્રિક સહેલ : 'ક્રૂઝ ટૂરિઝમ'

રોપ-વે (કેબલકાર)ની જેમ ક્રૂઝ દ્વારા દરિયાઈ સહેલગાહનો ખ્યાલ પણ દેશ માટે તાજેતરનાં વર્ષોની જ ઘટના છે તેમ વિશ્વમાં પણ છેલ્લા દાયકાઓથી જ તેનો ઉદ્ભવ થયો છે. 'ક્રૂઝ ટૂરિઝમ'ની સામાન્ય સમજ એવી આપી શકાય કે વૈભવી આગબોટના માધ્યમથી વિવિધ રાજ્યો કે રાષ્ટ્રોનાં દરિયા કિનારાનાં સ્થળોની સમુદ્રી સફર દ્વારા જે તે દેશ પ્રદેશના પ્રાકૃતિક સૌંદર્ય અને સંસ્કૃતિને માણવી કે સમજવી.

દેશનાં બધાં બંદરોને એકસૂત્રે જોડવા માટેના 'સાગરમાલા પ્રકલ્પ'ની મુંબઈ કચેરીનું ઉદ્ઘાટન (તા. ૨૮-૧૨-૨૦૧૬) કરતી વેળા કેન્દ્રીય માર્ગ પરિવહન, ધોરીમાર્ગો અને વહાણવટા પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું તેમ મુંબઈમાં પર્યટનને પ્રોત્સાહન આપવા ૧૦૦ લક્ઝુરિયસ ક્રૂઝો (વૈભવશાળી જહાજો) લાવવામાં આવશે, જે ગોવા અને કોચીનમાં પણ ઉપલબ્ધ કરાવાશે. આ આલીશાન ક્રૂઝમાં ૩૦ માળની હોટલ સહિત આનંદ પ્રમોદની અનેક વૈભવી સવલતો હશે. પ્રવાસ શોખીન ભારતીયો માટે આ સારા સમાચાર છે.

નિષ્ણાતો બતાવે છે તેમ દુનિયાના મહાસાગરોની મોજ માણવા દર વર્ષે આશરે એંસી હજાર ભારતીયો ક્રૂઝ સફર માટે સીંગાપોર જાય છે તે જોતાં દેશનો વહાણવટા ઉદ્યોગ આ ક્ષેત્રની આવી માંગની ઉપેક્ષા ન કરી શકે. **ભારતનો બહાર જતો પ્રવાસન ખર્ચ ૨૧ અબજ ડોલરને આંબી ગયો છે ત્યારે હવે સરકારે ઘરઆંગણે જ આવા સાહસને ઉત્તેજન આપવું જોઈએ.** ભારતમાં તટીય શહેરો, મોટી નદીઓ ઉપરાંત સાંસ્કૃતિક વારસાને લીધે આ ઉદ્યોગ વિકસવાની પૂરી તકો રહેલી છે.

### ● ખૂબ સંભાવનાવાળું ક્ષેત્ર

વિશ્વમાં દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાયેલું સૌથી વિશાળ જહાજ 'ક્વીન એલિઝાબેથ ક્રૂઝ લાઈનર' (૧૯૩૮) હતું. ઉલ્લેખનીય છે કે દુનિયાભરમાં 'ક્રૂઝ ટૂરિઝમ' ૧૩ ટકાના દરે આગળ વધી રહ્યું છે! કેરેબિયાઇ, લેટિન અમેરિકી અને અગ્નિ એશિયાઇ દેશોમાં આ ઉદ્યોગથી મોટા આંકડામાં હૂંડિયામણ કમાવવામાં આવી રહ્યું છે. ભારતમાં ૨૦૦૧-૦૨માં કોચીન, ગોવા તટ પર ૪૫ હજાર ઉપરાંત ક્રૂઝ ટૂરિસ્ટો આવ્યા હતા.

તે પછીના વર્ષોમાં તેની સંખ્યામાં થોડો ઘટાડો નોંધાયો હતો. પરંતુ સિંગાપોરની 'સ્ટાર ક્રૂઝ' કંપની દ્વારા ૨૦૦૫માં ભારત સ્થિત ક્રૂઝિંગનો મુંબઈથી પ્રારંભ થતાં ક્રૂઝ પ્રવાસીઓની સંખ્યા વધતી ગઈ. તે જોઈને સરકારે પણ આ ક્ષેત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણ સાથે ક્રૂઝ સંબંધી નિયમોને થોડા હળવા બનાવવા મર્ચન્ટ શિપિંગ એક્ટની કલમ-૨૧માં છૂટછાટ આપવા વિચાર્યું. તે પછી મિયામી (અમેરિકા) અને દુબઇ (યુએઇ)ની ક્રૂઝ કોન્ફરન્સોમાં ભારત પ્રત્યે ક્રૂઝ કંપનીઓએ રસ દાખવ્યો હતો. આનાથી કેન્દ્ર સરકારને ક્રૂઝ ટૂરિઝમ ક્ષેત્રમાં નવી આશા જાગી હતી.

પરિણામે, દેશમાં આ ક્ષેત્રને ઉત્તેજન આપવા માટે ક્રૂઝ પર્યટનની વિશેષ નીતિ ઘડવા પ્રવાસન ખાતા સાથે રહી વહાણવટા પ્રધાનની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ રચવામાં આવી. સાથે સંબંધિત રાજ્ય સરકારોને પણ તેના પર આછેરી રૂપરેખા (બ્લુ પ્રિન્ટ) તૈયાર કરવાનું કહેવાયું. આખરે ડિસેમ્બર-૨૦૦૫માં પ્રવાસન ખાતા દ્વારા તેના પરનો શક્યતાદર્શી અહેવાલ ('ક્રૂઝ ટૂરિઝમ' : પોટેન્શિયલ એન્ડ સ્ટ્રેટેજી સ્ટડી) બહાર પાડવામાં આવ્યો હતો.

● **સાત ક્રૂઝ શિપિંગ ટર્મિનલો :**

ક્રૂઝ ટૂરિઝમની વિશેષ નીતિમાં સાત તટીય શહેરોમાં ક્રૂઝ ટર્મિનલોનું નિર્માણ, મોટી નદીઓમાં ક્રૂઝિંગ, સીધું વિદેશી મૂડીરોકાણ, પર્યટક આવાગમન અને ક્રૂઝ નોંધણીના સરળ નિયમો વગેરેનો સમાવેશ થાય છે. તે પછીના અડધા દાયકામાં ક્રૂઝ ટૂરિઝમ દ્વારા દેશમાં છ લાખ ક્રૂઝ પર્યટકો આવ્યાનો અને તેનાથી વિદેશી નાણામાં પાંચ હજાર કરોડ રૂપિયા આવક થયાનો અંદાજ છે.

ભારતમાં સમુદ્ર કિનારાનાં જે સાત શહેરોમાં ક્રૂઝ શિપિંગ સ્ટેશનો બનાવવાનું વિચારાધીન છે તેમાં દેશના પશ્ચિમી કાંઠાનાં ચાર બંદરો મુંબઈ (મહારાષ્ટ્ર), માર્મગોવા (ગોવા), ન્યુ મેંગ્લોર (કર્ણાટક), કોચીન (કેરળ) તથા પૂર્વીય કાંઠાના ત્રણ બંદરો કલકત્તા (પશ્ચિમ બંગાળ), તુતીકોરીન (તામિલનાડુ), પોર્ટબ્લેર (આંદામાન-નિકોબાર)નો સમાવેશ થાય છે. તે ઉપરાંત તટીય પ્રદેશનાં પર્યટન સ્થળો પર નાનાં ક્રૂઝો માટે પણ મથકો વિકસાવવામાં આવશે.

સાથે સાથે મોટી નદીઓ અને ખાસ કરીને ઈશાન ભારતની નદીઓમાં પણ ક્રૂઝ ટૂરિઝમ શરૂ કરવાની યોજના છે. સાત ચુનંદા તટીય શહેરોની ક્રૂઝ સેવાને ત્યાંનાં પર્યટન સ્થળો અને ત્યાંની ઉપલબ્ધ સેવાઓ સાથે જોડવામાં આવશે. જેમ કે કોચીનમાં આયુર્વેદિક મસાજ અને મુંબઈને અજંતા-ઈલોરા-એલીફન્ટા ગુફાઓ સાથે સાંકળવામાં આવશે.

● **ભારતમાં હજુ નવોદય કાળ :**

આપણા દેશમાં 'ક્રૂઝ જહાજો' હજુ એક વિકસતો ખ્યાલ છે. ક્રૂઝ ટૂરિઝમ પેટાઉદ્યોગ તરીકે જોઈએ એટલો પ્રતિષ્ઠિત થયો ન હોવાથી ઘણા સાહસિકો હજુ તેના માટે ખાસ ઉત્સુક જણાયા નથી. દેશ સાત હજાર કિ.મી.નો દરિયાકિનારો ધરાવતો હોવા છતાં અત્યારે ભારતમાં ક્રૂઝ ટૂરિઝમ કેરાલાના બેકવૉટર્સ સુધી મર્યાદિત છે. બધાં પોર્ટ ટર્મિનલો ખાતે કંગાળ પ્રવાસી સુવિધાઓ પણ ભારતમાં ક્રૂઝ સંચાલનની મુખ્ય નડતરરૂપ બાબત બને છે.

તેમ છતાં બજારના એક ખાલી ક્ષેત્ર (a niche market) તરીકે 'ક્રૂઝ ટૂરિઝમ' ભારતનાં પ્રવાસનને એક નવું પરિમાણ આપી શકે તેમ છે. ભારતમાં ક્રૂઝ જહાજો આકર્ષવા અનિવાર્ય છે. તે માટે લાંબો સાગરકાંઠો ઉપરાંત ભારત પાસે એવાં ઘણાં સ્થળો છે, જે સુંદર સરિતાઓ સાથે સંકળાયેલા છે. આવા સ્થળોને જોડતાં રિવર ક્રૂઝોના વિકાસથી ક્રૂઝ ટૂરિઝમનો માર્ગ પ્રશસ્ત થવા ઉપરાંત દેશનાં પ્રવાસન કેન્દ્રોની સ્થિતિ મજબૂત બનશે.

બીજી તરફ સરકાર પક્ષે સાત બંદરોનો વિશ્વસ્તરીય ક્રૂઝ કેન્દ્રો તરીકે વિકાસ, ક્રૂઝ જહાજો ખરીદવા આર્થિક સહાય, વિવિધ રાજ્યોનાં તટીય સ્થળો સંલગ્ન પ્રવાસન યોજનાઓનો વિકાસ, બંદર પર ક્રૂઝ / પ્રવાસીઓને લગતી માળખાકીય સવલતો વગેરે બધાં નિર્માણાધીન અને લાંબાગાળે પરિણામ દેખાડનારા પગલાં છે.

● **ક્રૂઝ સંચાલનના પ્રયોગો :**

અત્યાર સુધી આપણે ત્યાં ચાર-પાંચ અગ્રણી ખાનગી સંચાલકોએ ક્રૂઝ જહાજો દોડાવવા શરૂ કર્યા છે. તેમાં સિંગાપોરની 'સ્ટાર ક્રૂઝ'ના પ્રથમ ભારતીય ક્રૂઝ જહાજ 'સુપર સ્ટાર લિબ્રા'એ ભારતમાં ૨૦૦૫થી 'ક્રૂઝ પર્યટન'ના દ્વાર ખોલ્યા હતા. ત્યારથી લોકો સ્થાનિક ક્રૂઝ સફરો માટે જતા થયેલા. તે મુંબઈ-ગોવા, મુંબઈ-લક્ષદ્વીપ અને મુંબઈમાં પૂર્ણ રાત્રિની સહેલ કરાવતું. પરંતુ પછીથી સ્ટાર ક્રૂઝને ભારતમાંના તેના પ્રકલ્પો સંકેલી લેવા પડ્યા હતા.

બીજી કંપની 'ઇન્ડિયન ઓસન ક્રૂઝે' ૧લી ડિસેમ્બર, ૨૦૦૯થી કોચીનથી ક્રૂઝ સેવા શરૂ કરેલી, જે ગોવાથી લક્ષદ્વીપ (વાયા મેંગ્લોર, કોચીન, ત્રિવેન્દ્રમ) રૂટનું સંચાલન કરતી હતી. પરંતુ આ બીજો પ્રયાસ પણ બંદરીય સત્તાવાળાઓની ઉદાસીન વૃત્તિને કારણે વિફળ ગયો.

ત્રીજી કંપની 'બ્લ્યુ ઓસન ક્રૂઝે' ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૦થી મુંબઈ-ગોવા-લક્ષદ્વીપની ક્રૂઝ ટ્રીપો શરૂ કરી છે. ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયા કિનારામાં ક્રૂઝ ટૂરિઝમનો વિકાસ થાય તે માટે ગુજરાત પ્રવાસન વિભાગના સહયોગથી ૨૦૧૦માં કચ્છના રણ મહોત્સવ વખતે આ કંપની દ્વારા મુંબઈ - ગુજરાત (કચ્છ) વચ્ચે ક્રૂઝ સેવા શરૂ થવાની જાહેરાત થયેલી, પણ ફળીભૂત નહોતી થઈ. તે પછી ગુજરાતમાં પહેલું પેસેન્જર ક્રૂઝ લાઇનર 'મિનરવા' બ્રિટનથી ૩૫૦ પર્યટકો સાથે ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૦ના પોરબંદર આવ્યું હતું.

● **હિન્દ મહાસાગરને ઉલેચતી ટ્રીપો :**

મહારાષ્ટ્ર ૭૨૦ કિ.મી.નો દરિયાકિનારો ધરાવે છે. સમાંતરે મહારાષ્ટ્રમાં પણ જાહેર - ખાનગી ભાગીદારી (PPP) ના ધોરણે મુંબઈ-કોંકણ વચ્ચે ક્રૂઝ લાઇનર શરૂ થવાના ઓક્ટોબર, ૨૦૧૦માં સમાચાર ચમક્યા હતા. મહારાષ્ટ્ર પર્યટન વિકાસ નિગમ અને આંતરરાષ્ટ્રીય ક્રૂઝ કંપનીના આ સંયુક્ત સાહસ હેઠળ મુંબઈગરા ક્રૂઝ દ્વારા ગણતરીના કલાકોમાં કોંકણ પહોંચી શકે છે.

સામાન્યતઃ મુંબઈથી ગોવા/કોંકણનું અને એક રાત્રિની સહેલનું ભાડું ઉતારુ દીઠ ચારથી અગિયાર હજાર રૂપિયા જેટલું રહે છે. વધુમાં, ઉદ્યોગગૃહોને જહાજ પર કોન્ફરન્સ અને સેમિનાર યોજવા માટે તથા પરિવારોને વિશેષ પ્રસંગો ઉજવવા

માટે ખાસ પેકેજો પણ અપાય છે.

તે પછી જૂન ૨૦૧૧માં અમેત મેરિટાઈમ યુનિવર્સિટી (મદ્રાસ) દ્વારા ભારતનું પ્રથમ દેશી ક્રૂઝ લાઈનર 'અમેત મેજેસ્ટી' સાગરી સહેલ માટે શરૂ થયું હતું. મદ્રાસથી સંચાલિત આ જહાજ દેશની બે વિશાળ કાંઠાપટ્ટીઓ પૈકી પૂર્વે બંગાળના ઉપસાગર ક્ષેત્રમાં પૂર્ણ રાત્રિની સહેલ અને વિશાખાપટ્ટનમ, આંદામાન, શ્રીલંકા, થાઈલેન્ડનાં પેકેજો તથા પશ્ચિમે અરબી સમુદ્ર ક્ષેત્રમાં મુંબઈ, લક્ષદ્વીપ, ગોવા, કોચીન, માલદીવનાં પેકેજોનો પ્રવાસ કરાવે છે. **અદ્યતન પ્રવાસી સુવિધાઓ સાથેનું આ લાઇનર એક હજાર પર્યટકો લઇ જવાની ક્ષમતા ધરાવે છે.**

● **ક્રૂઝ પર પ્રથમ કથાપ્રસંગ :**

ક્રૂઝ સફર આમ તો વૈભવી પ્રવાસન પ્રકાર ગણાય. સામાન્યતઃ ભારતીયો લાંબી સફર પસંદ કરતા નથી. ચાર-પાંચ રાત્રિનું પેકેજ આદર્શ મનાય છે. શ્રીમંતોને આંતરરાષ્ટ્રીય અને ઉચ્ચ મધ્યમ વર્ગને પ્રાદેશિક ક્રૂઝ ટૂર પરવડી શકે. જ્યારે સામાન્ય વર્ગ માટે મુંબઈ કે ગોવાના દરિયામાં બે-ત્રણ કલાક માટે સહેલ કરાવતી સ્થાનિક ટૂર આશીર્વાદરૂપ છે. આ લખનારને પણ ૨૦૦૫માં દીપાવલી તહેવારો પર ગોવા-મહાબળેશ્વરના દસ દિવસીય પ્રવાસ દરમ્યાન જેથી નવેમ્બરની ઢળતી સંધ્યાએ પણજીના અખાતમાં ક્રૂઝની રોમાંચક સામુદ્રિક સફર માણ્યાનું સ્મરણ તાજું થાય છે.

માનસમર્મજ્ઞ મોરારિબાપુએ જલ-થલ-નભ પર કથાઓ કરી છે. સ્ટીમર, વિમાન અને પર્વત પર કથાઓ કર્યા પછી ટ્રેન અને ક્રૂઝ માધ્યમ બાકી હતા. ક્રૂઝ પર પ્રથમ કથા કરવાનું માન કદાચિત્ દ્વારકેશલાલજી મહારાજ (વડોદરા)ને જાય છે. અમેરિકી ભારતીયો માટે ૧૦મીથી ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૦ દરમ્યાન 'સેલિબ્રિટી ક્રૂઝ' (અલાસ્કા) પર એમના વ્યાસાસને કૃષ્ણ ચરિત્રામૃતનું આયોજન થયેલું.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી, પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.*

## ગુજરાતી સાહિત્યના અદ્‌ભુત શેર

*મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,*
*આંગળી જળમાંથી નીકળીને જગા પૂરાઈ ગઈ.*

– ઓજસ પાલનપુરી

---

*અધીરો છે તને ઈશ્વર બધુંયે આપવા માટે,*
*તું ચમચી લઈને ઊભો છે દરિયો માંગવા માટે?*

– અનિલ ચાવડા

---

*દુનિયામાં મને મોકલી પસ્તાયો હતો તું,*
*મૃત્યુનું બહાનું કરી આ પાછો ફર્યો લે.*

– મરીઝ

---

*તારું કશું ન હોય તો છોડીને આવ તું,*
*તારું જ બધું હોય તો છોડી બતાવ તું.*

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

---

*આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી,*
*અર્થ એનો એ નથી કે કોઈએ સફર ખેડી નથી.*

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

---

*કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,*
*નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.*

– જલન માતરી

---

*મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જવા,*
*ચરણ લઈ દોડવા બેસું તો વરસોના વરસ લાગે.*

– મનોજ ખંડેરિયા

---

*સંપ માટીએ કર્યો તો ઈંટ થઈ,*
*ઈંટનું ટોળું મળ્યું તો ભીંત થઈ.*

– અનિલ ચાવડા

---

*શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?*
*કુરાનમાં તો ક્યાંયે પયગંબરની સહી નથી.*

– જલન માતરી

---

*રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી,*
*હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી.*

– બરકત વિરાણી 'બેફામ'

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

પરિવર્તન

# વડીલો વિચારે

પુષ્પાબેન એચ. ઠક્કર

બુઝુર્ગ વડીલો એવી માન્યતા ધરાવે છે કે આજનો યુવાવર્ગ જ્ઞાતિ સંસ્થાઓ અને મહાજનોથી વિમુખ થઈ ગયો છે. વાસ્તવમાં તેમની આ માન્યતા અતિશયોક્તિ ભરેલી, નકારાત્મક અને એકતરફી કહી શકાય તેવી હોવા છતાં તેને સાચી માની કારણો શોધવાના પ્રયત્ન કરીએ તો...

આજના યુવાનોનો એક વર્ગ એવો છે કે જે પોતે સમાજમાં સ્વમાનપૂર્વક ટકી રહેવા પોતાની આર્થિક સ્થિતિ મજબુત કરવા ઝઝુમી રહ્યો છે. આવો વર્ગ ઘણો મોટો છે. **સમાજમાં સામાજિક સ્તર જાળવવા આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવી પડે.** એ માટે આજે દરેકને ઝઝુમવું પડે છે. એ સ્થિતિમાં પહેલાં પોતાનું કરાય પછી શેઠ (સંસ્થાઓ)નું કરાય તેવી માન્યતા તેઓ ધરાવતા હોય છે.

યુવાનોનો બીજો વર્ગ એવો પણ છે કે જે જ્ઞાતિ સંસ્થાઓના કાર્યો કરવા સદા ઉત્સાહિત, તત્પરતા દાખવતો હોય પણ તેને સ્ટેજ પર, યોગ્ય સ્થાન પર આવવામાં અનેક સ્થાપિત હિતો નડતરરૂપ બનતા હોય છે. **આજે સત્તા સ્થાન પર રહેલ ૯૦ વર્ષના વડીલો પણ સ્વેચ્છાએ ખુરશી છોડવા તૈયાર ન હોય અને યુવા વર્ગ તેમની સામે સ્પર્ધામાં ઉતરે તો તેને અવિનયીનું મહેણું મારી દઈ તેની બોલતી ચૂપ કરી દેવામાં આવે છે.** આવા સંજોગોમાં યુવાનો તેનાથી દૂર રહેવાનું બહેતર સમજે છે.

અને આવી માન્યતામાં ઠરેલપણું નજરે પડતું સૌએ જોવું જોઈએ. **સત્તાનો પણ એક નશો હોય છે.** તેમાં વળી કેટલીક જ્ઞાતિ સંસ્થાઓમાં તો રીતસરનું રાજકારણ ખેલાતું હોય છે. તેમાં સેવાની ભાવનાથી જોડાયેલા નવોદિતોને હાથા બનાવતા હોય તેવા સંજોગોમાં યુવાનો વિમુખ બને તો તેમાં દોષ કોનો? કોઈપણ પદ, સ્થાન પર રહેલાઓ, વર્ષોના વર્ષ સત્તા ભોગવ્યા પછી પણ મૃત્યુ પર્યંત તે સ્થાન છોડવા ન ઈચ્છતા હોય તેવા વડીલોએ, પ્રાચીન ઋષિ પરંપરાની આશ્રમ વ્યવસ્થા (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાશ્રમ)નો માર્મિક સૂચિતાર્થ સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

**સિનિયર સિટીઝનનો લાભ લેનાર વડીલો સ્વેચ્છાએ પોતાનો બોજો યુવા વર્ગ પર લાદી પોતે ભાર રહિત હળવાફૂલ થવાની મહેચ્છા રાખવી જોઈએ.** આર્થિક પગભર થવા માંગતા યુવાનો અને કેટલાક શહેરી ગુમરાહ યુવાનોને બાદ કરતાં આજના યુવાનોમાં કર્તવ્યનિષ્ઠા અને ફરજ પરાયણતાનો અભાવ જણાતો નથી. પરંતુ છળકપટ દ્વારા સત્તા મેળવવા કે સત્તામાં ટકી રહેવાના રાજકારણમાં તેમને રસ ન હોય તો દૂર રહે એ સ્વાભાવિક છે. પણ વડીલોએ ઘરની, કુટુંબની કે સમાજની જવાબદારીઓ એમને સોંપવી જોઈએ. ત્યારબાદ તે સલાહ લેવા ઈચ્છે તો આપવી પણ તેનો આગ્રહ ન રાખવો જોઈએ. એમ કરવાથી કદાચ અપેક્ષિત લક્ષ્યાંક કરતાં કંઈક ઓછું પણ મળે છતાં એ ઈષ્ટ અને યોગ્ય ગણાશે.

**આજનો યુવાન કહ્યાગરો થઈને વર્તે એવી અપેક્ષા રાખવી યોગ્ય ન ગણાય.** વડીલો નિર્મિત મૂલ્યો એને બંધનરૂપ જણાતા હોય તો એ નવા મૂલ્યો પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો પણ કરે ને એમ કરવામાં એની દૃષ્ટિએ એ સાચો પણ હોઈ શકે. માટે પરિવર્તનને પણ સ્વીકારી લેવાની તૈયારી સાથે યુવાનોને લગામ સોંપવી જોઈએ. મરણ સુધી માથે લઈ ફરવું એ તો યોગ્ય ન જ ગણાય. **વડીલો, એ ગઈકાલ છે, તો યુવાનો, એ આવતીકાલ છે.** વડીલોની કેટલીક માન્યતાઓ આવતીકાલની દૃષ્ટિએ ખોટી પણ હોઈ શકે. જેમ કહેવાય છે કે ગાંધીજીએ રેલવેનો ઘણો જ વિરોધ કરેલ હતો. ભારત દેશમાં રેલવે ન હોવી જોઈએ એવું તેઓ માનતા.

અભ્યાસક્રમમાં ઈંગ્લિશ ભાષાને મહત્ત્વ ન આપવું જોઈએ એવું કેટલાક ગુજરાતીઓ માને છે. કચ્છમાં ઔદ્યોગિક એકમો ન સ્થપાવા જોઈએ. કચ્છનો ઔદ્યોગિક વિકાસ ન થવો જોઈએ એવું પર્યાવરણ અને ખેતીને નુકસાન થવાના બહાને કેટલાક લોકોનું માનવું છે. દહેજ ભૂખ્યા તલ્લાકી યુવકોને કુંવારા જાહેર કરવા જેથી તેઓ જ્ઞાતિજનોને ગુમરાહ ન કરી શકે (હોદ્દેદારોના સગા થતા હોય તો...!)

**આવી અનેક માન્યતાઓ આજના યુવાને સ્વીકારી લેવી જોઈએ એવો હઠાગ્રહ, દુરાગ્રહ, પૂર્વગ્રહ જો સત્તાધીશોનો હોય તો પછી યુવાનો છેટા જ રહેને?**

શારીરિક આરોગ્ય, માનસિક કાર્યક્ષમતા અને સાંયોગિક પરિબળો અનુસાર પ્રત્યેક વ્યક્તિની નિવૃત્તિ વય અલગ અલગ હોઈ શકે. તેમ છતાં શક્ય હોય એટલા વહેલા હળવા બનવાની તમન્ના હોવી ઈચ્છનીય જ ગણાય. હા, **મૂળ જવાબદારીમાંથી મુક્ત થયા પછી જીવન પ્રવૃત્તિશીલ તો રહેવું જ જોઈએ** પણ તે અસ્થાયી જવાબદારીવાળી પ્રવૃત્તિઓ મુક્તમને આનંદદાયક થતી હોય. તેમાં એવું ન હોય કે સંકટનો ભાર શ્વાન તાણે રે...

આરોગ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૨)




ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? હકારાત્મક તથા નકારાત્મક સ્ટ્રેસ, સ્ટ્રેસની શારીરિક પ્રક્રિયા વિશે જાણકારી મેળવી. ૨૧મી સદીમાં માનસિક સ્ટ્રેસનું પ્રમાણ વધ્યું છે. મનની દુભાયેલી લાગણીઓ સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે તથા શારીરિક બીમારીનું કારણ બને છે અને શારીરિક બીમારી હોય તો આ શારીરિક બીમારીનું પ્રમાણ વધારે છે. બ્લડ પ્રેશર વધી જાય છે, બ્લડ સુગરનું પ્રમાણ વધઘટ થયા કરે છે તથા પ્રમાણ વધી જાય છે. થાઈરોડ હોરમોન્સનું પ્રમાણ વધી જાય છે.

આ લેખમાં વધારે જાણકારી મેળવીએ.

- **માનસિક સ્ટ્રેસનું નિર્માણ ક્યાં થાય છે?**

રાણીબાગમાં આપણે હિંસક જંગલી પ્રાણીઓ જોવા જઈએ છીએ. સિંહ પીંજરામાં હોય છે. આપણને ભયની લાગણી (સ્ટ્રેસ) થતી નથી. સ્ટ્રેસનું નિર્માણ આપણા શરીરમાં થતું નથી.

આ જ હિંસક જંગલી પ્રાણી (સિંહ) ખુલ્લામાં હોય, પાંજરામાં બંધ ન હોય તો ભયની લાગણી નિર્માણ થાય છે. સ્ટ્રેસની પ્રક્રિયા શરીરમાં આપમેળે થાય છે.

બંને ઘટનામાં હિંસક જંગલી પ્રાણી (સિંહ) એ જ છે પરંતુ એક ઘટનામાં સ્ટ્રેસનું નિર્માણ થતું નથી જ્યારે બીજી ઘટનામાં સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

**સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે.** સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વના છે.

- **૧૦% તથા ૯૦% સમીકરણ :**

સ્ટ્રેસની પ્રક્રિયા માટે બાહ્ય ઘટના / પ્રસંગ ફક્ત ૧૦% ભાગ ભજવે છે. ઘટના / પ્રસંગ પ્રત્યેનો વ્યક્તિગત પ્રતિભાવ - પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે.

આપણે રસ્તા પરથી આપણા કામે જતા હોઈએ ત્યારે જો સામેથી થોડાંક માણસો શબ (Dead Body)ને સ્મશાનગૃહમાં લઈ જતા હોય તો આપણને ક્ષણિક નકારાત્મક અસર થાય છે. આપણે આપણા કામે જઈએ છીએ. રોજિંદુ કામકાજ અટકતું નથી (સ્ટ્રેસની લાગણી).

પરંતુ શબ આપણા ખૂબ જ નજીકના કુટુંબીજનનું હોય, જેની સાથે લાગણીનો સંબંધ હોય તો આપણને નકારાત્મક અસર થાય છે (સ્ટ્રેસની પ્રક્રિયા).

કુટુંબીજનોમાં દરેકને એકસરખી નકારાત્મક અસર થતી નથી. મોટાભાગના કુટુંબીજનોને એક કે બે દિવસ અસર થાય છે ત્યારબાદ પોતાના રોજિંદા જીવનના કામકાજમાં જોડાઈ જાય છે (સ્ટ્રેસની પ્રક્રિયા).

બે-એક કુટુંબીજનોને આ નકારાત્મક અસર વધારે થાય છે, ઊંડી અસર થાય છે જેમાંથી પોતાની જાતને જલ્દીથી બહાર લાવી શકતા નથી. મૃત્યુ પામેલ વ્યક્તિની યાદ વારંવાર આવ્યા કરે છે, ઊંઘ આવતી નથી, વારંવાર રડવું આવે છે, રોજિંદા કામકાજમાં મન લાગતું નથી, પરાણે કામકાજ કરે છે. આ અસર જો બે અઠવાડિયાથી વધારે વખત રહે તો આ સ્ટ્રેસની બીમારી છે.

સ્ટ્રેસની પ્રક્રિયા માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે. સામાન્ય રીતે આપણે આંતરિક પરિબળ પર ધ્યાન આપતા નથી.


*બાહ્ય પ્રસંગ –*

૧. સ્ટ્રેસની લાગણી ઉત્પન્ન કરશે.
૨. સ્ટ્રેસની પ્રક્રિયા ઉત્પન્ન કરશે.
૩. સ્ટ્રેસની બીમારી ઉત્પન્ન કરશે.

*આંતરિક પરિબળ –*

(અ) આનુવંશિકતા, (બ) શરીરની ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના તથા એમાંના ન્યુરોટ્રાન્સમિટર્સ, (ક) માનસિક ઉછેર, (ડ) વ્યક્તિત્વ, (ઇ) લાગણીશીલતા, (એફ) સંજોગો તથા પરિસ્થિતિ ૯૦% ભાગ ભજવે છે.

*જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે*
*પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે.*
*– ઇર્શાદ*




- **સ્ટ્રેસની બીમારી (Stress Disorder) :**

સ્ટ્રેસની બીમારી થવા માટે આંતરિક પરિબળ મુખ્ય ઘટક છે જે નીચે પ્રમાણે છે :

**૧. અનુવાંશિકતા :**

સ્ટ્રેસની બીમારી એ વારસાગત બીમારી છે. સ્ટ્રેસની બીમારીથી પીડાતા દર્દીના ભાઈ-બહેન, માતા-પિતા કે દર્દીના સંતાનોને આ રોગ હોવાની અને આ રોગ થવાની શક્યતા વધુ હોય છે. લોહીનો સંબંધ ધરાવતા અન્ય પરિવારજનોમાં પણ સ્ટ્રેસની બીમારીનું પ્રમાણ વધારે હોય છે.

**૨. મનના અવયવોમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સના (રાસાયણિક) ફેરફારો :**

અમેરિકન નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ તથા અન્ય ન્યુરોસાયન્ટિસ્ટોએ છેલ્લા ત્રણ દાયકામાં સંશોધન દ્વારા પુરવાર કર્યું છે કે સ્ટ્રેસની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના, કાર્યશક્તિ તથા (ન્યુરોટ્રાન્સમિટર્સ) રસાયણોમાં નકારાત્મક ફેરફારો થાય છે. જેને લીધે સ્ટ્રેસની બીમારીના લક્ષણો જોવા મળે છે.

**મગજમાં આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો આપણી લાગણી / સંવેદનાનું કેન્દ્ર છે.** એમાં આવેલ બદામ આકારનું એમિગડેલા સંવેદનાનું મુખ્ય કેન્દ્ર છે.

સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી વ્યક્તિને થશે કે નહીં એ એમિગડેલામાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો પર આધારિત છે.

**૩. વ્યક્તિત્વ (Personality) :**

વ્યક્તિના ગુણદોષ સ્ટ્રેસ ડીસઓર્ડર થવામાં એક મહત્ત્વનું ઘટક છે.

૩.૧ ભાવનાત્મક, લાગણીશીલ સ્વભાવ.

૩.૨ નિરાશાજનક લાગણીઓ / ભાવનાને વ્યક્ત કરવાની અણઆવડત તથા આવી અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ.

૩.૩ યોગ્ય સમયે તથા યોગ્ય પદ્ધતિથી "ના" કહેવાની અસમર્થતા.

૩.૪ વાસ્તવમાં હોય એના કરતાં વધારે અપેક્ષાઓ.

૩.૫ અસમાધાનકારક જીદ્દી વલણ.

૩.૬ અન્યો જોડે અયોગ્ય સરખામણી.

**૪. અણગમતી / નકારાત્મક સામાજિક ઘટનાઓ :**

અણગમતા કે નકારાત્મક પ્રસંગો સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારીને પ્રદર્શિત કરે છે.

૪.૧ અંગત સ્વજનનું અકાળે કે આકસ્મિક મૃત્યુ અથવા ગંભીર બીમારી.

૪.૨ માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ.

૪.૩ પ્રિય પાત્ર સાથે કટુતા, અણબનાવ કે ઝઘડો.

૪.૪ અપેક્ષિત સફળતા ન મળવી.

૪.૫ દીકરા કે દીકરીઓને અપેક્ષિત સફળતા ન મળવી.

અનુવાંશિક તથા મનના અવયવોમાં થતાં ફેરફારો વ્યક્તિને સ્ટ્રેસની બીમારી તરફ દોરે છે.

વ્યક્તિત્વનું પરિબળ સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી થવાની શક્યતા ખૂબ જ વધારી દે છે.

અણગમતી સામાજિક ઘટનાઓ વ્યક્તિમાં સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારી લાવે છે.

*(ક્રમશઃ)*

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

કચ્છી કથા

# રાયધણની રાડારાડ



સ્વામી સચ્ચિદાનંદ

જીવન ઉપર સૌથી મોટો પ્રભાવ સંગનો પડતો હોય છે. **માણસ સંગ વિના રહી શકતો નથી. એકાકી માણસ અનાથ જેવો થઈ જતો હોય છે.** તેથી માણસમાત્ર પોતાને અનુકૂળ સંગ શોધતો રહે છે. તેને જે કાંઈ મળે છે તેને સ્વીકારવામાં તેની રુચિ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જો સુરુચિ હશે તો જ સારા માણસોનો સ્વીકાર થઈ શકશે. જો કુરુચિ હશે તો ખોટા માણસોનો સ્વીકાર થશે. સામે ચાલીને કોઈ સારો માણસ મળશે તો પણ કુરુચિવાળો માણસ તેને સ્વીકારી શકશે નહીં.

સામાન્ય રીતે સુસંગ કરતાં કુસંગનો પ્રભાવ બહુ જલદી અને સ્થાયી પડતો હોય છે. સુધરવા કરતાં બગડવું બહુ સરળ હોય છે. સુધરવું એટલે પર્વતશિખર ચઢવું અને બગડવું એટલે તળેટીમાં ઊતરવું, જે સડસડાટ ઊતરી શકાય છે.

મારી દૃષ્ટિએ કુસંગનાં પાંચ ક્ષેત્રો વ્યક્તિને બગાડવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે : (૧) અર્થક્ષેત્ર, (૨) કામક્ષેત્ર, (૩) સત્તાક્ષેત્ર, (૪) વ્યસનક્ષેત્ર અને (૫) ધર્મક્ષેત્ર.

**૧. અર્થક્ષેત્ર :**

માણસમાત્ર પૈસાનો ઇચ્છુક હોય છે. પૈસો ન ગમતો હોય તેવો ભાગ્યે જ કોઈ માણસ જોવા મળશે. પૈસાને નહીં અડનારા ધનત્યાગીઓ પણ પૈસા માટે આડકતરી રીતે ફાંફાં મારતા હોય છે. ઉપરથી ત્યાગ અને અંદરથી રાગ રાખવા કરતાં સીધેસીધો રાગ રાખવો સારો. જેથી જેવા હોય તેવા દેખાય, ઢોંગ ન કરવો પડે.

ધનનું આકર્ષણ કુદરતી છે, કારણકે ધનથી ઘણી અપેક્ષાઓ પૂરી થાય છે. તેથી માણસમાત્ર ધન મેળવવા ખરી-ખોટી પ્રવૃત્તિ કરતો રહે છે. **કેટલીકવાર ધન મેળવવા માટે માણસો ધર્મ અને નીતિ વિરુદ્ધ જઈને પણ પ્રવૃત્તિ કરવા લાગતા હોય છે, જેને પાપ કહેવાય છે.**

પાપથી રોકે તેને **સત્સંગ** કહેવાય અને પાપ તરફ ખેંચે તેને **કુસંગ** કહેવાય. પાપથી પૈસો કમાનારા લોકો બીજા માણસોને પણ પોતાના માર્ગમાં ખેંચી લેતા હોય છે. ચોરી-લૂંટ કરવી, કાપવાં, છળકપટથી વ્યાપાર કરવો, લાંચ-રુશવત વગેરે અનેક પ્રકારથી હરામનો પૈસો કમાવો અને ખાવો તે અર્થકુસંગથી માણસના જીવનમાં આવતું હોય છે.

**૨. કામક્ષેત્ર :**

જીવનમાં સુખ માટે આકર્ષનારું બીજું ક્ષેત્ર તે કામક્ષેત્ર છે. સ્ત્રી માટે પુરુષ અને પુરુષ માટે સ્ત્રી આ ક્ષેત્રનાં મુખ્ય આકર્ષણો છે. **આ આકર્ષણને નિયંત્રિત કરવા લગ્નવ્યવસ્થા રચવામાં આવી છે. જેથી આકર્ષણનું કેન્દ્ર એક નિશ્ચિત વ્યક્તિ સુધી જ સીમિત થઈ જાય.** આમ કરવાથી બંને વ્યક્તિઓ સુખી - સંતુષ્ટ રહેતી હોય છે. પણ જો વ્યક્તિ લગ્નસંસ્થા દ્વારા એક જ જગ્યાએ બંધાઈ ન જાય અને મુક્ત થઈ જાય તો મહાઅનર્થ થઈ જાય. કેટલીક વાર બગડેલા - લફંગા લોકો સારાં માણસોને પણ આ ઢાળ તરફ દોડાવતા થઈ જાય છે, જેથી સારાં માણસોનું જીવન પણ બરબાદ થઈ જતું હોય છે.

કામક્ષેત્રનો કુસંગ ત્રણ પ્રકારનો હોય છે : (૧) કામભૂખ્યા, (૨) વધુ ને વધુ કામસુખ મેળવવાનો લાલચુ અને (૩) અનિચ્છાએ પણ પરિસ્થિતિવશ ઘસડાનારા લોકો. આમાં ભૂખ્યા લોકો બહુ અપરાધી ન કહેવાય, પણ જે લોકો વધુમાં વધુ કામસુખ મેળવવા ઘણાં પાત્રોને ભાગીદાર બનાવતા રહે છે તેમને નિર્દોષ ન કહેવાય. કેટલાક લોકો પરિસ્થિતિવશ અનિચ્છાએ - લાચારીથી આ માર્ગે વળે છે. તેઓ ક્ષમાને પાત્ર ગણાવા જોઈએ.

**એટલું યાદ રહે કે કામમુક્ત કોઈ જ નથી.** કદાચ કોઈ હોય તો થોડા સમય માટે જ હોય, કાયમ કે સદા માટે કોઈ મુક્ત ન જ હોઈ શકે.

આ અત્યંત મહત્ત્વની વાતને ધ્યાનમાં રાખીને જ જીવનના આદર્શો અને મૂલ્યો નિર્ધારિત કર્યા હશે તો લોકો વધુ સુખી થશે. ખોટા આદર્શો અને જીવનનાં ખોટાં મૂલ્યો પ્રજાને દુઃખી કરતાં હોય છે. તેથી પ્રજા દંભી - પાખંડી બનતી હોય છે.

**૩. સત્તાક્ષેત્ર :**

વ્યક્તિને આકર્ષનારું ત્રીજું ક્ષેત્ર સત્તાક્ષેત્ર છે. સત્તા માટે લલચાવનારા અને પછી મહાઅનર્થો કરાવનારા કુસંગી હોય છે. **કામ અને પૈસાની માફક સત્તા પણ કોઈ પાપ નથી. પણ તે હક્કની હોય તો;** જો હરામની હોય તો

સત્તા પાપ થઈ જાય. વગર હક્કની સત્તા મેળવવા રાજવંશોમાં ભયંકર ખૂનામરકી થતી રહી છે, ભયંકર યુદ્ધો થયાં છે અને થયા કરે છે. હા, હક્કની સત્તા મેળવવી તે ધર્મ જ કહેવાય.

**૪. વ્યસન ક્ષેત્ર :**

માત્ર માણસો વ્યસન કરતા હોય છે. પશુ-પક્ષીઓને કોઈ વ્યસન હોતું નથી. માણસોએ અનેક પ્રકારથી નશો ચઢે અને મસ્તી રહે તે માટે પ્રયત્નો કર્યા છે. વ્યસન વ્યક્તિને પકડતું હોય છે. **વ્યસનથી પકડાયેલો માણસ પછી છૂટવા માંગે તો પણ છૂટી શકતો નથી. કેટલાંક વ્યસનો તો વ્યક્તિને બરબાદ કરી નાખતાં હોય છે** - ખાસ કરીને ડ્રગ વગેરે. આવાં બધાં વ્યસનો કુસંગથી જીવનમાં આવતાં હોય છે અને વ્યક્તિ તથા પ્રજાને બરબાદ કરી નાખતાં હોય છે. તેથી વ્યસનીઓથી દૂર રહેવાનું અને સ્વજનો તથા પ્રજાને વ્યસનમુક્ત રાખવાનું કામ સુખદાયી કહેવાય.

**૫. ધર્મક્ષેત્ર**

ધર્મ પણ કુસંગનું ક્ષેત્ર બની શકે છે તેવી વાત ઘણાના માન્યામાં નહીં આવે, **પણ ધર્મ જ્યારે કટ્ટર સંપ્રદાય બને ત્યારે તે કુસંગ-રૂપ બની શકે છે.**

કેટલાય લોકો કોઈ કટ્ટર સાંપ્રદાયિકના સંગમાં પડીને પોતાનું અને બીજા કેટલાયનું જીવન બરબાદ કરી બેઠા હોય તેવા અનેક દાખલાઓ છે.

*ધર્મકુસંગ આ રીતે જીવનમાં આવે :*

૧. ધાર્મિક માન્યતાથી કર્તવ્યનો ત્યાગ થાય. જેમ કે નોકરી-ધંધા-પરિવાર, પોષણ વગેરેનો ત્યાગ કરવાનું મન થાય. જેમ કે અર્જુનને યુદ્ધત્યાગનો વિષાદ થયો હતો.
૨. ધર્મની માન્યતાને કારણે આદર્શ - નિર્દોષ પત્નીનો ત્યાગ કરવાનું મન થાય, તો તે ધર્મકુસંગ કહેવાય.
૩. ધાર્મિક કટ્ટરતાના કારણે લોકો ઉપર અત્યાચાર અને જુલમ કરવાનું મન થાય તો તે ધર્મકુસંગ જ કહેવાય, જેવું કેટલાયે કટ્ટર બાદશાહો વગેરે દ્વારા થયું હતું.

આપણે આવા ધર્મકુસંગની ચર્ચા કરવાની છે. કેટલાય લોકો આવા ધર્મકુસંગથી મહાઅનર્થકારી જીવન જીવ્યા છે અને પોતે બરબાદ થઈને તેમણે હજારોને બરબાદ કર્યા છે.

કચ્છનું રાજકીય સુકાન સુકાની વિનાનું થઈ ગયું હતું. માત્ર ચૌદ જ વર્ષની નાની ઉંમરે **રાયધણજી** ગાદીએ બેઠા. જોકે તેમનાં માતુશ્રી **લાડકુંવરબા** પ્રૌઢ મહિલા હતા. તેમના પિયર લીંબડીના સંસ્કારથી તેમણે રાજધૂરાને બરાબર સંભાળી અને સાચવી. તેમને **દેવચંદ શેઠ** જેવો કુશળ અને વફાદાર દીવાન મળી ગયો હતો. તેથી આંધીમાં પણ તેઓ તંત્ર ચલાવતાં રહ્યાં.

આ સમયે કચ્છમાં સીદીઓનું જોર વધી ગયું હતું. ઉત્તર આફ્રિકાથી લાવીને વસાવેલા આ સીદીઓ હવે ભારે જોરમાં આવી ગયા હતા. બહારથી લાવીને વસાવેલી પ્રજા ક્યારે જોરમાં આવી જાય તે કહેવાય નહીં. શરૂઆતમાં તે થોડી દેખાય, પણ સમય જતાં ગાંડા બાવળની માફક વધી જાય અને મૂળ પ્રજા ઉપર ભારે પડતા લાગે. દૂરંદેશી માણસોએ આવી બાહ્ય પ્રજાથી દેશને બચાવવો જોઈએ. આક્રાન્તાઓ કરતાં પણ પેસી ગયેલી અને વસી ગયેલી હલકી પ્રજા સમય આવતાં ભારે ઉત્પાત મચાવતી હોય છે.

સીદીઓનો નેતા જમાલમિયાં હતો. તેની દાનત બગડવા માંડી હતી. દુર્બળ સત્તા દુર્જનોની દાનત બગાડ્યા વિના રહે નહીં. જમાલમિયાંએ દેવચંદ શેઠની હત્યા કરાવી નાખી, જેથી રાજમાતા એકાકી થઈ જાય. એટલું જ નહીં, દેવચંદ શેઠના ત્રણ દીકરા હતા તેમને પણ મરાવી નાખ્યા.

આ બધાથી રાજમાતાને ભારે આઘાત લાગ્યો. તેઓ માંદા પડ્યા અને રામશરણ થઈ ગયાં. બધા વૅક્યુમમાં સૌથી મોટું વૅક્યુમ સત્તાનું થઈ જતું હોય છે. **કચ્છમાં સત્તાનું વેક્યુમ થઈ ગયું. આ તકનો લાભ ઉઠાવીને સીદી મરીચ નામનો માણસ સર્વેસર્વા થઈ બેઠો.** તેણે વાઘા પારેખ નામના એક વણિકને દીવાન બનાવી દીધો. વાઘો પારેખ રાજ્યમાં મોદીખાનું જોખતો હતો. તેને એકદમ દીવાનનું પદ પ્રાપ્ત થઈ ગયું. રાજસત્તામાં વફાદારી મહત્ત્વની વસ્તુ છે. વફાદારી પછી બીજા નંબરે કુશળતા આવે. વફાદારી અને કુશળતા બંનેનો મેળ જામે તો અધિકારીઓ પાસેથી સારો વહીવટ મેળવી શકાય. વફાદારી વ્યક્તિલક્ષી હોય અને રાજલક્ષી પણ હોય. માત્ર વ્યક્તિલક્ષી વફાદારી રાજના હિતને હાનિ કરનારી થઈ શકે છે. માત્ર રાજલક્ષી વફાદારી અધિકારીઓ ઉપર પૂરી પકડ જમાવી શકતી નથી. વ્યક્તિ અને રાજ્ય બંનેને વફાદાર હોય તો જ અધિકારીઓ પાસેથી ધાર્યું કામ લઈ શકાય છે.

વાઘો પારેખ સીદી મરીચના પ્રભાવથી દીવાન થયો હતો. તે બાબતે તેની પોતાની યોગ્યતા ન હતી તેથી તે હંમેશાં સીદીનો દબાયેલો અને આશ્રિત જેવો રહેતો હતો. સીદીને જે ગમે તે જ કામ તે કરે. સીદીના વિરોધીઓ - ખાસ કરીને દેવચંદ શેઠના માણસોને તેણે ખતમ કરવા માંડ્યા. વેરઝેરનું વાતાવરણ વધી ગયું.

રાજદરબારમાં કોઈ પ્રૌઢ વ્યક્તિ રહી ન હતી. આ વખતે રાયધણજીની ઉંમર ૧૯ વર્ષની હતી. તેમનામાં રાજકીય કે ખાનદાની પ્રૌઢતા નહોતી. અધૂરામાં પૂરું આ વખતે તેઓ ઈસ્લામના પ્રભાવમાં ભરપૂર આવી ગયા હતા. ભારતમાં ઈસ્લામનો પ્રવેશ સિંધ અને કેરળના માર્ગે થયો હતો. સિંધ ઉપર મુસ્લિમ શાસકોની રાજસત્તા ચાલતી હતી. કેટલાક રાજપૂત

વંશો પણ ઈસ્લામ તરફ વળી ચૂક્યા હતા. સિંધના બાદશાહો અવારનવાર કચ્છ ઉપર ચઢી આવતા અને કચ્છને રંજાડતા રહેતા હતા. એવામાં કિશોરાવસ્થાથી જ રાયધણજી **મહમ્મદ પનાહ** નામના એક સૈયદના પ્રભાવમાં આવી ગયા હતા. મહમ્મદ પનાર કટ્ટર મુસ્લિમ હતો. તેણે કિશોરાવસ્થાથી જ રાયધણને ઈસ્લામના રંગે રંગવા માંડ્યો હતો. મોટા ભાગે ઈસ્લામનો સ્વીકાર પૂર્વ-ઉચ્છેદપૂર્વક થતો હોય છે. અર્થાત્ જે જૂનું હતું તે બધું ખોટું હતું. તેને ફેંકી દેવાનું, તેના પ્રત્યે મહાઘૃણા કરાવવાની. અર્થાત્ ઈસ્લામનો સ્વીકાર કરીને કોઈ મૂર્તિપૂજાનો પ્રેમી ન રહી શકે. જે-જે હરામી હોય તે-તે બધા પ્રત્યે સખત નફરત થઈ જાય.

રાયધણજીને હિંદુ ધર્મ, દેવો, મંદિરો વગેરે પ્રત્યે સખત નફરત થઈ ગઈ. નફરતને સત્તાનો સાથ મળે તો મહાવિનાશ નોતરી બેસે. રાયધણજી સર્વસત્તાધીશ રાજા હતા. હિંદુ ધર્મ પ્રત્યેની ઘોર નફરત તેમના રોમેરોમે પ્રગટવા લાગી. તેઓ હાથમાં ઉઘાડી તલવાર લઈને નીકળી પડતા અને જે કોઈ હિંદુ મળે તેને ફરજિયાત કલમો બોલાવતા. જો કોઈએ તિલક કર્યું હોય તો-તો આવી જ બને. ભુજના રાજમાર્ગ ઉપર ઘોડા ઉપર બેસીને ઉઘાડી તલવારે તેમની સવારી આવતી જોતાં જ લોકો ઘરમાં ઘૂસી જતા. લોકો ભયભીત થઈને થરથર ધ્રૂજતા રહેતા.

એકવાર રાઘવજી નામના પ્રતિષ્ઠિત બ્રાહ્મણને કેદ કરી જેલમાં બેસાડી દીધા. જ્યારે ઘણા બ્રાહ્મણો રાઘવજીને છોડાવવા આવ્યા ત્યારે રાયધણજીએ સીદીઓને ભૂખ્યા કૂતરાની માફક છોડી દીધા. કેટલાય બ્રાહ્મણોની કતલ કરાવી દીધી.

રાયધણજીએ જાહેરમાં ઈસ્લામ સ્વીકાર કર્યો અને લોકોને પણ ફરજિયાત ધર્મપરિવર્તન કરવા દબાણ કરવા લાગ્યા. માંડવીમાં જાહેરમાં ગૌવધ કરાવ્યો. હિંદુ મંદિરોનો નાશ કરવા મંડ્યો. તેમણે કોદાળી-પાવડાવાળા માણસો તૈયાર કર્યા, જેઓ હંમેશાં મંદિરો તોડવા માટે તૈયાર રહેતા. માંડવીનું રાણેશ્વરનું મંદિર તોડવા તૈયાર થયા. મૂર્તિઓ તોડવામાં તેમને વધુ આનંદ આવવા લાગ્યો.

હવે તો અતિરેક થઈ ગયો. રાજા પોતે જ મંદિરો તોડે તો પછી મૂર્તિ તોડનારા વર્ગમાં ઉત્સાહ વધી જાય. પણ અંતે નમાલી ગણાતી હિંદુ પ્રજા પણ ઉશ્કેરાઈ. પ્રજાજનો હવે મરણિયા બનીને જેના હાથમાં જે આવ્યું તે લઈને રાજા સામે થયા. મંદિરો તોડનારા જીવ બચાવીને ભાગ્યા. પ્રજાનો ક્રોધાગ્નિ જોઈને રાયધણજી ગભરાયા, પણ **તેમણે માંડવીને લૂંટી લેવાની સીદીઓને આજ્ઞા આપી દીધી.** સીદીઓએ કાળો કેર કરવા માંડ્યો. રાજા રક્ષકની જગ્યાએ ભક્ષક બની ગયો હતો.

માંડવીથી પાછા રાયણધજી ભુજ આવ્યા. તેમની રાણીઓ બધા સમાચાર જાણીને ભારે આક્રોશમાં આવી ગઈ હતી. રાણીઓ વીફરી. તેમનું રાજપૂતી લોહી ઊકળી ઊઠ્યું. તેમણે વાઘા પારેખને રાજાને કેદ કરી લેવા હુકમ કર્યો. પત્ની ગમે તેટલી જાતવાન હોય, પણ જો પતિ મર્યાદાની સીમા ઓળંગતો જ રહે તો નાછૂટકે તેણે વિદ્રોહ કરવો જ જોઈએ. રાજસત્તા એ માત્ર રાજા સુધી જ પરિણામ નથી આપતી, પણ પૂરા પરિવાર તથા પ્રજા સુધી પરિણામ આપતી હોય છે. તેથી રાજાની અવળચંડાઈને રાણીઓ કે લોકો મૂક દર્શક બનીને જોઈ ન રહે.

વાઘા પારેખ અને તેનો ભાઈ કોરો પારેખ બંનેએ મળીને ચારસો માણસોનું જૂથ બનાવીને રાયધણજીને કેદ કરવા પ્રયત્ન કર્યો, પણ આ ધિંગાણામાં વાઘા અને કારો બંને મરાયા. બંને પક્ષના કેટલાય હિંદુ-મુસલમાન મરાયા. એ બધાને એકસાથે ખાડો ખોદીને દફનાવી દેવામાં આવ્યા. હવે આજે આ સ્થાન **વાઘાસર-કોરાસર** નામે ઓળખાય છે.

**આ ઘોર અંધાધૂંધીમાં છેવટે કચ્છનો વહીવટ કરવા માટે બાર સભ્યોની કમિટી નિયુક્ત કરવામાં આવી.** આ બારેબાર સભ્યો મુસલમાન હતા. તેમાં એક પણ હિંદુ નહોતો. તેનો વડો ડોસલ વેણ હતો.

રાયધણજીનું ઈસ્લામનું ઝનૂન વધતું જ ગયું. તેમણે મહમ્મદ પનાહ અને પઠાણોનો સાથ લઈને એક જ દિવસમાં બધાં મંદિરો તોડી નાખવાની તથા બધી મૂર્તિઓના ટુકડે ટુકડા કરી નાખવાની યોજના બનાવી. **પણ છેલ્લી ઘડીએ ભુજના એક નાગર બ્રાહ્મણને બધી ગંધ આવી ગઈ.** સવારે તો બધા મંદિરો ધ્વસ્ત થઈ જશે — હવે શું કરવું? તેણે રાતોરાત એક સાંઢણી સવારને ગૂપચૂપ **અંજાર મેઘજી શેઠને** ત્યાં મોકલ્યો અને ચિઠ્ઠી લખીને બધી વિગત જણાવી. મેઘજી શેઠને જેવા સમાચાર મળ્યા કે તરત જ તેમણે ચારસો ભડવીરો તૈયાર કરી ભુજ ઉપર આક્રમણ કર્યું. કોટ બંધ હોવાથી બધા હિંમત કરીને કૂદીને અંદર પડ્યા. મંદિરો તોડવા માટે તૈયાર થઈ રહેલા પઠાણો, સીદીઓ વગેરે ઉપર મેઘજી શેઠના જવાંમર્દો તૂટી પડ્યા. રાજા મહેલમાં ભરાઈ ગયો. શેઠે મહેલને ઘેરી લીધો. ત્રણ દિવસ પછી રાજા શરણે થયો. મેઘજી શેઠે રાયધણજીને કેદ કરી લીધા. ખરેખર મેઘજી શેઠે ખરા સમયે રંગ રાખ્યો કહેવાય. **કચ્છના ઇતિહાસમાં મેઘજી શેઠનું નામ સુવર્ણ અક્ષરોએ લખાવું જોઈએ.** મેઘજીની મહાનતા બતાવતું આ કાવ્ય ઘણું ઘણું કહી જાય છે :

*દેવળ ગિરિ જાત ઔર દેશમેં મસીત હોત,*
*દેવહુ કી મૂર્તિયાં ઉખાડ લોક ધરતે.*
*પઢતે કલમા સબ ઈલ્લિલા મહમૂદકા,*
*હિંદુ મુસલમાં હોકર ટારે હુ ન ટરતે,*

**(અનુ. : જુઓ પાના નં.-૩૧ ઉપર)**

કચ્છની રસધાર

# ખાનદાની



દુલેરાય કારાણી

કચ્છ - ભુજના દરબારગઢના નગરખાનામાં ચોઘડીઆં ગડગડી રહ્યાં હતાં. નૂતન વર્ષના નવલ પ્રભાતે કચ્છના રાજવી દેશળજી બાવાનો રાજમહેલ વિવિધ શણગારથી શોભી રહ્યો હતો. રાજના હજૂરી અને કામદારો કચ્છી ભેઠ અને પેચદાર કચ્છી પાઘડીમાં આમતેમ આંટા મારી રહ્યા હતા. અધિકારીઓ અને પ્રજાજનોનો રાજમહેલમાં આજે એકસામટો ધસારો લાગી રહ્યો હતો. આજે નવા વરસના નવલા દિવસે લોકોનો ઉલ્લાસ માતો ન હતો. કચ્છની પ્રજાના કચ્છી પોશાકમાં આજે કંઈ અજબ જેવી છટા આવી ગઈ હતી.

કચ્છપતિ રાઓ શ્રી દેશળજી દરબારગઢના સભાખંડમાં મોટી સભા સાથે બિરાજમાન હતા. દેશળ દરબારનાં પ્રખ્યાત એવા ચૌદ રત્નો પણ રાજકચેરીમાં હાજર હતા. આ ચૌદ રત્નોને કવિએ એક જ છપ્પયમાં વણી લીધાં છે —

*મોતી, મેર અરુ ખંત, ફતુ ઔર અકબરઅલી*
*રુદ્ર, ચંદ્ર, ગોવિંદ, ઉનંડ કવિ, કેશવ કલ્લી,*

*કાન ઔર ખેંગાર, વાલ અરુ લાલા છલ્લી,*
*જુગ મયંક સમ અંક, રત્ન નર મહા પ્રબલ્લી,*

*જ્યોં ધારા પતિ ભોજ, લસત બસત બલ બુદ્ધિ યુત,*
*ત્યોં ઈત રાજ રાજેન્દ્ર, રાઓ દેશલ કચ્છ પત.*

આ ચૌદ રત્નોમાં પહેલા અંજારના ગોરજી મોતીચંદજી, બીજા ગોરજી માણેકમેરજી, ત્રીજા માંડવીના ખાંતિવિજયજી ઉર્ફે બોડા ગુરજી, ચોથા જમાદાર ફતુ મલેક, પાંચમો અબડાસાના ડુમરા ગામનો અતિ પ્રખ્યાત એવો અલી ચોર, છઠ્ઠા ગુંદિયાળીના જ્યોતિષશાસ્ત્રી હરજી પંડ્યા, સાતમા નાગ્રેચાના જાડેજા ચાંદાજી, આઠમો ગોધરા ગામનો મહાન મશ્કરો ગોવિંદો જોશી, નવમા ખાખરના જાડેજા કવિ ઉન્નડજી, દશમા ભિટારાના રાજગોર કવિ કેશવ, અગિયારમા કાનમેર ગામના કાના બારોટ, બારમા રોહાના જાડેજા ખેંગારજી, તેરમો વાલો ખવાસ અને ચૌદમો અંજારનો સારસ્વત લાલો મહારાજ જે લાલા ઠગના નામે પ્રખ્યાત હતો.

ધારાનગરીના ભોજરાજાનો રાજદરબાર જેમ ચૌદ રત્નો વડે દીપતો હતો તેમ **ભુજ નગરીનો દેશળ દરબાર પણ ચૌદ રત્નો વડે શોભી રહ્યો હતો.**

શંકરના દરબારમાં જેમ સિંહ, હાથી, ઉંદર અને ભૂતગણને પણ સ્થાન હતું તેમ દેશળ દરબારમાં યતિઓ, વૈદો, શાસ્ત્રીઓ, કવિઓ, ભાયાતો સાથે ચોર અને ઠગને પણ સ્થાન હતું. **આમ દેશળજી બાવાએ બસ્સો વરસ પહેલાં કચ્છમાં સાચા સમાજવાદની સ્થાપના કરી હતી.**

આજે નૂતન વર્ષના આનંદનો દિવસ હોવાથી ચોપદારો નેકી પોકારી રહ્યા હતા. મહારાઓશ્રી એક પછી એક અમલદારો અને પ્રજાજનોની સલામી લઈ રહ્યા હતા. છડીદારો સલામી આપનારનાં નામ પોકારી-પોકારીને તેમના તરફ મહારાઓશ્રીનું ધ્યાન દોરી રહ્યા હતા.

એટલામાં કચ્છ **માંડવીના શેઠ માણેકચંદ શાહ**ના પુત્ર માવજી શેઠનો વારો આવ્યો. માંડવી બંદરનો ઈજારો હમણાં માણેકચંદ શેઠ પાસે હતો. માણેકચંદ શેઠ પર બાવાને અત્યંત પ્રેમ હતો. બાવા જ્યારે જ્યારે માંડવી પધારે ત્યારે માણેકચંદ શેઠના ઘરની મહેમાની સ્વીકાર્યા વિના જાય જ નહીં. કચ્છની ગૂર્જર વાણિયાના ઘરની રસોઈની વિધવિધ ભોજનસામગ્રીનો આસ્વાદ લેવાનો બાવાને ખૂબ શોખ હતો. માણેકચંદ શેઠ પણ બાવાના આ શોખને સાર્થક કરવા વણિક કુટુંબના પાકશાસ્ત્રની પ્રવીણતાની તમામ કળાઓ અજમાવવાનું ચૂક્યા નહીં. આ શેઠના ઘરની વાનગીઓનો સ્વાદ બાવા ભૂલતા નહીં.

આ વરસે માંડવી બંદરના ઈજારાની આવક ઘણી વધી ગયેલ હોવાથી માણેકચંદ શેઠે બાવાને નવા વરસનું નજરાણું કરવા પોતાના પુત્ર માવજી શેઠને ખાસ ભુજ મોકલાવ્યો હતો.

સલામીનો વારો હવે માવજી શેઠનો આવ્યો. માવજી શેઠ સલામી માટે ઊભા થતાં જ ચોપદાર પોકારી ઊઠ્યો : "માવજી શેઠ કી સલામ પે નિગાહ રખ્ખો મહેરબા....ન સલામત!"

માવજી શેઠે નમી-નમીને બાવાને ત્રણ વાર સલામ કરી. પછી પિતાએ મોકલાવેલ નજરાણાની બે જંગબારી મોટી છાબો બાવાનાં ચરણો પાસે રજૂ કરી. બંને છાબ ઊંચી કિસમના માંડવીની બનાવટના રેશમના તાકાઓથી છલોછલ ભરેલી હતી. **બાવાએ છાબ પરનો રૂમાલ ખસેડી, રેશમના તાકા ઉપાડી, નજરાણાનું નિરીક્ષણ કરવા માંડ્યું. રેશમના તાકા નીચે સોનાની કોરીઓનો ઢગલો દેખાઈ રહ્યો.**

રેશમના તાકા નીચે પડેલી સોનાની કોરીઓ જોઈને બાવાને નવાઈ લાગી. એ જ વખતે બાવાના મુખમાંથી ઉદ્‌ગાર બહાર આવ્યા :

“અરે માવજી હી કુરો? હી તાં નરાણું આય કે ખજાનું આય?” (અરે માવજી, આ શું? આ તે નજરાણું છે કે ખજાનો છે?)

“બાવા! મોટા શેઠે કહ્યું કે આ સાલે માંડવીના ઈજારામાં બાવાને પ્રતાપે ખૂબ જ લાભ થયો છે એટલે બાવાને નવા વરસે સારું નજરાણું કરવું જોઈએ.” માવજી શેઠે બાવાના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું.

આ સાંભળીને બાવા બોલ્યા : “અરે, ગાંડો થા મા માવજી! એ લાભ માંડવીએ નથી આપ્યો! મેં જાતે જ જાણીબુજીને આપ્યો છે. જા, લઈ જા! આ સોનાની કોરીઓ પાછી લઈ જા! બીજું નજરાણું ભલે રહેવા દે!”

“પણ બાવા, સોનાની કોરીઓ પાછી લઈ જઈશ તો મોટા શેઠ મને વઢશે!”

“તને વઢશે પણ મને નહીં વઢે! તું જા! હું મારા અસવાર સાથે આ કોરીઓ પાછી મોકલી આપું છું. હવે તો નહીં વઢે ને?”

માવજી શેઠ હવે લાચાર બન્યો. **બાવાનો એમના પ્રત્યેનો અપાર પ્રેમ અને એમના મનની મોટાઇ જોઈને માવજી શેઠની આંખો આનંદ અને આભારનાં આંસુ સાથે છલકાઈ ઊઠી.**

**આનું નામ તે ઉભય પક્ષની ખાનદાની!** ■

## રાયધણની રાડારાડ

**(અનુ. : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)**

*રાઓકો બુલાકર, દારૂમેં દીવાન કર,*
*લાખા ઔર દેસલકા ખજાના ખૂબ હરતે,*
*કહા કચ્છવાલે રાજપૂત ગુમરાહી કરો*
*મેઘજી ન હોત તો મ્લેચ્છ રાજ કરતે.*

મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજે જે કામ કર્યું તે જ કામ કચ્છમાં મેઘજી શેઠે કર્યું કહેવાય.

મેઘજી શેઠે આખા કચ્છમાં શાંતિ સ્થાપવા માટે પ્રયત્નો કરવા માંડ્યા. તેમાં કેટલાક ભાયાતો તારાજ થયા. ભાઈજી બાવા દેવ થયા ત્યારે તેમની લૌકિક ક્રિયા કરવા મેઘજી શેઠ આવ્યા અને ત્યારે તેમની એક સીદીએ પાછળથી હત્યા કરી નાખી. **કચ્છનો આ મહાન સપૂત વાણિયાવાડના નાકે કાયમ માટે પોઢી ગયો.** મેઘજી શેઠનું યથાયોગ્ય સ્મારક રચાયું લાગતું નથી. માત્ર એક નાની સરખી દેરી જ ઊભી છે. કચ્છના બધા લોકોએ મળીને મેઘજી શેઠનું ભવ્ય સ્મારક બનાવવું જોઈએ. ■

# પાંચ ‘મ’ કારથી ચેતો

***– શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ***

વર્તમાન વિષમકાળમાં જે ખરાબ તત્ત્વોનો વ્યાપ વધારે છે તેમાં પાંચ ‘મ’કાર – મદ્ય, માંસ, માનુની, મુદ્રા અને મત્સ્યનું વધુ સેવન કારણભૂત છે. આના કારણે સામાન્ય મનુષ્યની બુધ્ધિ ભ્રષ્ટ થઈ ગયેલ છે. સત પુરુષોની પણ જો બુધ્ધિ ભ્રષ્ટ થાય તો તેનાથી પણ વધુ નુકસાન થઈ શકે છે. હાલમાં ભારતીય પ્રજાના શ્રીમંત શિક્ષિત અને શહેરી વર્ગમાં, રાજકારણ ખેલતા વર્ગમાં બુદ્ધિભ્રંશ વધુને વધુ દેખાવા લાગ્યો છે. આ ઘણા મોટા અમંગળની એંધાણી કહેવાય.

ગર્ભપાત, કતલખાનાઓ, બેરહમ જીવહિંસા, છુટાછેડા, માતા-પિતા વડીલો પ્રત્યે કારમી કૃતઘ્નતામાંથી સર્જન પામતા ઘરડા ઘરો, સંતાનો પ્રત્યેની ફરજોમાંથી ચ્યુત થવાના કારણે ઉભા થતા ઘોડિયા ઘરો, ડેથ-વિશ, મર્સીફુલ ડેથ, સંયુક્ત કુટુંબોનું વિભાજન, પર્યાવરણ નાશ, કોન્વેન્ટના વિધર્મી કલ્ચરનો વ્યાપક પ્રસાર, પ્રજામાં ભૂખમરો, ગરીબી, બેકારી, બીમારી અને ગુલામીનો વધતો જતો વ્યાપ, તેના પ્રત્યાઘાતરૂપે ચોરી, લૂંટફાટ, ખૂનખરાબા, બળાત્કાર, વ્યભિચાર, બેફામ દારૂ, બેફામ ભોગ, બેફામ ખાણીપીણી, નોનવેજનો ઝડપી ફેલાવો...

પરિણામે પ્રજામાં સર્વ ક્ષેત્રે અંધાધૂંધી, અરાજકતા, અવ્યવસ્થા દેખાય છે.

આ બધાના મૂળમાં ત્રણ વાવાઝોડા : (૧) મલીન તત્ત્વો, (૨) પશ્ચિમની વિકૃત જીવનશૈલીનું અનુસરણ અને (૩) અંતરંગ દોષો કારણભૂત છે. પ્રથમ વાવાઝોડાના સંચાલક મલીન તત્ત્વો છે. જેમાં પાંચ ‘મ’ કારનું ખૂબ જોર છે. પણ કોઈપણ વસ્તુ કાયમ માટે ચાલતી નથી. એનો પણ સમય હોય છે. તે પૂરો થતાં તે વસ્તુનું જોર એકદમ નબળું પડે છે. હાલના સંકેતો એમ જણાવે છે કે હવે ભારતીય ધર્મો, સંસ્કૃતિ અને પ્રજાનો ઉદયકાળ શરૂ થશે. આપણે સૌ ઉક્ત પાંચ ‘મ’કારને ત્યજીને તેમાં સહયોગી બનીએ. ■

## એક જ વાર પસાર થવાનું છે

*ભાગદોડ ભરી આ દુનિયામાંથી*
*મારે એક જ વાર પસાર થવાનું છે, ત્યારે*

*ક્યાંક કોઈના આંસુ લૂછી શકું,*
*ક્યાંક કોઈ સ્મિત વેરી શકું,*

*ક્યાંક કોઈનું દર્દ પી સકું,*
*કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ,*

*કરી લઉં બધું આ બનતી ત્વરાએ*
*ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.*

*– ભાર્ગવી દોશી, સૌજન્ય : “સમજણના સૂર”*

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૪)

હંસરાજ સાંખલા

## જ્યોતિકાને વિદાય

વાજતે ગાજતે સામૈયું મામેરાનું સ્વાગત કરવા નીકળ્યું.

ગોતીડો (કળશ) લઇને ધીમી ચાલે ચાલતી જ્યોતિકા લગ્નનાં કપડાંમાં, હસમુખા ચહેરા થકી દીપી ઊઠતી હતી. એ આશા પારેખ જેવી લાગતી હતી.

બે મામા પરિવાર લાઇનસર ગોઠવાઈ ગયા.

ગંભીર ચહેરે રતન મામાઓને વધાવવા આવી. તેની બંને નણંદો તેની સાથે હતી.

જ્યોતિકાના સગા મામા પરિવાર લાઇનમાં પહેલો ઊભો હતો.

રતન એક પછી એક મામાને કંકુચોખા થકી વધાવીને મીઠાઈ ખવડાવતી આગળ વધતી હતી. તેનું હૃદય ખૂબ તેજ ગતિએ ધબકતું હતું. તેનો હાથ ધ્રુજતો હતો.

હવે તેનો માવતર પરિવાર આવ્યો. તે પેલા જ તેના નારણકાકા ઊભા હતા. રતને એને કંકુનું તિલક કરવા હાથ લાંબો કર્યો ત્યાં એને ચક્કર આવી ગયા. પડતી રતનને એના નારણકાકાએ પકડી લીધી.

ત્યાં 'શું થયું? શું થયું?' થઈ ગયું.

આ જોતાં જ જ્યોતિકા પોતાના માથા ઉપરનો ગોતીડો (કળશ) એની બાજુમાં ઊભેલી એની ફઈની દીકરીને દઈ એની ઢંકળાઈ ગયેલી રતનમા પાસે ઝડપથી ગઈ. એણે એની રતનમાને નાનાબાપાના હાથમાંથી લઈ લીધી. રતનમાને લઇને એ ત્યાં જ બેસી ગઈ. તેનું માથું ખોળામાં લઈ એ દબાવવા લાગી. તેના ફઇ તેના સાડીના પાલવથી હવા નાખવા લાગ્યા.

'મા મા તમને શું થ્યું?' જ્યોતિકાની આંખમાં આંસુ આવી ગયા. 'મા, મા, આંખુ ખોલો. જ્યોતિકાએ રોતાં રોતાં કહ્યું. મારા જ લગ્નમાં મારી જશોદામાને આમ થશે તો મારું શું થશે? મા આ બે દિવસ તમારે હાચવવાનું હે. પછી હું નૈ હૌં ને? મા, તમને મારા હમ હે.' જ્યોતિકાના આંખના આંસુ ખોળામાં સૂતેલી રતનમાના ચહેરા પર પડતાં રતનમાએ આંખો ખોલી. એને થોડું પાણી પાયું.

એના કાકા અને કાકી બધી વાત સમજતાં હતાં. લાગણીશીલ રતનને આ પ્રસંગે એનાં બાળકો યાદ આવ્યા હશે! અને એના આઘાતથી જ આ બધું થયું હશે.

જ્યોતિકાએ રતનમાને ઊભી કરતા "મા હાલો, મામાને વધાવીએ." રતનમાને બદલે જ્યોતિકા બધા મામા નાનાબાપાને કંકુ ચોખા લગાવી પોંખતી હતી અને એની બાજુમાં એની નણંદના સહારે રતન ઊભી હતી. જ્યોતિકા મામાઓને તિલકચોખા કરતી હતી પણ એની આંખમાંથી આંસુ વહેતાં હતાં. રતન પણ ઘડી ઘડી આંસુ લૂછતી, સૂનમૂન યંત્રવત્ આગળ વધતી હતી.

આ દૃશ્ય જોઇને મામેરાંવાળાં તથા હાજર સૌ માંડવિયામાં કોઈની આંખો કોરી ન હતી. ઘણાં બધાં લકાઇ લકાઇને આંસુ લૂછતાં હતાં.

રતનને થયેલી તકલીફને લઇને ડૉક્ટરે ખાસ સૂચના આપી એની જ્યાં જરૂર હોય ત્યાં જ બોલાવવા, બાકી આરામ કરાવજો. આમ તો બધું બરોબર છે. લાગણી અને આઘાતને લઇને ચક્કર આવ્યા હતા. ચિંતા જેવું નથી.

ડૉક્ટરની ના છતાંય, મામેરું ભરતી વખતે રતને પોતે હઠ કરી, માંડવામાં બેઠી. હર્ષ-વિષાદમય લાગણીઓ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

બે મામા પરિવાર તરફથી રંગેચંગે મામેરાં ભરાયાં. ભાભીઓને ભારપૂર્વક પીરસવાની લાગણી છતાંય, રતન એને પીરસી ન શકી. રતન એ લહાવાથી વંચિત રહી.

★

જાન માંડવે આવી.

રતન જમાઇરાજને પોંખી – આરતી ઉતારી, આરામ કરવા ગઈ.

રતનના હૈયામાં વેદના થઈ "પાંચ દીકરીઓની મા છતાંય મારા નસીબમાં શું એક પણ દીકરીને 'મંગળફેરા' ફરવાનો લહાવો નહીં હોય?" દીકરીને મંગળફેરા ફરવાનો લહાવો લેવાનાં રતનનાં ઓરતાં અધૂરાં રહ્યાં.

રતન એના રૂમમાં સૂતી આરામ કરતી રહી.

એના શરીરને આરામ હતો પણ આ સંજોગો વચ્ચે મનને ક્યાંથી આરામ હોય? પ્રસંગને લઇ જૂની યાદો તાજી થતાં, એના મનને એનાં પોતાનાં બાળકો યાદ આવતાં, લાગણીશીલ રતનનું મન વલોવાતું હતું. એની બાજુમાં એની કાકીમા (પારૂકાકી) બેઠાં હતાં. રતનને એની પાસેથી એનાં છોરાનાં હમાચાર જાણવા હતા. પણ જૂના ઠેકાણેથી એનું એવા મુદ્દાએ છૂટું થયું હતું કે જેને લઇને એ કાકીમાને એ બધું પૂછવાની હિંમત ન કરી શકી. એટલે એણે પૂછ્યું, "મા ફેરા ફરાઈ ગ્યા?"

"હોવે. બેટા જમણવાર થૈ ગ્યો. તું થોડુંક ખાઈ લેને!"

રતન મૌન રહી. નકારમાં માથું હલાવ્યું. "જ્યોતિને મોકલાવે તૈયે મને કેજો." કહેતાં એની આંખમાં આંસુ આવી ગયાં.

"ભલે પણ તને ડૉક્ટરે આરામ કરવાનું કેધુ હે."

"એમ મને કાંય થ્યું નથી. મને થોડું ઓલી, છોરીયુંને જૂનું યાદ આવી ગયું." કહેતા એનાથી ડૂસકું મૂકાઈ ગયું.

"રતન બેટા, હવે એ બધું ભૂલી જા. તને તાં તારી દીકરી જ્યોતિ તો મલી જ ગી હે ને? જોતાં, તારો કેવો ખ્યાલ રાખેરી. પેટની દીકરીયે આવો ખ્યાલ ન રાખે. હવે ઈયાં તને ઉવાં જેવાં ક્યાં દુઃખ હે! ઘણીયે ભગવાને કસોટી કરી. હવે તાં રાજલ (= રાજા જેવી જાહોજલાલી) લગાવી દીધી હે ભગવાને, હવે તું ઇ બધું યાદ કરીને દુઃખી ન થા."

"પણ મા મને મારા છોરાં...?" એ આગળ બોલી ન શકી. એ ફરી રોઈ પડી.

"રતન! દીકરા હવે ગાંડી ન થા. ઇ કુટુંબવાળા તારાથી કેવું વર્ત્યા હે? તેં એના હારું શું-શું નોતું કર્યું? ઇ મેં મારી હગી આંખે જોયું હે. હું એની સાક્ષી પણ હૌં. હવે ભૂલી જા. અને જોને ભગવાને તારાં ઇ તપની કદર કરી જ હેને? ઈયાં કેવી રાજલ લાગી પડી હે. જ્યોતિ જેવી જ તને જ્યોતિ મલી ગી હૈ."

"તોય મારાં....." એના ગળે ડૂમો ભરાઈ આવ્યો. તે આગળ ન બોલી શકી. એની આંખમાં આવેલાં આંસુ પારૂકાકીએ લૂછ્યાં.

થોડીવાર થઈ ત્યાં પાનેતર ઘરચોળાથી સજ્જ જ્યોતિકા માની પૃચ્છા કરવા અને મળવા આવી. ઉદાસ વદને બેઠેલી એની રતનમાને ભેટીને એ રોઈ પડી. થોડીવાર બંને મા-દીકરી રોતી રહી. રોતી જ્યોતિકાએ રતનમાના આંસુ લૂછ્યાં.

"હવે કેમ છે તમને મા?" એ માંડ માંડ બોલી શકી.

રતને બોલ્યા વગર હકારમાં માથું હલાવ્યું.

"મા હવે હું મારે હાહરે જઈશ." જ્યોતિકાને રડવું ન'તું છતાં એનાથી રડી પડાયું. આમ તો એ રડીને રતનમાને દુઃખ પહોંચાડવા ન'તી માંગતી.

રતને કંઈ જવાબ ન આપ્યો. એ એકીટશે એની સામે જોઈ રહી. એની આંખમાં આંસુ આવી ગયાં. રતનને થયું, "ખરેખર તો હાહરે જતી દીકરીને મારે હૈયાધારણ આપવી ખપે. પણ આજ આ બધું કેમ થઈ જાયર્યું?"

થોડી વારે સ્વસ્થ થઈ, આંસુ લૂછી જ્યોતિકા બોલી, "મા, હવે તમે તમારું શરીર હાચવજો ને કોઈ વાતે જીવ ન બાળજો. મારી ચિંતા જરાય ન કરજો. હું જલદી જ આંટો દઈ જઈશ. તમને કાંય તકલીફ થાય તો બાપુજીને કે ભાઈને જલદી કઈ દેવું."

"ભલે. લે હવે તું મારી ચિંતા ન કરજે ને તારું ધ્યાન રાખજે. નવાં નવાંમાં માવતર યાદ આવે પણ દીકરીએ માવતરને ને બાળપણને જલદી ભૂલી જવું. થોડું અટકી આગળ કહ્યું, "પણ ભૂલવું તાં ઘણું ઓખું હે..." કહેતાં એના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. ને આંખના ખૂણા ભીના થઈ ગયા.

દીકરીએ ફરી એના આંસુ લૂછ્યાં. 'મા' જ્યોતિકાએ રતનમાની હડપચી પકડી પોતાની સામે જોવરાવતાં કહ્યું, "મારી જશોદા મા, હવે તમે ઢીલાં થાઓ તો તમને તમારી આ દીકરીના હમ હે." કહી એ એની માને ભેટી પડી. 'ભલે મા હવે તમે આરામ કરો. હું હવે જાઉં. તમારા શરીરને હાચવજો. ભલે નાનીમા હું હવે જાઉં. મારી માનું ધ્યાન રાખજો." કહી પારૂ નાનીને મલી. રતન કંઈ કહેવા જતી હતી પણ એ કંઈ કહી ન શકી. એનો હાથ લાંબો રહી ગયો ને જ્યોતિ એની રતનમા ન દેખે તેમ પોતાનાં આંસુ લૂછી બહાર નીકળી ગઈ. બહાર તેની બહેનો અને બહેનપણીઓ તેની રાહ જોઈને ઊભી હતી. ત્યાં એણે રોકી રાખેલા આંસુ એ ન રોકી શકી. એ રોઈ પડી. એ ડૂસકે ચડી ગઈ. એની બહેનપણીઓ જેવી મામાણ, કાકાણ અને માસિયાણ બહેનો અને બહેનપણીઓએ તેને ઘેરી લઈ એને માંડ માંડ છાની રાખી. અને થોડી વારે જાનની ગાડીના વ્હીલે નાળિયેર સીંચી જાનને વિધિસર વિદાય આપી. એની રતનમા સિવાય તમામ સૌ વિદાય થતી ગાડીમાં પાછળ બાંધેલ સળગતા લામણ (રામણ) દીવાને જોતાં સૌએ આંખો લૂછી, વિદાય આપી.

*(ક્રમશઃ)*

*સ્વપ્નમાં મેં જોયું કે જીવન તો આનંદમય છે.*
*જાગીને જોયું તો જાણ્યું કે જીવન તો સેવા છે.*
*હું કાર્યરત થયો અને મળી ગયો તાળો.*
*સેવામાં જ તો છે આનંદ!* – *રવીન્દ્રનાથ ટાગોર*

દૃષ્ટિકોણ

**૧૯૬૨, ૧૯૬૫, ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં સેવા આપનાર વિમાન ચાલક**

# સંત પાયલોટ બાબા



ગોવિંદ વી. ખોખાણી
પ્રેસ રીપોર્ટર

મિગ વિમાન ઉડાડનાર ભારતીય એરફોર્સના પાયલોટ, વૈભવશાળી જીવન પસાર કરનાર પાયલોટ કપિલએ પોતે પણ ક્યારેય વિચાર્યું નહીં હોય કે પોતાની સરહદ રખેવાળીની ફરજ દરમિયાન પોતાનું જીવન અધ્યાત્મના માર્ગે વળી જશે અને આકાશની ઉંચાઈએ મૌન ધારણ કરી આત્મા, ઈશ્વરીય શક્તિ સાથે વાતો કરતો થશે. પોતાની કૌશલ્ય શક્તિથી પાયલોટ બનનાર કપિલ આજે ભારતીય સંત સમુદાયમાં પાયલોટ બાબા તરીકે જાણીતા છે.

આજે સંત સમુદાયમાં હિંદુ સનાતન ધર્મને લાંછન લગાડનાર ઢોંગી સંતો પોતાના સાંપ્રદાયિક વાડાઓ ઊભા કરી ભોળી પ્રજાને પ્રલોભન આપી, ગૃહસ્થ જીવનમાં ભ્રષ્ટાચાર ઊભો કરી રહેલ છે ત્યારે પાયલોટ બાબા અંધશ્રધ્ધા, ખોખલી વાતોથી દૂર રહી ઉપદેશ આપતાં માત્ર એક વાત કરે છે કે, **'દરેક માણસ પોતાની જાતે જ મહેનત કરી ભગવાનને મેળવી શકે છે.'** બધા જ ધર્મોનું એકમાત્ર લક્ષ્ય આધ્યાત્મિક શોધ છે અને યોગ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ સરળ છે તેમ માનનારા પાયલોટ બાબા અન્ય સંતોની જેમ ધર્મ, પૂજાપાઠ, અર્ચના, મંત્રજાપ સાથે જીવવાની કળા અને સ્વયં શરીર અંગે વધુ બોલે છે. બાબાનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ ખૂબ જ વ્યવહારિક અને વૈજ્ઞાનિક છે.

૨૦૦૧માં અલ્હાબાદ કુંભમેળામાં બાબા સાથે પ્રથમ મુલાકાત થઈ. ત્રિવેણી સંગમના તળ પર વિશાળ સંખ્યામાં ફેલાયેલ સાધુ, સંતો, મહંતો, પીઠાધીશોના તંબુઓ વચ્ચે કાલી સડક રોડ પર પસાર થતાં અચાનક પાયલોટ બાબાનું બેનર જોવા મળ્યું. આ સંતની જીવનચર્યા અંગે સાહિત્ય દ્વારા વાંચવા મળેલ. તેથી તુરંત ટેન્ટમાં પહોંચી ગયા. બપોરના સમયે બાબા એકલા જ બેઠા હતા. શ્રદ્ધાળુઓની ચહલપહલ ઓછી હતી. બાબાને વંદન કરી નતમસ્તકે ઊભો રહ્યો કે બાબાએ તુરંત ખુરશી પાસે ખેંચી, બેસવા આદેશ કર્યો. વાર્તાનો દોર શરૂ કરતાં બાબાએ વતન અંગે માહિતી મેળવી, પરિવારના ખબર અંતર પૂછ્યા. ધાર્મિક ઉપદેશ આપતા સંત જીવન જીવવાની કળા અને સ્વયં શરીર અંગે વિસ્તાર પૂર્વક સમજણ આપતાં શરીરમાં આત્માના વાસ અને આત્માથી પરમાત્માના દર્શન અંગે ગૂઢ રહસ્યની વિસ્તાર પૂર્વક સમજણ આપે છે. જે આ જ્ઞાની સંતમાં દર્શન શાસ્ત્રનું જ્ઞાન જોવા મળે છે. લાંબા સમય સુધી ઉપદેશ મેળવી વિદાય લીધા પછીની આ પ્રથમ મુલાકાત કાયમી બની જાય છે. હરિદ્વાર, અલ્હાબાદ, ઉજ્જૈન તેમજ નાસીકના કુંભમેળામાં જ્યારે પણ જવાનું થાય છે ત્યારે પાયલોટ બાબાના સ્થાનની શોધ કરી તેમના દર્શન કરી જીવનમાં ધન્યતાનો અનુભવ કરવાની તક ઝડપી લઉં છું.

બિહારનો આસારામ જિલ્લો, જે ગૌતમ બુધ્ધનું જન્મ સ્થળ છે, ત્યાં ૧૫ જુલાઈ, ૧૯૩૮ના પાયલોટ બાબાનો જન્મ. બાલ્યાવસ્થાનું નામ 'કપિલ'. ઘરનું વાતાવરણ શરૂઆતથી જ આધ્યાત્મિક અને તેનો પ્રભાવ કપિલ પર ખરો જ. પ્રાથમિક શિક્ષણ દાર્જિલિંગ હોસ્ટેલમાં રહી પૂર્ણ કરી બનારસમાં બી.એસસી.ની ડિગ્રી મેળવી. પાયલોટિંગ પ્રશિક્ષણ મેળવી ભારતીય વાયુદળમાં જોડાઈ ગયા અને ૧૯૬૨માં ચીન સરહદે નેફા વિસ્તારમાં ફરજ બજાવી.

**૧૯૬૨ પછી ૧૯૬૫ તેમજ ૧૯૭૧માં ભારતની પશ્ચિમ સરહદે પોતાના હવાઇ યુદ્ધની કુશળતાનો પરિચય આપ્યો.** તેમની આ વીરતા બદલ તેમને શૌર્યચક્ર, વીરચક્રથી ભારત સરકારે સન્માનિત પણ કર્યા.

પોતાની હવાઇદળની ફરજ દરમિયાન બનેલ એક ઘટનાએ વાયુદળ પાયલોટ કપિલના જીવનમાં પરિવર્તન લાવી દીધું. ૧૯૯૬ના વર્ષની વાત છે. પાયલોટ કપિલ ઉત્તર ભારતની પૂર્વોત્તર સરહદે મિગ વિમાન ઉડાડી રહ્યા હતા. અચાનક વિમાનમાં આગ લાગી. એન્જિન બંધ થઈ ગયું. આ પરિસ્થિતિમાં વિમાનને નીચે ઉતારવાનું પણ મુશ્કેલ હતું. મુશ્કેલીના આ સમયે પાયલોટ કપિલને પોતાના ગુરુ હરિબાબા યાદ આવ્યા. વિમાનની કોકપીટમાં ગુરુ હરિબાબાના દર્શન થયા. વિમાન ક્રેશ થયું પરંતુ ગુરુની અજ્ઞાત શક્તિથી પાયલોટ કપિલ સલામત ઉતરી ગયા અને બચી ગયા.

બસ, આ ઘટનાએ પાયલોટ કપિલને એક નવી જ જિંદગી જીવવાની પ્રેરણા આપી. પાયલોટ કપિલને કુટુંબ સાથે લાગણી ગાઢ નહીં. તેને લાગવા માંડ્યું કે જીવનમાં હજુ ઘણું કરવાનું બાકી છે. પાયલોટની નોકરી છોડી, ગુરુ દીક્ષા લઈ, સંન્યાસ ગ્રહણ કરી લીધો અને નવી ઓળખાણ સાથે નવું નામ પાયલોટ બાબા.

સંન્યાસ ગ્રહણ કર્યા પછી પાયલોટ બાબા હિમાલયમાં

તપસ્યામાં લીન થઈ ગયા. સતત ૩૩ દિવસ સુધી બરફ વચ્ચે સમાધિ લીધી. આ સમાધિસ્થ અવસ્થા દરમિયાન હિમાલયમાંથી આદેશ મળ્યો, 'હવે તારો હિમાલય તપસ્યાનો સમય પૂરો થાય છે. અહીંથી જા અને વિશ્વશાંતિના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા લોકોની વચ્ચે જઈ અધ્યાત્મ માર્ગનું માર્ગદર્શન આપ. એ જ સંતનું કર્તવ્ય છે.'

પોતાની આધ્યાત્મિક અને યૌગિક શક્તિના બળના ઉપયોગ દ્વારા બાબા પરમાત્માની શક્તિનો પરિચય કરાવે છે. **વ્યક્તિગત રીતે બાબા કોઈ ઢોંગ કે ચમત્કારને માનતા નથી.** ન તો તેઓ એ વાતને વધુ પ્રોત્સાહિત કરે છે. બાબાનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ વ્યવહારિક છે.

પાયલોટ બાબા જૂના અખાડાના વરિષ્ઠ મહામંડલેશ્વર પૈકી એક છે. તેમના આશ્રમ ગંગોત્રી, હરિદ્વાર, વૃંદાવન અને નૈનીતાલમાં આવેલ છે. બાબા તેમના શિષ્યો સાથે ધર્મ, અધ્યાત્મ અને જનકલ્યાણનાં કાર્યોમાં સતત વ્યસ્ત રહે છે અને ભારત તેમજ વિદેશોમાં વિચરણ કરતા રહે છે. પાયલોટ બાબા માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વના અનેક દેશોમાં પોતાના અનુયાયીઓ ધરાવે છે. જાપાન, અમેરિકા અને યુરોપના દેશોમાંથી લોકો તેમના આશીર્વાદ લેવા નિયમિત આવે છે. બાબા વિશ્વશાંતિ અભિયાન, મહાયોગ ફાઉન્ડેશન અને યોગમાતા / ફાઉન્ડેશન ટ્રસ્ટના ઉપક્રમે સમાજ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે.

વિશ્વશાંતિ અભિયાનની અલખ જગાવતા મહાયોગી સંત પાયલોટ બાબા કહે છે, યોગના દરેક પ્રયોગથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને હંમેશાં નવી દિશા મળતી રહે છે.

*નવા વાસ, મુ.પો. માધાપર, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૪૨૬૯ ૬૭૮૧૮*

**જૈન ગૃહ ઉદ્યોગ**

જૈન પરિવારના સભ્યો દ્વારા કોઈપણ જાતની ભેળસેળ વગર હાથે વણેલા ખાખરા તથા અડદના પાપડ ઘેર બેઠા મેળવો.

**ખાખરા**

સાદા ★ મેથી ★ મસાલા ★ જીરા

ભાવ : ૧ કિલો : રૂા. ૧૮૦/- (હાથ વણાટના)

**પાપડ**

સીંગલ મરી ★ ડબલ મરી

૧ કિલો : રૂા. ૧૮૦/- ૧ કિલો : રૂા. ૧૯૦/-

ઓર્ડર નોંધાવવા માટે અને ઘરે બેઠા ફ્રી હોમ ડિલીવરી મેળવવા માટે સંપર્ક કરો

કિશોરભાઈ ગોરધનદાસ મહેતા

મો. ૯૩૨૭૬ ૪૨૮૬૮

*તમારી જાતનું મૂલ્યાંકન લોકોના તમારા વિશેના અભિપ્રાય ઉપરથી કદી ન કરો. તમારા વિશેનો તમારો પોતાનો અભિપ્રાય હોવો જ જોઈએ અને ઉત્તરોત્તર એ વધારે સારો બને એ દિશામાં ગતિ કરો.*

## લીંબુ એક - ગુણ અનેક

લીંબુનું મહત્ત્વ ઘણા ઓછા લોકો જાણતા હોય છે એટલે સોનામહોર જેવા કિંમતી આ લીંબુની યોગ્યતા લોકો જાણતા નથી. લીંબુની છાલ દાંત અને પેઢા ઉપર ઘસવાથી દાંતની છારી દૂર થાય છે, નવી છારી જામતી નથી, પેઢાં મજબૂત થાય છે. એટલે દાંત હલવાનો પ્રશ્ન ઊભો થતો નથી. લીંબુની છાલ જીભ ઉપર ઘસવાથી જીભના જ્ઞાનતંતુઓ સતેજ રહે છે. સ્વાદની યોગ્ય પરખ થાય છે અને જીભનું આરોગ્ય વધે છે. લીંબુની છાલને સૂકવ્યા પછી બાળીને તેની રાખ મધમાં ચાટવાથી ઊલટી બંધ થાય છે, લીંબુનો રસ કે છાલ ચહેરા પર ઘસવાથી ચામડી ચમકદાર અને કોમળ બને છે. તેનાથી ખીલ કાળા ડાઘ કે શીતળાનાં ચાઠાં દૂર થાય છે.

રોજ સવારે ગરમ પાણીમાં લીંબુ નીચોવીને પીવાથી મોટા આંતરડામાં જામેલો મળ ઓગળે છે. ઉપરાંત સ્થૂળકાયવાળા માટે ચરબી પણ ઓછી થશે. લીંબુને વાળના મૂળમાં ઘસવાથી ખરતાવાળ અટકે છે અને ટાલ પડતી પણ અટકે છે. પગનાં તળિયાંમાં લીંબુ ઘસવાથી આંખ અને વાળને ફાયદો થાય છે.

મેલેરિયાના દર્દી માટે લીંબુ ક્વીનાઈન જેવું અકસીર નીવડે છે. તેનાથી પિત્ત ઘટે છે, પાણીનો શોષ પડતો ઓછો થાય છે - ગરમ પાણીમાં લીંબુ અને મધ લેવાથી શરદી-સળેખમ અને અપચો દૂર થાય છે. સ્નાન કરતી વખતે પણ પાણીમાં લીંબુનો રસ નાખી નહાવાથી ચામડી કોમળ અને તેજસ્વી બને છે. મધમાખી કે વીંછીના ડંખ ઉપર પણ લીંબુનો રસ અકસીર નીવડે છે. તેનાથી બળતરા ઓછી થાય છે અને નુકસાન વધતું અટકે છે. દરાજ થઈ હોય તેઓ પણ લીંબુ ઘસે તો તેમને ફાયદો થાય છે. અંતે પર્યાવરણની શુદ્ધિમાં પણ લીંબુની સૂકવેલી છાલ અતિ ઉપયોગી નીવડે છે. સૂકવેલી છાલ બાળવાથી હવા શુદ્ધ થાય છે.

પ્રેરણા

# ગુરુકૃપા મળ્યે બધું જ મળે – અણધાર્યું પણ મળે!



બાબુભાઈ મેઘજી શાહ
પૂર્વ નાણાંમંત્રી, ગુજરાત રાજ્ય

જીવોને અભયદાન, પ્રાણીમાત્ર પર સમભાવ – **'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે'**ના ભાવ સૌ ઇચ્છે જ, પણ ગુરુકૃપા, પૂર્વ સંસ્કારો, પુણ્યાઇ હોય તેને જ આ ભાગ્ય પ્રાપ્ત થાય છે, તે શાશ્વતતાનો અનુભવ આ લખનારને વારંવાર થયો છે, થાય છે. વિધાનસભાના મારા પહેલા જ પ્રશ્નની કોઠાસૂઝે તત્કાલીન મુખ્યમંત્રી માધવસિંહજી દ્વારા રજનીશજીને માંડવીના દરિયાકિનારે કમ્યુન, સંસ્થાન સ્થાપવા અંગે અનુમતિ અટકી હતી તે ધાર્મિક લાગણી નહીં પણ દેશની આંતરિક સુરક્ષાના મુદ્દે, દરિયાકિનારે અજાણ્યા વિદેશીઓની અવરજવર રોકવાના મુદ્દે અને કેન્દ્ર સરકારની સલાહ અન્વયે રજનીશ કમ્યુનને અટકાવાયું હતું તે આચાર્ય ભગવાનની વચનસિદ્ધિને આભારી ગણું છું.

તા. ૨૩-૩-૨૦૧૮ના વિધાનસભામાં સંખ્યાબંધ ધારાસભ્યોએ જુદા જુદા જિલ્લામાં સિંચાઇ તળાવો, ડેમોમાં માછીમારીના ઈજારાની વિગત માગતાં કચ્છ જિલ્લામાં ઝીરો – કોઈ જ ઈજારો અપાયો નથી તેવી માહિતી વાંચવા મળી હતી. ૧૯૯૫ની વિધાનસભામાં ચૂંટાયા છતાં ભાજપ સરકારના મંત્રીમંડળમાં મારો સમાવેશ થયો ન હતો ત્યારે પોર્ટ એન્ડ ફિશરિઝ વિભાગની ચર્ચામાં કચ્છના તળાવોમાં અપાતા કચ્છના માછીમારોના ઈજારાને કારણે તળાવનાં પાણી ગંદા થાય છે. બે ચાર વર્ષે થતાં વરસાદથી ભરાતાં જળાશયોને સ્વચ્છ રહેવા દેવા માછીમારીના ઈજારાની કમાણીની લાલચથી સરકાર દૂર રહે તેવી મારી રજૂઆતને તત્કાલીન મંત્રી જશાભાઈ બારડે વાજબી ગણી કચ્છનાં જળાશયોમાં નવા ઈજારા નહીં આપવાની વાત સ્વીકારી હતી તે ઘટનાનો વારંવાર ઉલ્લેખ – વિધાનસભાની પ્રશ્નોત્તરી દ્વારા પ્રસ્થાપિત થાય છે. તે જ રીતે તા. ૨૩-૩-૨૦૧૮ના જુદા જુદા જિલ્લામાં અપાયેલા માછીમારીના ઈજારાની સંખ્યામાં કચ્છ જિલ્લામાં શૂન્યનું આલેખન સતત વીસ વર્ષથી કચ્છ જિલ્લાના જળાશયોમાં જળચર સૃષ્ટિ - માછલી પકડવાની સદંતર બંધી અમલમાં હોવાનું પ્રસ્થાપિત થવું ગુરુકૃપા તેમજ જ્ઞાની પુરુષોની વચનસિદ્ધિનો પ્રતાપ ગણું છું.

**સૂક્ષ્મ જીવો પ્રત્યે જૈનોની કરુણા પ્રશંસનીય છે. માત્ર ધાર્મિક લાગણી જ નહીં પર્યાવરણની જાળવણીના મુદ્દે જૈનોની અહિંસા / અમારી અનુમોદના અનુભવાય છે.** પાણીના મર્યાદિત ઉપયોગની જાણકારી માટે પાનાઓ ભરીને માર્ગદર્શન આપતી જાહેરાતોની વિગત તીર્થંકરોએ ૨૫૦૦ વર્ષ પહેલાં આપી હતી. કુદરતી સ્રોતોને આશીર્વાદરૂપ ગણી તેને સાચવવાની પદ્ધતિઓની સરળ સમજ જૈન દર્શનમાં આલેખાઈ છે. તેના સ્મરણ માત્રથી ગુજરાત વિધાનસભાની બંદર વિભાગની ચર્ચામાં ફિશરિઝ વિભાગની માંગણીઓ સબબ પ્રતિભાવ આપવાની સૂઝ-સમજ જૈન કુળના સંસ્કારોને આભારી હતી તેનો ઉલ્લેખ જ્ઞાનીઓના ઉપદેશને આભારી ગણું છું.

જાહેર જીવનની શરૂઆતના વર્ષોમાં ૧૯૭૩માં રાપરની કોર્ટમાં ઘેટાં-બકરાંની હેરફેર કરતા કસાઈની ગાડી પકડી. જીવદયાપ્રેમીઓ પર ઘેટાં-બકરાંની લૂંટનો આળ મૂકતી કલમની ફરિયાદ સામે તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ પાસે રજૂઆત કરતાં રાપરનાં ઘેટાં-બકરાંને અભયદાન મળ્યું હતું. તે નિમિત્તે રાપર જીવદયા મંડળની સ્થાપના પૂ. વેલમાણિક્ય મહાસતીજીના રાપર સ્થિરવાસ દરમ્યાન થઈ. રાપર પાંજરાપોળ દ્વારા ઇ.સ. ૧૯૮૫થી ૧૯૮૯ના દુષ્કાળ વખતે હજારો મૂંગા પશુધનની જાળવણી પણ એ રાપર જીવદયા મંડળનું પુણ્ય ઉપાર્જન હતું. ચાર દાયકાથી વધુ સમય સુધી મૂંગા જાનવરો - પશુધનની જાળવણી તે મંડળની સેવા-સુવાસમાં મોખરે છે.

૧૯૮૫થી ૧૯૮૯ના વર્ષોના અછત / દુષ્કાળોમાં ગુજરાત સરકાર દ્વારા પાંજરાપોળ - ગૌશાળાને નિયમ અનુસાર સબસીડી આપવામાં વિલંબ થયેલ અને ઓછી રકમની વિસંગતતા નિવારવા હાઈકોર્ટમાં પદમપર પાંજરાપોળ વતી મુંબઈના સાથી આગેવાન નાનજીભાઈ ખીમજી ઠક્કર સાથે મળી રીટ પિટિશન નોંધાવેલ હતી. રાજ્ય સરકારના મુખ્યમંત્રી અમરસિંહજી ચૌધરીએ આ પિટિશનમાં મુદ્દા યોગ્ય ગણી પિટિશન પાછી ખેંચવાનું કહેણ મહેશભાઈ ભણસાલી દ્વારા મોકલેલું, જે સ્વીકારી પિટિશન પાછી ખેંચતાં ગુજરાત સરકાર દ્વારા પાંજરાપોળોને તફાવતની સાડા ચાર કરોડથી પણ વધુ રકમની સબસીડી મળવાના નિમિત્ત બનવાની પુણ્યાઈ પ્રાપ્ત કરનાર રહ્યો છું.

૧૯૯૩માં લાકડિયામાં અમારા પરિવારના પાર્વતીબેનના સંથારા સમયે ઘાતકી પરિવહન થતી ઘેટાં-બકરાંની બે ગાડીઓ પકડીને પાંજરાપોળમાં આપતાં મૂંગા જીવોને અભયદાન મળે

છે, તે સિદ્ધાંતે નામ. કોર્ટમાંથી ઓર્ડર મેળવી તે કોર્ટે નક્કી કરેલી રકમનું ચૂકવણું થયું હતું. આ રીતે કતલ થનારાં ઘેટાં-બકરાંને લાકડિયા પાંજરાપોળના ટ્રસ્ટીઓના સહકારે તેમજ વ્યાપારીને પૈસા ચૂકવીને મૂંગા જીવોને અભયદાન મળ્યાનો પ્રસંગ પણ ગુરુકૃપાને આભારી ગણું છું. **જીવદયાનું પુણ્ય ઉપાર્જન તેમજ સંઘસેવાના પુણ્યથી શાશ્વતતા અનુભવું છું.** મારા દાદા ખીમજી ભારા લાકડિયા પાંજરાપોળના ખરડા માટે કોલકત્તા, પોરબંદર, મુંબઇ અને દેશાવરોમાં ગયાના અનેક પ્રસંગો સાંભળ્યા છે. માંગનારને અપમાનિત થવાના પ્રસંગોમાં 'ધીરજના ફળ મીઠા' હોય છે. 'મરું પણ માગું નહીં અપને તનકે કાજ, પરમાર્થના કારણે મને માગતા ન આવે લાજ'ના ભાવે સાડા પાંચ દાયકાના જાહેર જીવનના આવા અનેક પ્રસંગો વાગોળતાં આ પ્રકારની પ્રવૃત્તિઓ વધારે પ્રોત્સાહિત કરે છે.

**'કર્મ કરવું તારી ફરજ સમજજે, પરિણામ ઇશ્વર આધીન ગણજે'** ની ભાવના રાખીએ તો આવા કામમાં આપણે માત્ર નિમિત્ત છીએ. એટલે જ જીવનના સાડા સાત દાયકા – ૭૫ વર્ષ હેમખેમ પસાર થયા છતાં દરરોજ અગાઉના વર્ષોના અનુભવો, પ્રસંગો અને અનુભૂતિઓની સુખદ યાદ તાજી થાય છે. તા. ૨૩-૩-૨૦૧૮ની વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં કચ્છનાં જળાશયોમાં માછીમારીના ઈજારાની માહિતી ૦ (શૂન્ય) વાંચતા જીવદયાની પ્રવૃત્તિનું પુણ્યબળ પ્રેરણાદાતા ગુરુ ભગવંતો તથા જ્ઞાનીઓની માર્ગદર્શકતાને સ્વીકારી વંદન કરું છું.

## જિવાડવા માટે જીવીએ

આ જગતમાં જે માનવી કેવળ પોતાના જ સ્વાર્થ માટે જીવે છે, એ વારંવાર જીવનમાં ડગલે ને પગલે ભૂલો પડે છે અને અનહદ દુઃખ વેઠે છે. પરંતુ જે માનવી બીજાની સેવા કરવા માટે મદદરૂપ થવાની પ્રેમભરી ભાવનાથી જીવે છે તે માનવીના જીવનનો આનંદ તદ્દન જુદા જ પ્રકારનો હોય છે, જેનું વર્ણન શબ્દોમાં થઈ શકતું નથી અને આથી જ આપણે સૌએ એક વાત હંમેશ માટે સમજી લઈએ કે બીજાને ઉપયોગી અને મદદરૂપ થવા માટે આ જગતમાં જે મનુષ્ય જીવશે તે જ જીવનસંગ્રામમાં "જીવનવીર" બનશે અને જે કેવળ પોતાના સ્વાર્થ માટે જીવશે તે સદાય માટે "જિંદગી હારી જશે." ભગવાને તમને ત્રણ વસ્તુ ભેટ આપી છે કે જેની ઉપર કોઈનો પણ હક્ક નથી ને તે છે : તન, મન ને ધન. આનો કઈ રીતે અને ક્યાં ઉપયોગ કરવો તેની પસંદગી તમારે કરવાની છે. બસ, પછી આનંદ જ આનંદ. જેની પાસે ધન નથી તે તન અને મનથી પણ સમાજસેવા કરી શકે છે - આપણે વિચારીએ કે આપણે સમાજને કઈ રીતે ઉપયોગી થઈ શકશું.

*ચોતરફ ધાક બેસાડી ચૂકેલા વિજ્ઞાનયુગમાં પણ અંધશ્રધ્ધા ઘટવાને બદલે વધવા પામી છે. ધર્મ અડચણરૂપ નથી. ધર્મ પ્રત્યેની ખોટી માન્યતાઓ અને અંધશ્રધ્ધા અડચણરૂપ થયા છે. ધર્મની હદ જ્યાં પૂરી થાય છે ત્યાંથી જ અંધશ્રધ્ધાની હદ શરૂ થાય છે.*

## એક રસપ્રદ માહિતી

***આજના ભારતમાં માણસની સરેરાશ વય ૭૦ વર્ષની ગણીએ તેના અનુસંધાને –***

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ઊંઘ | : દરરોજના ૮ કલાકના હિસાબે | ૭૦ વર્ષમાં | ૨૩ વર્ષ ઊંઘમાં જાય. |
| (૨) | બ્રશ | : દરરોજની ૧૦ મિનિટના હિસાબે | ૭૦ વર્ષમાં | ૬ મહિના બ્રશ કરવામાં જાય. |
| (૩) | જમવું | : દરરોજના ૩ ટાઇમની ૪૦ મિનિટ ગણીએ તો | ૭૦ વર્ષમાં | ૨ વર્ષ જમવામાં જાય. |
| (૪) | નોકરી | : દરરોજના ૮ કલાકના હિસાબે | ૭૦ વર્ષમાં | ૨૩ વર્ષ નોકરીમાં જાય. |
| (૫) | પહેલા ૭ વર્ષ સમજ વગરના જાય. | | | ૭ વર્ષ |
| (૬) | છેલ્લા ૫ વર્ષ ઘડપણમાં જાય. | | | ૫ વર્ષ |
| | | | *કુલ...* | *૬૦ વર્ષ અને ૬ મહિના* |

હજુ મોબાઇલ વાપરવાના સમયની ગણના કરી નથી. તેમાં કેટલો સમય જાય તે ચેક કરવું.

આ પ્રકારની બીજી બાબતો પણ હોઈ શકે.

બાકી સારા કામ કરવાના તમારી પાસે રહ્યા કેટલા વર્ષ?

આ વિચારી સમયનો સદુપયોગ કરો.

આસ્થા

# મા શિકોતર

એમ. ડી. સોલંકી

વહુ! આટલી બધી સોપારી ખાવાની ટેવ અમને નહીં પોસાય! અને સોપારી ખાવાની આવી ટેવ ચાલુ રાખવી જ હોય તો તમારા બાપુજીને કહેજો, દીકરી માટે વહાણ ભરીને સોપારી મોકલાવે! તમારા બાપુજીના વહાણ તો દેશ-દેશાવરના બંદરોની ખેપ કરે છે, બરાબરને?

સાસુના આ શબ્દો નવોઢા લક્ષ્મીના કાળજે તીર બનીને ભોંકાયા. સાસુ સામે ઝાઝો વાદ-વિવાદ કરવાને બદલે પાતાળપેટી લક્ષ્મીએ સાસુના કડવા બોલ અંતરના અતલ ઉંડાણે ઉતારી દીધા. જાણે કંઈ સાંભળ્યું જ નથી એમ એ રોજિંદા કામકાજમાં પરોવાઈ ગઈ.

સુતરફેણી અને હલવાસનના નામથી પ્રખ્યાત થયેલું આજનું ખંભાત શહેર ત્યારે સ્થંભતીર્થના નામે ઓળખાતું. એ સમયની આ વાત છે. સ્થંભતીર્થના પાદરે દરિયો હિલોળા લેતો હતો. હિલોળા લેતા દરિયાદેવને કારણે જ સ્થંભતીર્થમાં ચોર્યાસી બંદરોના વાવટા ફરકતા. અહીં વસતા વણિક વીરચંદ શેઠનો વેપાર દરિયામાર્ગે ચાલતો અને આ વેપાર અર્થે વીરચંદ શેઠના વહાણો દેશ-દેશાવરના બંદરોની ખેપ કરતા.

આવા વીરચંદ શેઠને ત્યાં દીકરી લક્ષ્મીનો જન્મ થયો. **લક્ષ્મી જાણે સાક્ષાત લક્ષ્મીદેવીનો જ અંશ હોય એમ એના જન્મ પછી પેઢીની શાખ વધી.** દીકરી લક્ષ્મી શેઠ વીરચંદની લાડકી બની ગઈ.

ભારે લાડકોડમાં ઉછરતી લક્ષ્મીને બાળપણથી જ સોપારી ખાવાની ટેવ! જેમ જેમ લક્ષ્મીની ઉંમર વધતી ગઈ તેમ તેમ લક્ષ્મીની સોપારી ખાવાની ટેવ પણ વધતી જ ગઈ!

ઉંમરલાયક થતા શેઠ વીરચંદે દીકરી લક્ષ્મીનું વેવિશાળ અમદાવાદ શહેરમાં કર્યું. લગ્ન પછી પોતાના નામને છાજે એવો રૂડો કરિયાવર આપીને ભારે હૈયે લક્ષ્મીને સાસરે વળાવી. રૂપ-ગુણથી શોભતી લક્ષ્મી જ્યારે નવોઢા બનીને એના સાસરે પહોંચી ત્યારે એનું આંગણુંય હરખથી હરખાઇ ઉઠ્યું.

સમયનું ચક્ર એની નિરંતર ગતિથી ફરતું રહ્યું. એમાં એક દિવસ વાતનું વતેસર થયું. લક્ષ્મીની વધારે સોપારી ખાવાની ટેવના કારણે એના સાસુએ ન કહેવાના શબ્દો કહી દીધા.

સમયાંતરે લક્ષ્મી પિયર આંટો દેવા આવી. ધીકતા વેપાર-વણજમાંથી સમય કાઢીને વીરચંદ શેઠ પિયર આવેલી લક્ષ્મીના અંતરને વાંચી રહ્યા. અનુભવી અને હૈયાપારખું શેઠના મનમાં રહી રહીને એક સવાલ ઊભો થયો. ગમે તેમ હોય પણ મારી દીકરીને સાસરિયામાં કંઈક ખોટ લાગે છે. પિયર આવેલી લક્ષ્મી જાણે અણોહરી રહેતી હોય એવું પિતાને લાગ્યું.

એક દિવસ શેઠ વીરચંદે લાડકવાયી લક્ષ્મીને પાસે બેસાડી એના અંતરનો તાગ મેળવવાના પ્રયત્ન કર્યો. શરૂઆતમાં લક્ષ્મી એના હૈયાની વાત હોઠ પર ન લાવી પણ માયાળુ પિતાએ લક્ષ્મીના અંતરને ઢંઢોળ્યું. અને આખરે લક્ષ્મીની આંખમાંથી ખરખર આંસુ ટપકવા લાગ્યા. પ્રેમાળ પિતાએ રડતી લક્ષ્મીને સધિયારો આપી છાની રાખી અને અંતરમાં જે કાંઈ ખટકતું હોય એની વાત કરવા કહ્યું. અને લક્ષ્મીએ પોતાની સાસુએ કહેલા કડવા બોલ વીરચંદ શેઠને કહી સંભળાવ્યા. 'બાપુ, વધારે સોપારી ખાવાની મારી ટેવના કારણે મારા સાસુ વહાણ ભરીને સોપારી મંગાવવાનું કહે છે.'

દીકરીના મોંની વાત સાંભળી સાગરપેટા શેઠ વીરચંદ ઘડીભર ખામોશ થઈ ગયા. વ્યવહાર ડાહ્યા વણિકે મનમાં કંઈક મક્કમ નિરધાર કર્યો હોય એમ દીકરી લક્ષ્મીને કહ્યું, **'બેટા લક્ષ્મી! એમ કાંઈ સાસુના શબ્દો ગણીને ગાંઠે બાંધવાના ન હોય! સમય સમયનું કામ કરશે.** તારે કોઈ વાતની ચિંતા નહીં કરવાની.'

એકની એક દીકરીના અંતરની વ્યથા સાંભળીને વીરચંદ શેઠ ઊંડા વિચારમાં પડી ગયા. દીકરીને એના સાસુએ કહેલ કડવા બોલ સાચા પાડવા જ રહ્યા!

દીકરી લક્ષ્મીના અંતરમાં વલોવાતી વેદનાની વ્યથાને દૂર કરવા વીરચંદ શેઠે મા શિકોતરને વિનવણી કરી : 'મા શિકોતર, લાડકવાયી લક્ષ્મીના અંતરમાં ઘૂંટાતી વ્યથાને મારે દૂર કરવી છે. મારી ભેરે રહેજો.'

અને વીરચંદ શેઠે કામગીરી શરૂ કરી. સ્થંભતીર્થ તરીકે ઓળખાતા — આજના ખંભાત શહેરના દરિયાથી એક મોટી હોડી પસાર થઈ શકે તેવી પહોળી અને ઊંડી નહેર ગળાવી. આ નહેરને માતર તાલુકાના અસામલી ગામે વહેતી સાબરમતી

નદીમાં મેળવી દીધી.

રૂડો અષાઢ મહિનો આવી પહોંચ્યો. અષાઢ મહિનો એટલે વર્ષાઋતુનો ધોરી મહિનો! ચારણ કવિઓએ પણ અષાઢના ઓવારણા લેવામાં કંઈ બાકી નથી રાખ્યું.

*અષાઢ ઘઘૂંબીય લુંબીય અંબર,*
*વહ્નળ બેવળ ચોવળીય*
*મહોલાર મહેલીય લાડ ગેહલીય*
*નીર છલે ન ઝલે નલિયા*
*અંદ્રમ ગાજ અગાજ કરે ઘર ઉપર*
*અંબમ નયા સર ઉભરિયા*
*અજમલ નથુ તણાં કુંવર આલણ*
*સોય તણી રત સંભરિયા*
*જીય! સોય તણી રત સંભરિયા...*

આવા અષાઢ મહિનામાં આકાશમાં કાળાભમ્મર વાદળોની વણઝાર શરૂ થઈ ગઈ. મે...આ...વ મે...આ...વના મીઠા ટહુકારથી મોરલાઓએ વાતાવરણને જીવંત બનાવી દીધું. આભમાંથી અનરાધાર મેઘના મંડાણ થયા. સુપડાધારે વરસાદ વરસવો શરૂ થયો. બાર-બાર મહિનાનું સામટું સાટું વળાતું હોય તેમ બારેય મેઘ એકસંપ થઈને વરસવા લાગ્યા. આઠ દિવસની વરસાદની હેલી થઈ. સર્વત્ર જળબંબાકાર! આવા સમયે ઉપરવાસમાં ભારે વરસાદ થવાથી પોતાની અન્ય છ સહેલી વાત્રક, શેઢી, મેશ્વો, માઝુમ, ખારી અને હાથમતી નદીને પોતાનામાં સમાવી આગળ વધતી સાબરમતી નદીમાં ઘોડાપુર આવ્યા. નદીના પાણીમાં દરિયાના મોજાના લોઢ ઉમટ્યા. ઘોડાપુરના એ પાણી માતર તાલુકાના અસામલી ગામે શેઠ વીરચંદે ગળાવેલી નહેરમાં પહોંચી ગયા. નહેરમાં સાબરમતીના નીર વહેવા લાગ્યા અને નહેર પાણીથી છલોછલ છલકાઈ ગઈ. નહેરમાં થઈને વહેતા નીર છેક સ્થંભતીર્થ (ખંભાત) પહોંચી ગયા ત્યારે વીરચંદ શેઠે મધ્યમ કદની હોડીમાં સોપારીના કોથળા ભરી કુશળ નાવિકો અને વાણોતર સાથે હોડીને નહેર મારફત અમદાવાદના મારગે વહેતી કરી. પાણીથી છલોછલ છલકાતી નહેરમાં સઢવાળી હોડી સડસડાટ આગળ વધવા માંડી.

સોપારીના કોથળા ભરેલી એ હોડી આગળ વધતા વધતા માતર તાલુકાના અસામલી ગામે જ્યાં શેઠ વીરચંદે ગળાવેલી નહેર અને સાબરમતી નદીનો મેળાપ થતો હતો ત્યાં પહોંચી. આ સ્થળે નાવિકો અને વાણોતરો વિસામો કરવા રોકાયા.

વિસામો કર્યા પછી એ હોડી સાબરમતી નદીમાં પ્રવેશી અને અમદાવાદના મારગે આગળ વધી. દરિયા જેવી દેખાતી સાબરમતીના વિરાટ જળરાશિ ઉપર સવાર થયેલી હોડી હાલક ડોલક થતી થતી આગળ વધી રહી હતી અને આખરે કુશળ નાવિકોએ સોપારી ભરેલી એ હોડી અમદાવાદ પહોંચાડી દીધી.

મજૂરો પાસે સોપારીના કોથળા ઉંચકાવીને વાણોતરો શેઠ વીરચંદે આપેલ સરનામે શેઠના વેવાઈ — લક્ષ્મીના ઘેર પહોંચ્યા. લક્ષ્મીના સાસુ દેવસેવાથી પરવારીને ઊભા થતા હતા ત્યાં જ વાણોતરોએ પૂછ્યું : 'આ કોથળા ક્યાં મૂકવાના છે?'

'કોથળા? શાના કોથળા ભાઈ?' લક્ષ્મીના સાસુએ અચરજભાવે પૂછ્યું.

'સ્થંભતીર્થથી તમારા વેવાઈ શેઠ વીરચંદે કોથળા ભરીને સોપારી મોકલાવી છે.'

'પણ, આટલી બધી સોપારી?' સાસુથી સહસા બોલાઈ ગયું.

ત્યારે બારણાની સાખને અઢેલીને ઊભેલી લક્ષ્મી મરક મરક હસતી હતી. એની આંખો હરખના આંસુથી છલકાઈ ગઈ!

મા શિકોતરના પ્રતાપે જ લાડકવાયી લક્ષ્મીના અંતરની વ્યથા દૂર થઈ શકી એવું માની મા શિકોતરના પરમ ભક્ત શેઠ વીરચંદે જે સ્થળે નાવિકો અને વાણોતરોએ વિસામો કર્યો હતો **તે સ્થળે માતર તાલુકાના અસામલી ગામે મા શિકોતરનું શિખરબંધી મંદિર બંધાવ્યું.**

સમયના વહેતા વહેણમાં મા શિકોતરના મંદિરનો કેટલોક ભાગ પડી ગયેલો છે. જેના જીર્ણ અવશેષો આજે પણ જોવા મળે છે. ભાવિક ભક્તોની મનોકામના પૂર્ણ થતા નવો ઘુમ્મટ બનાવીને, મંદિરને રંગરોગાન કરાવીને મંદિર પરિસરને વ્યવસ્થિત અને સુંદર બનાવેલ છે. જ્યાં બે ઘડી બેસવાથી મનને શાંતિ મળે એવું વાતાવરણ છે.

કહેવાય છે કે શેઠ વીરચંદના વંશજો આજેય લગ્ન પછી મીંઢળ છોડવા મા શિકોતરના મંદિરે આવે છે.

કાળના ઘસારા સામે મા શિકોતરનું આ મંદિર આજેય શેઠ વીરચંદની મા શિકોતર પ્રત્યેની અસીમ આસ્થાની વાત કહેતું માતર તાલુકાના અસામલી ગામે લોકમાતા સાબરમતીના કિનારે શ્રધ્ધાનું પ્રતીક બનીને ઉભું છે. નહીં નહીં તોય આ વાત માથે થઈને આશરે સાતસો દિવાળીના દીવા ટમટમી ગયા હશે.

*મુ.પો. અસામલી, તા. માતર, જિ. ખેડા-૩૮૭ ૫૩૦.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

*ઈતિહાસ હંમેશાં નિર્ણયો લેનારા લોકોને યાદ કરે છે. અણીની ક્ષણો દરમિયાન ઈતિહાસ કેવળ એવા લોકોને ટોચ પર બેસાડે છે, જેઓ સમાજને દિશા પૂરી પાડી શકે છે.*

લઘુ કથા

# વિવેકની બાદબાકી

ડૉ. સુધીર ચી. મોદી

નવરંગપુરામાં વિજય ચાર રસ્તા પર લાલ લાઈટ થતાં થલતેજથી શહેર તરફ જતા બધા વાહનો થંભી ગયા. સવારનો ૧૦ વાગ્યાનો સમય એટલે ઊભેલા બધા કાર, બાઈક, સ્કુટર, રિક્ષાવાળા લાઈટ સાથે બદલાતી સેકંડના આંકડા જોયા કરતા હતા. ૫, ૪, ૩, ૨, ૧ – અને ઊભેલા બધા વાહનો ધીરેથી આગળ વધવાને બદલે ભાગવા લાગ્યા. આગળની કાર ચલાવતા વડીલને કાર સ્ટાર્ટ કરતાં સહેજ વાર થતાં તેની પાછળ બાઈક ચલાવતો ૨૦ વર્ષનો રાકેશ બોલતો ગયો, "એ ડોસા, કાર ચલાવતા આવડે છે કે નહીં?" એમ કહી આગળ નીકળી ગયો. "આવા ને આવા નીકળી પડે છે" તેમ બબડતો ગયો.

રાત્રે રાકેશ, તેના પપ્પા, મમ્મી અને નાની બહેન બધા સાથે જમતા હતા. ૫૦ વર્ષના રાકેશના પપ્પા બોલ્યા કે, 'આજે સવારે બેંક જતો હતો ત્યારે ખરું થયું.' બધાના કાન સરવા થઈ ગયા. શું વાત હશે? રાકેશના પપ્પા બોલ્યા, સ્વસ્તિક ચાર રસ્તા પર લાલ લાઈટ હોવાથી કાર ઊભી રાખી હતી. ગ્રીન લાઈટ થતાં કાર ઉપાડતા જરાક વાર થઈ તેમાં એક યુવાન બાઈક પર બોલતો ગયો, 'એ ડોસલા, કાર ચલાવતા ના આવડતી હોય તો રિક્ષામાં જાને...' મનમાં એટલું ખરાબ લાગ્યું કે બેંકમાં કામ કરવામાં પણ મન ના લાગ્યું... ક્યાં સંસ્કારીતા? ક્યાં વિવેક?

રાકેશ જમતા જમતા પાણી પીવાના બહાને રસોડામાં જતો રહ્યો.

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.*
*મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

## કપાળ પર બામ લગાડવાથી માથાનો દુઃખાવો દૂર કઈ રીતે થાય છે?

ઘણી વ્યક્તિ માથું દુઃખે ત્યારે કપાળે, મોઢા પર, બોચી પર બામ ઘસે છે. આવું કરવાથી તેમને રાહત થાય છે. બામમાં એવાં કેટલાંક તત્ત્વો છે, જે અમુક પ્રકારની પીડા હળવી કરે છે. મોટા ભાગના બામમાં મિથાઈલ સૅલીસાઈલેટ, મેન્થોલ અને કપૂર હોય છે. બામમાંનું મિથાઈલ સૅલીસાઈલેટ ચામડી પર ઘસવાથી એ તરત જ ત્વચા સોંસરવું અંદર ઊતરી જાય છે. સાયટિકા, રુમેટીઝમ કે સાયનસની સાધારણ પીડા આ રીતે બામથી દૂર થાય છે.

એવી જ રીતે બામમાંનો મેન્થોલ ત્વચાના છિદ્રોમાંથી અંદર ઊતરી સૂક્ષ્મ રક્તવાહિનીઓ સુધી પહોંચીને તેને સહેજ પહોળી કરે છે, તેથી માથું દુઃખતું હોય એ વ્યક્તિને શરૂઆતમાં થોડી ઠંડક લાગ્યા પછી ઍનાલજેસીક ઈફેક્ટ થાય છે. જાણે સરદર્દ ગાયબ થઈ ગયું હોય એવું લાગે છે. કપૂર પણ આ જ રીતે પીડા દૂર કરવામાં મદદરૂપ થાય છે. કપૂરની અસર હળવા ઍનાલજેસિક જેવી જ હોય છે, તેથી એ પીડાશામકનો રોલ ભજવે છે. આમ બામમાંના મુખ્ય ત્રણ ઘટક મિથાઈલ સૅલીસાઈલેટ, મૅન્થોલ અને કપૂર ભેગાં મળીને પીડા દૂર કરવાનું કામ કરે છે.

## ચામડી પર કેટલીક વાર ખંજવાળ આવે છે તેનું કારણ શું?

કેટલીક વાર આપણને હાથે, પગે, ચહેરા પર કે શરીરના અન્ય ભાગમાં એકાએક ખંજવાળ આવે છે. વળી આ રીતે ખંજવાળવાથી એક પ્રકારની રાહત અનુભવાય છે. જેને માટે કેટલીક વાર મીઠી ખંજવાળ (ખંજવાળવાથી મીઠું લાગે) એવો શબ્દ પ્રયોગ થાય છે. આવી ખંજવાળ ઉપડવાના કારણો અનેક હોઈ શકે. આપણી ત્વચા એક મહત્ત્વની સંવેદનશીલ ઈન્દ્રિય છે. મચ્છર અથવા બીજું કોઈ જીવાણું કરડે, ડંશ મારે, અથવા કોઈ જલદ રસાયણ ચામડીને સ્પર્શે, કોઈ દવાનું રિએક્શન થાય, એલર્જી હોય અથવા શિયાળામાં ચામડી અતિશય સૂકાઈ જાય, ત્યારે ખંજવાળ ઉપડે છે. તેનું કારણ એ છે કે, આ તમામ પ્રકારની ખંજવાળમાં ચામડી નીચેના જ્ઞાનકોષો છંછેડાય છે. પીડાની જાણ કરતા આ જ્ઞાનતંતુ ઉપરોક્ત કોઈપણ કારણસર વધુ પડતા ઉત્તેજિત થાય ત્યારે ખંજવાળ આવે છે.

હળવાશની ક્ષણોમાં

# નોટબંધી અને પાણીપુરી!



ચિત્રસેન શાહ

અમે લેખ લખવા બેઠા અને લેખનું ઉપર મુજબનું શીર્ષક આપ્યું બરાબર એ જ ટાઈમે અમારા એક મિત્રે અમારા ઘરમાં ગૃહપ્રવેશ કર્યો!

લેખનું શીર્ષક વાંચી તેમના ચહેરા પર પ્રશ્નાર્થ અને આશ્ચર્યચિહ્નોની લાંબી લાઈન લાગી ગઈ! – જેવી લાંબી લાઇનો બેંકની બહાર નોટબંધી વખતે લાગી હતી તેવી જ! તેમના મગજમાં અમારા 'મગજ(!)' અંગે ગેરસમજ ઉભી થઈ હતી! તેમના ચહેરા પરના બધા જ પ્રશ્નોનો જવાબ અમે આ શબ્દોમાં આપ્યો!

નોટબંધીને દોઢ-બે વર્ષ પછી યાદ કરવાનું કારણ એ જ કે રિઝર્વબેન્કે તાજેતરમાં જ નોટબંધી પછી રિઝર્વબેન્કમાં પાછી ફરેલી રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની નોટોના આંકડા જાહેર કર્યા છે. એટલે અમને પણ નોટબંધીનો દિવસ યાદ આવી ગયો કારણકે અમે તે દિવસોમાં દિલ્હીમાં હતા અને ટેન્શન વચ્ચે પણ માણેલી કેટલીક હળવી ક્ષણો યાદ આવી ગઈ!

વાત જાણે એમ છે કે –

નોટબંધી જાહેર થઈ તે દિવસે રાત્રે ૮ વાગે કોનોટ પ્લેસની એક હોટલમાં અમે ટી.વી. પર ન્યુઝ જોઈ રહ્યા હતા ત્યારે જ નોટબંધીના સમાચાર આવ્યા! તે જ રાત્રિના ૧૨ વાગે રૂપિયા ૫૦૦ / ૧૦૦૦ની નોટો સામાન્ય વપરાશમાંથી રદ થઈ જવાની હતી અને અમારી પાસે તો એ જ નોટો હતી!

બીજા દિવસે અમારો પ્રોગ્રામ પાંડવોની રાજધાની હસ્તિનાપુર અને ત્યારબાદ ભગવાન રામની રાજધાની અયોધ્યા વગેરે જગ્યાએ જવાનો હતો! પરંતુ એ બધો પ્રોગ્રામ કેન્સલ કરવો પડ્યો અને અમારે 'ન્યુ ઇન્ડિયા'ની રાજધાનીમાં જ રોકાઈ જવું પડ્યું! અમારી પાસેની મોટી નોટોની અમને ચિંતા થઇ. **તેથી અમે મોટી મોટી નોટો આપી નાની નાની વસ્તુની ખરીદી કરી નાની નોટો ભેગી કરવાનો ભગીરથ પ્રયાસ શરૂ કર્યો!**

અમે અને અમારું ફેમિલી, ફ્રેન્ડ કપલ એમ ચારે જણ કોનોટ પ્લેસની માર્કેટમાં ખરીદી કરવા નીકળી પડ્યા. વસ્તુઓ જોઈતી હોય કે નહીં પરંતુ અમે વસ્તુઓ ખરીદવા માંડ્યા!

હોટલથી બહાર નીકળ્યા ત્યારે પહેલી જ દુકાન અમારી નજરે ચડી તે એક 'ટાટા સોલ્ટ'ની હોલસેલની દુકાન હતી!

અમારા મિત્રની પત્નીએ કહ્યું, 'ચાલો, સોલ્ટ ખરીદી લઈએ કારણકે ઘર માટે લેવાની જરૂર છે જ.' તેથી અમે ચારે જણ શોપમાં દાખલ થયા અને મિત્ર પત્નીએ કાંઈ પણ સમજ્યા વિચાર્યા વગર એક-એક કિલોની ૨૫ બેગનો ઓર્ડર આપી દીધો! દુકાનદારે ૫૦ બેગનું પેકિંગ તૈયાર કર્યું! અમે કહ્યું – 'અમે તો ૨૫ બેગનો ઓર્ડર આપ્યો છે.' તો તેણે કહ્યું – 'એક ઉપર એક ફ્રી છે!' હવે આ ૫૦ કિલો સોલ્ટ લઈને ફરી તો શકાય નહીં. તેથી અમે તેને બીજા દિવસે હોટલ પર પહોંચાડી આપવાનું કહી મોટી નોટો આપી થોડી ઘણી નાની નોટો પાછી મેળવી! પણ હવે અમારી ઉપર ૫૦ કિલો મીઠું ઘેર સુધી લઈ જવાની જવાબદારી આવી પડી!

આ જ ક્ષણે અમે – મેં અને મારા મિત્રે - લેડિઝ વિંગ - અમારા બંનેની પત્નીઓ પાસેથી 'પરચેઇઝિંગ પાવર' પાછો ખેંચી લીધો!

એક વખત ભારી વસ્તુ લેવાઈ ગયા પછી અમે નક્કી કર્યું કે હવે વજનમાં એકદમ હલકી વસ્તુની જ ખરીદી કરવી! માર્કેટમાં અમે આગળ વધ્યા ત્યારે એક સ્ટેશનરીની દુકાન આવી. અમે ત્યાં જઈ પાંચેક 'Elephant Pin' (ટાંકણી)ના નાના પેકેટ ખરીદી દુકાનદારને રૂા. ૧૦૦૦/-ની નોટ આપી તો દુકાનદાર 'લાફિંગ ક્લબ'ની માફક હા...હા...હા...! કરતો જોરથી હસી પડ્યો! તેણે અમને કહ્યું 'અગર નજીકમાં જ રહેતા હોવ તો પૈસા બીજા દિવસે આપી જજો. નહીં તો તેને દિલ્હી તરફથી ગુજરાતને ભેટ સમજજો!' **આમે દિલ્હીમાં – 'મોસાળે જમવાનું અને મા પીરસનારી' જેવું જ છે ને!** આ રીતે વસ્તુ અમને મફતમાં મળી!

સામાન્ય રીતે 'મફત'માં મળેલી વસ્તુનો સવિશેષ આનંદ થતો હોય છે! આ એક મનુષ્ય સ્વભાવ છે! (મફતમાં મળે તો કારેલાં પણ મીઠા લાગે!) પરંતુ અમને આનંદ એટલા માટે ન થયો કે નાની નાની નોટો મેળવવામાં અહીં પ્રગતિ થઈ નહીં! તેમ છતાં ટેન્શન સાથે નાની નાની ખરીદીનો મોટો આનંદ અમે હળવાશભર્યા અનુભવો સાથે મેળવતા ગયા!

હવે તો ભૂખ પણ લાગી હતી અને ત્યાં જ પાણીપુરીવાળાની એક નાની દુકાન દેખાઇ! આ જોઈ અમારી 'મહિલા વિંગ'ની બહેનોના મોઢામાં પાણી આવી ગયું! કારણકે **મહિલા અને**

**પાણીપુરી એ એક જ સિક્કાની બે બાજુ છે!**

પાણીપુરી ખાઈને અમે ૧૦૦૦ની નોટ આપી તો ભૈયાજીએ કહ્યું – 'અત્યારે તો જે આવે છે તે ૫૦૦/૧૦૦૦ની નોટો જ કાઢે એટલે બાકીના છૂટ્ટા બધાને કેવી રીતે આપી શકાય? તેથી અમે તેનો એક રસ્તો કાઢ્યો છે! પંદર દિવસની વેલિડિટિવાળા 'પાણીપુરી ક્રેડિટ કાર્ડ' તૈયાર કરાવ્યા છે! તમે પંદર દિવસ સુધી બાકી રકમની પાણીપુરી ખાવા આવી શકો છો!'

અમે ચારે જણે આ અંગે ચર્ચા વિચારણા કરી. 'મહિલા વિંગે' તો આ અંગેની તૈયારી પણ બતાવી દીધી! તે લોકોએ કહ્યું કે – 'પંદર દિવસ તો નહીં પણ ૨-૩ દિવસ દિલ્હીમાં વધારે રોકાઈને એ 'ક્વોટા(!)' પૂરો કરી દેશું!'

ચર્ચા વિચારણાને અંતે અમારે તેમની સાથે સંમત થવું પડ્યું!

મહિલા સશક્તિકરણની ઝુંબેશ ચાલે છે ત્યારે માણસ ક્યારેક બિચારો! – થઈ જાય છે!

*અને*

આ રીતે આ લેખના શીર્ષકમાં 'નોટબંધી અને પાણીપુરી' જોડાઈ ગયા!

*'વ્હાઇટ હાઉસ', પ્લૉટ ૩૧૪/એ,*
*રાજશ્રી સિનેમા રોડ, સેક્ટર-૨૦,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

પ્રકીર્ણ

# એ સ્ત્રી કોણ હતી, ખબર છે?

સંકલન : અરુણ શાહ

શિયાળાનો સમય હતો. ન્યુયોર્કની સડકો બરફથી છવાઈ ગઈ હતી. એ વખતે નવેક વરસની ઉંમરનો એક છોકરો ટાઢથી ઠુંઠવાતો એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના શોકેસના બહારના કાચની આરપાસ તાકી તાકીને કંઈક જોઈ રહ્યો હતો. આવી કાતિલ ઠંડીમાં એણે શરીર પર થોડાંક ચીંથરા વીંટાળ્યાં હતાં. એના પગ ખુલ્લા હતા. ઠરી જતાં આંગળાંઓને રાહત આપવા માટે વારંવાર એ એક પછી એક પગ ઊંચો લઈ લેતો હતો. એના હોઠ સાવ ફાટી ગયા હતા. એના પર પડેલા ચીરાઓમાંથી નીકળેલું લોહી પણ જામી ગયું હતું. એ ખૂબ જ ભૂખ્યો હશે એવું તો એના દેખાવ પરથી કોઈ પણ કહી શકે તેમ હતું. ડિપાર્ટમેન્ટલ સ્ટોરના સંપૂર્ણ પારદર્શક કાચમાંથી નજરે પડતાં બૂટ, ગરમ કપડાં, બ્રેડ વગેરે ચીજોને જોતાં જોતાં એ જાણે કે ક્યાંક ખોવાઈ જ ગયો હતો.

'બેટા! આટલી ઠંડીમાં ક્યારનો તું એ કાચની આરપાર શું જોઈ રહ્યો છે?' શ્રીમંત દેખાતી એક સ્ત્રીએ એના ખભા પર હાથ મૂકીને કહ્યું. પેલો છોકરો ચમકી ગયો. પણ હળવેથી બોલ્યો, 'મેમ! હું ભગવાનને પ્રાર્થના કરતો હતો કે મને પેલા બૂટ અપાવે. મારા પગ હવે ઠંડી સહન નથી કરી શકતાં ને એટલે એ જલદીથી મોકલાવે એવું હું એમને કહેતો હતો!' એકદમ બાળસહજ નિખાલસતાથી એ છોકરાએ જવાબ આપ્યો.

પેલી પૈસાદાર દેખાતી સ્ત્રી થોડીક ક્ષણો વિચારમાં પડી ગઈ. એ પેલા છોકરા સામે જોઈ રહી. પછી એનો હાથ પકડીને એ એને સ્ટોરની અંદર લઈ ગઈ. કાઉન્ટર પર બેઠેલા માણસને એણે આ છોકરાના માપના સારામાં સારા બૂટ અને મોજા કાઢવાનું કહ્યું. પછી કપડાંના કાઉન્ટર પર જઈ એના માપનાં કપડાં અને ગરમ કોટ કઢાવ્યાં. આ દરમિયાન એણે નોકરને બાથરૂમમાં ગરમ પાણી તૈયાર રાખવાનું કહી દીધું હતું. એણે એ બાળકના હાથ-પગ ગરમ પાણીથી ધોવડાવી એને નવાં ગરમ કપડાં પહેરાવ્યાં. પછી સ્ટોરની કેન્ટીનમાં સેન્ડવિચ અને ગરમ ચૉકલેટનો નાસ્તો કરાવ્યો. ત્યારબાદ કાઉન્ટર પરનાં માણસને આ છોકરાના બૂટ બરાબર પેક કરી આપવાનું કહી એ પેલા છોકરાને બાય-બાય કરીને બહાર જવા માટે બારણા તરફ આગળ વધી.

'અલ્યા છોકરા! તું ઓળખે છે એ સ્ત્રીને? એ સ્ત્રી કોણ હતી તને ખબર છે?' બૂટની દોરી બાંધતાં બાંધતાં કાઉન્ટર પરના માણસે એ છોકરાને પ્રશ્ન કર્યો.

એ બાળકે માથું હલાવીને હા પાડી.

પોતાની અને આ સ્ટોરની માલકણને આ શેરીમાં રખડતો છોકરો ક્યાંથી ઓળખે એ વાત હજુ પેલા કાઉન્ટર પરના માણસના મગજમાં ફીટ નહોતી બેસતી. છતાં ખાતરી કરવા માટે એણે પૂછ્યું, 'કોણ હતી એ કહે તો?'

**'એ ભગવાનનાં પત્ની હતાં!' આંખમાં છલકાઈ આવેલા આંસુઓ સાથે એ બાળકે જવાબ આપ્યો.** 'એ તો મેં પ્રાર્થના કરી હતી ને એટલે બૂટ આપવા આવ્યાં હતાં!'

માહિતી

# ગુજરાત રાજ્યમાં અત્યાર સુધી બનાવવામાં આવેલાં વિશેષ વનોની યાદી

સંકલનકર્તા
ભૂપેન્દ્ર એમ. મહેતા

૧. **પુનિત વન (૨૦૦૪)**
ગાંધીનગર. સંત પુનિત મહારાજના નામ ઉપરથી ગુજરાતનું પ્રથમ વન સાબરમતીના કિનારે.

૨. **માંગલ્ય વન (૨૦૦૫)**
અંબાજી (બનાસકાંઠા). ગુજરાતની સૌથી મોટી શક્તિપીઠ પાસે.

૩. **તીર્થંકર વન (૨૦૦૬)**
તારંગા (મહેસાણા). અજિતનાથના જૈન દેરાસર પાસે.

૪. **હરિહર વન (૨૦૦૭)**
સોમનાથ (ગીર સોમનાથ). પ્રથમ જ્યોતિર્લિંગ પાસે.

૫. **ભક્તિ વન (૨૦૦૮)**
ચોટીલા (સુરેન્દ્રનગર). ચામુંડા માતાના મંદિર પાસે.

૬. **શ્યામળ વન (૨૦૦૯)**
શામળાજી (અરવલ્લી). મેશ્વો નદીના કિનારે. શામળાજીના ડુંગર અને શામળાજીના મંદિર પાસે.

૭. **પાવક વન (૨૦૧૦)**
પાલિતાણા (ભાવનગર). જૈનોના ધામમાં.

૮. **વિરાસત વન (૨૦૧૧)**
પાવાગઢ (પંચમહાલ). મહાકાળી માતાના મંદિર પાસે, વિશ્વામિત્રી નદી પાસે.

૯. **ગોવિંદગુરુ સ્મૃતિ વન (૨૦૧૨)**
માનગઢ હિલ ગઢડા (મહીસાગર). આદિવાસી નેતા તથા સુધારક ગુરુ ગોવિંદની યાદમાં.

૧૦. **નાગેશ વન (૨૦૧૩)**
દ્વારકા. ગુજરાતનું બીજું જ્યોતિર્લિંગ.

૧૧. **શક્તિ વન (૨૦૧૪)**
કાગવડ (જેતપુર, રાજકોટ). ખોડલધામમાં 'નારી તું નારાયણી' થીમ ઉપર બનેલું વન.

૧૨. **જાનકી વન (૨૦૧૫)**
વાંસદા (નવસારી). પૂર્ણા નદીની બાજુમાં રામાયણની થીમ ઉપર બનેલું વન.

૧૩. **આમ્ર વન (૨૦૧૬)**
ધરમપુર (વલસાડ).

૧૪. **એકતા વન (૨૦૧૬)**
બારડોલી (સુરત). સરદાર પટેલની યાદમાં.

૧૫. **મહીસાગર વન (૨૦૧૬)**
વહેળાની ખાડી (આણંદ).

૧૬. **શહીદ વન (૨૦૧૬)**
ભૂચર મોરી (ધ્રોલ, જામનગર).
ઈ.સ. ૧૫૯૧માં અકબરના સુબા મિરઝા અઝીઝ કોકા અને નવાનગર (વર્તમાન જામનગર)ના રાજા જામ સતાજી વચ્ચે થયેલા યુધ્ધના શહીદોની યાદમાં.

૧૭. **વિરાંજલી વન (૨૦૧૭)**
પાલદઢવાવ (સાબરકાંઠા). વિજયનગરના પોળો ખાતે પાલદઢવાવના શહીદોની યાદમાં.

૧૮. **રક્ષક વન (૨૦૧૮)**
કચ્છ. કચ્છના ભુજ નજીક રૂદ્રમાતા ડેમ સાઈટ પાસે.

*સી/૮૮૫, મુંદ્રા રોડ રિલોકેશન સાઇટ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૨ ૯૩૯૧૦*

*વિશ્વની તમામ શક્તિઓ આપણી જ છે. આપણે જ આપણા હાથ આંખો ઉપર મૂકીએ છીએ અને પછી બરાડા પાડીએ છીએ કે સર્વત્ર અંધકાર છે. જાણી લ્યો કે આપણી આસપાસ અંધકાર નથી. હાથ ઉઠાવી લ્યો એટલે પ્રકાશનું દર્શન થશે. એ તો ત્યાં પહેલેથી જ હતો. અંધકારનું, નિર્બળતાનું ક્યારેય અસ્તિત્વ ન હતું. મૂર્ખ એવા આપણે બરાડા પાડીએ છીએ કે આપણે નિર્બળ છીએ, અપવિત્ર છીએ.*

*– સ્વામી વિવેકાનંદ*




# જોક્સ જંક્શન



મેરેજ બ્યુરોના સંચાલકે ફોટો બતાવીને કહ્યું : 'મેડમ, આ મુરતિયો ખૂબ મહેનતુ, હોંશિયાર, સારું ભણેલો, ખૂબ કમાતો છે... પણ કાળો છે.'

છોકરી : તો આ જ પેટર્નમાં બીજો કલર બતાવોને....

★

જલેબી સ્ત્રીલિંગ હોવાના બે કારણો છે. એક તો એ બહુ મીઠી હોય છે. બીજું, તે કોઇ દિવસ સીધી હોતી નથી.

★

પત્ની લાવો તો "જૈન" જ લાવજો...

વરસમાં એકવાર માફી તો માંગે...

*બીજી તરફ...*

અરે ભાઈ! જૈન પત્ની શોધવામાં જ ઘણા વાંઢા રહી ગયા છે. સારું એ છે કે પોતે જ પત્નીને એકવાર 'મિચ્છામિ દુક્કડમ્' કહી દેવું.

★

છોકરી : તમે ચિંતા ન કરશો, લગ્ન પછી હું તમારા દુઃખમાં ભાગીદાર થઈશ.

છોકરો : પણ હું ક્યાં દુઃખી છું?

છોકરી : અરે, હું લગ્ન પછીની વાત કરું છું!!

★

પત્ની : અરે, સાંભળો છો....?

પતિ : લે, વળી શું થયું?

પત્ની : મારી મમ્મીને ડેંગૂ થયો છે.

પતિ : તો પછી મચ્છરને કેમ છે?

★

એક બહેને બે કલાક જુદા જુદા ૨૫થી ૩૦ ચપ્પલની ટ્રાયલ લીધી. છેવટે દુકાનદારને કહે છે.... હા, આ બરાબર છે, આપી દો. મારે કેટલા રૂપિયા આપવાના છે?

દુકાનદારે કહ્યું : મારા બહેન, એમને એમ લઇ જાવ. એ તમે પહેરીને આવેલા એ જ છે!!

★

શિક્ષક : આ કહેવતનો અર્થ સમજાવો "સાપની પૂંછડી પર પગ મૂકવો."

વિદ્યાર્થી : પત્નીને પિયર જતી રોકવી.

શિક્ષકે વિદ્યાર્થીને ગુરુ માની લીધો.

★

પપ્પા : કેટલા ટકા આવ્યા?

બેટો : પપ્પા, ૮૦ ટકા આવ્યા.

પપ્પા : પણ માર્કશીટમાં તો ૪૦ ટકા જ લખ્યા છે.

બેટો : પપ્પા, એ તો આધારકાર્ડ લિંક કરીશું એટલે બીજા ૪૦ ટકા સિધ્ધા બેંકમાં જમા થશે!

★

પત્નીએ આંગળીના ઈશારાથી પતિને બોલાવ્યો.

પતિ : બોલ, શું કામ છે?

પત્ની : કામ તો કંઈ નથી... આ તો ખાલી આંગળીની તાકાત ચેક કરતી હતી!

★

પત્ની : તમે હંમેશાં મારા પિયર આવવાનું કેમ ટાળો છો?

પતિ : મારો નિયમ છે, જ્યાં એક વખત છેતરાઇ ગયા હોઈએ ત્યાં બીજી વખત જવું નહીં.

★

પત્ની : આજે મેં તમારા માટે એવું જમવાનું બનાવ્યું છે કે, જમતાં જ ગરમી ગાયબ થઈ જશે.

પતિ : એવું તે શું બનાવ્યું છે?

પત્ની : નવરત્ન તેલના ભજિયા!



★

શિક્ષક : બોલ બેટા, મોટો થઈને તારે નોકરી કરવાની હોય તો કઈ નોકરી કરીશ?

દેવા : સાહેબ, ગમે ઇ કરીશ પરંતુ શિક્ષક તો નહીં જ બનું... આખી જિંદગી નિશાળે કોણ જાય?!

★

મમ્મી : તું વાળ કેમ કપાવતો નથી?

છોકરો : It's fashion, Mom...

મમ્મી : ફેશન વારી ના... તારી મોટી બેનને જોવા આવ્યા હતા એમનો ફોન આવ્યો છે કે... અમને નાની છોકરી પસંદ છે!

# ઘરદીવડા : આપણા વતનની 'ટાઇટેનિક'

મધ્યકાલીન સમયમાં આગબોટો બનાવવાના કામકાજથી સૌરાષ્ટ્રના વહાણવાડા ધમધમતા હતા. તે સમયે બની હતી મશહૂર આગબોટ 'વીજળી'. તેની મજબૂતાઇ મક્કમ ને કાઠું અવ્વલ. **તેના માલિક કાસમભાઈ ભારે સાહસિક.** અત્યાર સુધી ગોરાઓ જ કપ્તાન તરીકે નિમાતા. ફકીર મહમદ પહેલો દેશી માલમ હતો. તે નિમાયો હતો 'વીજળી'નો કપ્તાન. ફકીર મહમદ આલા દરજ્જાનો માલમ હતો. દસ-દસ લાંબી ખેપ 'વીજળી' ખેડી ચૂકી હતી. તેના સંધાય મુસાફરું રાજીના રેડ. આગબોટ ચાલે ત્યારે પેટનું પાણીય ન હલે. 'વીજળી' અને કાસમનાં સૌ વખાણ કરે.

'વીજળી' એની અગિયારમી ખેપ પર નીકળી હતી. **કચ્છ - અંજારથી હંકારી છેક મુંબઈ પહોંચવાનું હતું.** જવાનિયા મોહમયી નગરીમાં સેરસપાટા મારવા નીકળ્યા હતા. વાણિયા ને ભાટિયા વેપાર-વણજ કરવા જઈ રહ્યા હતા. અનેક જાનૈયાઓ સાથે તેર-તેર જેટલી જાનુ કચ્છ-અંજારથી ઉપડીને, મુંબઈ જઈ રહી હતી. મુંબઇમાં લગ્ન લેવાણાં હતાં. મુંબઈની મેડીએ ચડી કોડભરી કન્યાઓ આગબોટ આવે એની મીટ માંડી બેઠી હતી. આગબોટમાં પંદરસો (૧૫૦૦)થી અધિક 'પાસીન્જર' હતા.

માલિક હાજી કાસમ ગર્વીલા ઉછરંગમાં હતો. 'વીજળી' સડસડાટ મજલ કાપી રહી હતી. કપ્તાન ફકીર મામદનો તેના પર કાબૂ હતો. તેવામાં મહુવાની નજીક મધદરિયે વાવાઝોડું ત્રાટક્યું. બેસુમાર પાણી બોટમાં ઘૂસી ગયું. આગબોટ ડોલાડોલ. ખારવાઓ મામદના હુકમ પ્રમાણે અહીંથી તહીં હડીઓ કાઢે, પણ તોફાન જેનું નામ. 'વીજળી' તળે-ઉપર! દૂરબીન માંડી મામદ આકાશ જુએ, દિશા તાગે, પણ છઠ્ઠીના લેખ અવળા હતા. **બોઇલરની આગ ઓલવાઈ ગઈ, કોલસા ખૂટ્યા. દેશી કપ્તાન તરીકે નામોશી વહોરવા મામદ તૈયાર નો'તો. 'પાછા વળે ઇ બીજા.'**

મધદરિયે 'વીજળી' ડૂબી. તેર-તેર કોડીલા કંથ ને જાનૈયા, મોજીલા જુવાનિયા, વેપારી વાણિયા-ભાટિયા સહિત ૧૩૦૦ માણસ જળમાં ગરક થઇ ગયા. મુંબઇને કાંઠે તેર-તેર માંડવા ખડ્યા, કન્યાઓ ને માંડવિયા ખોબલે-ખોબલે રોયાં, ડૂબેલાઓની પરણેતરોએ ચૂડલા ભાંગ્યા, મા-બાપ ને બેનડિયુંએ કાળો કલ્પાંત કર્યું.

*ઝવેરચંદ મેઘાણીએ આ કથા પરથી કરુણ કાવ્ય રચ્યું છે :*

***'કાસમ, તારી વીજળી' : હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ.***

આપણા વહાણવટાનો ઇતિહાસ રોમાંચક છે. ગુણવંતરાય આચાર્ય અને બીજાઓએ એ ઇતિહાસને રંગદર્શી રીતે આલેખ્યો છે.

મહાકાય લક્ઝરી લાઇનર-સ્ટીમર 'ટાઇટેનિક'ની જળસમાધિ પરની ફિલ્મ જોઈ આપણી પ્રજા ગાલાવેલી થઈ ગયેલી. **પરંતુ રૂપેરી પડદા પર આપણા કથાનકોને ચીતરનારા કલાકારો ક્યાં છે? ઘરદીવડાની કથાથી આપણું સાહિત્ય સમૃદ્ધ છે.** તેનો પ્રકાશ રૂપેરી આભ પર રેલાય તે ઇષ્ટ છે.

# ભારતીય રેલવે

- સરકાર દ્વારા સંચાલિત ભારતીય રેલવે વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે. ૧,૨૭,૭૬૦ કિલોમીટરની કુલ લંબાઈ સાથે તે વિશ્વની ત્રીજા નંબરની રેલવે છે.
- ભારતીય રેલમાં વર્ષે ૯૯૯૧ ટ્રેનમાં લગભગ ૮૦૦ કરોડ લોકો પ્રવાસ કરે છે. આ રેલવે ૭૧૭૨ સ્ટેશન ધરાવે છે. **જાણીને નવાઈ લાગે પરંતુ કેટલાક નાના દેશોની કુલ વસતિ જેટલા પ્રવાસીઓ દરરોજ ભારતની ટ્રેનોમાં હોય છે.**
- ઉત્તર પ્રદેશના ગોરખપુર રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ વિશ્વનું સૌથી લાંબુ ૪૪૩૦ ફૂટ લંબાઈ ધરાવે છે.
- ભારતીય રેલવેના મુંબઈનું છત્રપતિ શિવાજી ટર્મિનસ અને ભારતીય માઉન્ટન રેલવે યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામ્યા છે.
- ભારતીય રેલવેમાં રોયલ રાજસ્થાન, પેલેસ ઓન વ્હીલ્સ, કર્ણાટકની ગોલ્ડન ચેરિયટ, દિલ્હીની મહારાજા એક્સપ્રેસ અને મહારાષ્ટ્રની ડેક્કન ઓડેસી — એમ પાંચ વૈભવી ટ્રેન છે.
- દિબ્રુગઢથી કન્યાકુમારી વચ્ચે ચાલતી વિવેક એક્સપ્રેસ ૪૨૭૨ કિલોમીટરની લંબાઈ ધરાવતો ટ્રેક સૌથી લાંબો છે.
- પ્રવાસીઓ નિરાંતે ઉંઘ લઈ શકે તે માટે રેલવે કોચની ડિઝાઈન ૧.૨ હટ્‌ર્ઝની ધ્રુજારી આવે તે રીતે તૈયાર થાય છે.
- ભારતીય રેલવેની સૌથી લાંબી ટનલ પીર પીંજાલ કાશ્મીરમાં આવેલી છે. તે ૧૧.૨૫ કિલોમીટર લાંબી છે.
- ભારતીય રેલવેનો મસ્કોટ હાથમાં ફાનસ લઇને ઊભેલો ભોલુ હાથી છે.

## પુસ્તક અને...

મારા કાચના કબાટમાંથી
ક્યારેક વાંસળી ક્યારેક વાયોલિન
ક્યારેક હાર્મોનિયમ ક્યારેક પિયાનો
ક્યારેક પખવાજ ક્યારેક નરઘાં
ક્યારેક ક્લેરિયોનેટ ક્યારેક સંતુર સિતારના
રંગતરંગ અને ઈન્દ્રધનુ ખૂલે ખીલે છે.
મને પાંખો ફૂટવા માંડે છે
મને આંખો ફૂટવા માંડે છે
મારા પાર્થિવતા પરથી ઊંચકાઈને
અધ્ધર ઊર્ધ્વ ક્ષિતિજોને આંબવા ઊંચા થઈ જાય છે.
મારું લક્ષ એક તારક એક ચંદ્ર એક સૂરજ નથી
કેવળ પ્રકાશ અને કિરણોના
શીતળ શાતાવેદનીય પ્રદેશમાં પહોંચી જાઉં છું
ઉષ્ણ અને ઉષ્માપૂર્ણ સ્મૃતિઓને
પાછળ છોડેલા સ્ટેશનોની જેમ
છોડતો જાઉં છું...
અહીં વિયોગદંશ નથી
અહીં સંયોગઅંશ પણ નથી
મારામાં બેઠેલું એકાંત
એના નિતાંત એકાંતમાં
નિમજ્જન પામે છે
અમારા એકાંતમાં કશું ઉમેરી શકાતું નથી
આકાશના વ્યાપમાંથી કશું બાદ કરાતું નથી
અહીં વધઘટ સુધારો વધારો ઘટાડો અસંભવ
કેમ કે એ એનાં સ્થાનોમાં અને હું મારી સ્થિતિઓમાં
એકી-સાથે રિક્ત અને તત્ક્ષણે સભર
અમો ડરતા નથી કેમ કે અમે વિખૂટાં પડીએ તોયે મરતા નથી
પુસ્તક અને હું અને પુસ્તકો....

*– "પીધો અમીરસ અક્ષરનો"*

## પુસ્તક એટલે શું?

– મસ્તકનો ખોરાક
– મનનો પ્રવાસ
– શબ્દોનો શ્વાસ
– આખાયે વિશ્વને આપણી બરાબર સામે મૂકી દેતો દરવાજો. જે કદી ખાલી થતો નથી કે લૂંટાતો નથી.

*– હર્ષદ ચંદારાણા*

## રિમોટ કન્ટ્રોલ

આપણા મોટાભાગના ઈલેક્ટ્રોનિક સાધનો રિમોટ કન્ટ્રોલથી ચલાવી શકાય છે. ટી.વી., એ.સી., પંખા વગેરે બંધ કે ચાલુ કરવા માટે ઉભા થવું પડતું નથી. ટી.વી.ની ચેનલો બદલવા માટે ઊભા થઈને તેની સ્વીચો મચડવી પડતી નથી. દૂર બેઠા બેઠા રિમોટ વડે તે કામ થઈ શકે છે. પરંતુ આ બધા સાધનો માટે અલગ અલગ રિમોટ જોઈએ. એક રિમોટ એક જ સાધનના કામમાં આવે છે. હાથમાં રાખવામાં આવતું રિમોટ ચોક્કસ અલ્ટ્રાસોનિક સાઉન્ડના મોજાં ઉત્પન્ન કરાતાં હવે ઈન્ફ્રારેડ કે એલ.ઈ.ડી. જેવા વિદ્યુત મોજાઓવાળાં રિમોટ મળે છે. રિમોટના સિગ્નલ સામેના ટી.વી. કે એ.સી.માં ફીટ કરેલાં રીસીવરને મળે છે અને રીસીવર તે મોજાં પ્રકારનાં મોજાં વડે જોડાયેલા હોય છે એટલે ટી.વી.નું રિમોટ બીજામાં ચાલે નહીં.

યુનિવર્સલ રિમોટ કન્ટ્રોલ પણ બજારમાં મળે છે. આ રિમોટ ટી.વી., એ.સી., વી.સી.આર., પંખા જેવી તમામ વસ્તુઓનું સંચાલન કરી શકે છે. એક જ યુનિવર્સલ રિમોટથી ઘરના બધા સાધનો ચાલે પરંતુ યુનિવર્સલ રિમોટ ઘણું મોંઘુ હોવાથી વ્યવહારમાં ઉપયોગ થતો નથી.

## વિશ્વના જુદા જુદા દેશોમાં વી.આઈ.પી.ની સંખ્યા

| | | | |
|---|---|---|---|
| ★ | બ્રિટનમાં સત્તાવાર સંખ્યા | : | ૮૪ |
| ★ | ફ્રાંસમાં સત્તાવાર સંખ્યા | : | ૧૦૯ |
| ★ | જાપાનમાં સત્તાવાર સંખ્યા | : | ૧૨૫ |
| ★ | જર્મનીમાં સત્તાવાર સંખ્યા | : | ૧૪૨ |
| ★ | અમેરિકામાં સત્તાવાર સંખ્યા | : | ૨૫૨ |
| ★ | રશિયામાં સત્તાવાર સંખ્યા | : | ૩૧૨ |
| ★ | ચીનમાં સત્તાવાર સંખ્યા | : | ૪૩૫ |
| ★ | ભારતમાં સત્તાવાર સંખ્યા | : | ૫,૭૯,૦૯૨ |

એ તમામની સિક્યોરિટી, ફ્લાઈટ બિલ્સ, વિદેશ પ્રવાસ, ટ્રાવેલ અને વેકેશન ખર્ચ, ફ્રી ઈલેક્ટ્રિસિટી, ફ્રી વોટર, ફ્રી કેન્ટિન સર્વિસ, દવા અને પેન્શન સહિતના અન્ય બીલોના જંગી ખર્ચા રાષ્ટ્ર પર પડે છે. મતલબ કે આ દેશની જનતા પર પડે છે.

રાજકીય વી.આઈ.પી. લોકોની આ વિશાળ ફોજ આ દેશના સામાન્ય લોકો માટેની મૂલ્યવાન રાષ્ટ્રીય સંપત્તિનો બેસુમાર રીતે બગાડ કરી રહ્યા છે.

## પાંજો કચ્છ

મોભત પાંજે મુલકજી
કચ્છડે જા માડુ મિળે મીઠા;
માં આશાપુરા ને વીર જશરાજ દાદા કે પગે લગી
મિણી કે ધિલ ઠારે દીઠા.

સગા સ્નેહી મિળે મોજ મજામેં,
મિળે ઠરી ઠામ વિઠા.
ભાકીં પાં મિણી કે ખબર,
કચ્છડે જા વરે કઠા મઠા.

હા પણ, માન ડીને મેં મુળી ન ડીએં,
ભલેં ઘરમેં ગમે તીં વિઠા;
એડા માણીગર માડુ મીઠા,
મું પાંજે કચ્છડેમેં ડીઠા.

મોભત પાંજે મુલકજી,
કચ્છડે જા માડુ મિળે મીઠા.

*શામજી વાલજી ગણગણાત્રા "રામાનંદ"*
*મો. ૯૦૦૪૫ ૫૨૯૫૧, ૯૪૨૯૦ ૩૮૫૮૩*

## ધર્માડંબર

જે ધર્મથી કર્મ ખપાવવાની સમજણ ન વધે,
એ ધર્મ દેખાડાથી શું?

જે તપસ્યાથી વિષય-કષાય મોળા ન પડે,
એવી લાંઘણો વધે તો શું?

જે જ્ઞાનથી સ્વોન્નતિ-પરોન્નતિ ન સંભવે તો,
એ પોપટ-પાઠ રટણથી શું?

જે ભક્તિથી નિર્મળતા - નમ્રતા ન સાંપડે તો,
એ બગલા ભક્તિથી શું?

જે શાસ્ત્રકથનનું સમજણથી અનુસરણ નહીં,
એ પોથી પંડિતાઈથી શું?

બધું જ આ શાસ્ત્રકથન છે જે,
નથી શોધ નવી આજની, સનાતન છે,
જાણવા છતાં પણ જે ભૂલતો રહે,
દંભમાં પામર જન બસ રાચતો રહે.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## ઠેઠ લગીનો સંગાથ

*ચાલે છે હુકમ ત્યાં ન ધરમનો કે ધણીનો,*
*જેને કહે છે પ્રેમ, એ સોદો છે ખુશીનો,*
*મહેમાન બધાને હું ભલે લાગું ઘડીનો,*
*પણ એમ નહીં જાઉં, કે ચૂક્યો છું*
*અણીનો.*
*જે ફૂલ થયા પહેલા હતો રંગ કળીનો,*
*એ રંગ ખપે મુજને*
*ઉછીનો*
*બેચેની બલાની અને માસૂમ*
*જિગરમાં!*
*ઝાકળને છુપાવો મને છુટે છે પસીનો.*
*મારાથી કોઈ વાત નથી તારી*
*અજાણી,*
*તું એક છબી છે તો હું છું કાચ*
*છબીનો,*
*ક્યારેક કઠણ હૈયું નથી આમ*
*ધબકતું,*
*આ રાહ કહીં હોય નહીં તારી*
*ગલીનો,*
*છે લાંબી સફળ હાથ મહીં હાથ દઈ દે,*
*સંગાથ નહીં આવો મળે ઠેઠ લગીનો.*
*દુનિયાને ખબર કોણ કરે કે હું દુઃખી છું?*
*કરતાં નથી આવડતો મને ડોળ*
*દુઃખીનો.*
*'ઘાયલ' નથી એ જાણ કે જંપીશ જઈ*
*ક્યાં?*
*પદભ્રષ્ટ પરિમલ છું હું યે*
*ધૂપસળીનો.*

*- અમૃત ઘાયલ*

## હાઇકુ

દુઆ કોઈની
ફળી ગઈ મુજને
જીવન મહીં.

દિલ લાચાર
અંતિમ ક્ષણે હવે
ચક્ષુદાન દે!

સારા વિચાર
આવે કવિને ત્યારે
બને કવિતા.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## આ જિંદગીની બાજી ભંગાર બનીને રહી ગઈ

સાફલ્યની કેડી પરે એ તો ધસમસતી રહી,
હસતી વળી સંવરતી ને કદીક રૂમઝુમતી રહી;
ઝરમર ઝરણાની જેમ સરસર સરિતા જ બની,
સાગર મળતાની સાથે ખારી ઉસ બની ગઈ.

હતી ભંગાર, ભંગાર રહી ને ભંગારમાં ભળતી રહી
રગશિયા ગાડાની જેમ એ તો ટળવળતી રહી;
અચરજ નથી એમાં જ એ સાહજિક વાત રહી,
આ જિંદગીની બાજી ભંગાર બનીને રહી ગઈ.

પણ પૂરજોશમાં ઐશ્વર્યની આણે એ વસતી રહી,
યૌવનકેરા ઓઘમાં એ ધોધ જેમ ધસતી રહી;
વળતાં જ થયા પાણી ત્યારે કેવી વિરમતી રહી...

કૈંક પાડ્યા ખેલ ને કંઈક કૌભાંડો મેં કર્યા,
રસ્તે રઝળતી રંકતાના કૈંક શોષણ મેં કર્યા;
સત્તા-સંપત્તિ સગવડોનાં શોણલાં અંકે કર્યા,
તો ય ક્યારેક લાગતું....

સાધુતાના વેશ લીધા ને ભક્તિના ય ભેખ ધર્યા,
દાન, તપ ને ધર્મકેરા કેટલાય ધતિંગ કર્યા;
લાલસા ને વાસના જે મનથી ન દૂર થયા,
કવચિત્ લાગે કે જાણે...

*રમેશ ચંદુલાલ 'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## મળે છે!

ટેરવાથી સ્પર્શ કરું તો,
તિલક કરવાનું માન મળે છે.

બે શબ્દ મૌનના ધારણ કરું તો,
ખુદમાં ખોવાનું ધ્યાન મળે છે.

ઝુકેલી ડાળોને જોઉં છું તો,
ઝુકવાનું અનોખું જ્ઞાન મળે છે.

મરી ફીટું જો અન્યને કાજે,
આહ્લાદક આનંદ મળે છે.

આગળ વધું જો કંટકી રાહમાં,
પુષ્પો મળવાનો અણસાર મળે છે.

કંઈક અલગ કરવાનું સ્વપ્નું તો,
જિંદગી જીવવાની ઝિંદાદિલી મળે છે.

*મહેન્દ્ર એચ. મહેતા (અમદાવાદ - ભુજ)*
*મો. ૯૭૨૪૫ ૧૮૮૨૧*

## ગઝલ

જિંદગીમાં સાદગી જોઈએ,
ફૂલ જેવી તાજગી જોઈએ!

લાગણી કાફી નથી પ્યારની,
ઈશ્કમાં દીવાનગી જોઈએ!

એ ભલે વખણાય જાહેરમાં,
આપણે તો ખાનગી જોઈએ!

*શાંતિ મનને જોઈતી હોય તો,*
*જિંદગીમાં બંદગી જોઈએ!*

કેટલો ચાહું કહી ના શકું,
'પ્રેમ' માટે જિંદગી જોઈએ!

*મુરજી ચાવડા 'પ્રેમ' - ગાંધીનગર*
*મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭*

## સિતારો

ક્યાંક જીવતાને જ જાકારો હોય છે
ને માનવી મૃત્યુ બાદ સારો હોય છે...

કર્મો કર્યા જો સારા કે નરસા ને
ગયા પછી એનો વરતારો હોય છે...

જીવી ગયા કોઈ જાણી આ જગતને
તો દુનિયામાં સફળ જન્મારો હોય છે...

જો ખેલ્યા ખેલ ખલકને છેતરવાના
મોઢે મીઠો ને ભીતર ખારો હોય છે...

*કેટલું જીવ્યો તે નથી અગત્યનું*
*'પ્રભુ' જીવ્યો કેવું એનો સિતારો હોય છે...*

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*

## હાઇકુ

કહો છો તમે
અત્તર જેને એતો
લોહી ફૂલોનું.

*થઈ જાય છે*
*"નોટ"ને "નેટ"માં જ*
*જિંદગી પૂરી.*

"સોમૈયા"ને પૂછા પરમેશ્વરસે
તુને સુખદુ:ખ કૈસે બાંટે?
કાદવ કો કમલ દિયા
ગુલાબ કો દિયે કાંટે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## ટેન્શનથી કેમ બચશો?

તાણ (ટેન્શન) "બોધરેશન" એ આદિકાળથી માનવમાત્રને ત્રાસ આપી રહેલ છે.

ભય હોય ત્યારે એની પર વિજય મેળવવા માટે શરીર જ્યારે સક્રિય બને છે ત્યારે તે વખતે જે સંવેદન અથવા લાગણી માનવીના મનમાં જાગે છે એને આપણે તાણ - દબાણ - ટેન્શન - તનાવ કહીએ છીએ.

તાણનું મુખ્ય કારણ ભય છે અને ભયના અનેક કારણો હોય છે. માનસશાસ્ત્રીઓની માન્યતા છે કે ઉંમરલાયક વ્યક્તિનાં ટેન્શનમાં મોટાભાગના કારણો પાછળ બાળપણનાં તેના અનુભવો હોય છે. ભય તથા અન્ય માનસિક ગ્રંથિઓ બાળપણમાં લાદવામાં આવી હશે તે અચેતન મનમાં દબાયેલી પડી રહે છે અને મોટાપણે તે રહસ્યાત્મક રૂપમાં કાર્ય કરવા માંડે છે અને તે વ્યક્તિ માટે હાનિકારક નીવડે છે.

તાણથી માથાનો દુઃખાવો, બ્લડપ્રેશર, વા, ગેસ્ટ્રિક અલ્સર, હૃદયરોગ અને બીજા ઘણા દરદો થાય છે.

**આ સંસારની માયા માનવી જ્યાં સુધી સંપૂર્ણપણે મૂકી ન શકે ત્યાં સુધી તે તાણમાંથી મુક્ત થઈ શકતો નથી.** પણ તેની અસર તો અલબત્ત ઓછી કરી શકે છે જ. એ માટેના ઉપાયો મિ. સેગિટેરીક્સે પોતાના એક લેખમાં આ પ્રમાણે બતાવ્યા છે :

૧. જેના પર તમને વિશ્વાસ હોય તેને તમારી સમસ્યા જણાવો અને તેનું સમર્થન મેળવો. માનવતાપૂર્ણ સહાનુભૂતિ જાદુઈ અસર કરે છે. ક્યારેક તો તે દવાઓ કરતા વધુ કામિયાબ નીવડે છે. સમસ્યા રજૂ કરવાથી તેનો ઉકેલ મળી આવે છે.

૨. મૂળ સમસ્યાને થોડા સમય માટે ભૂલી જાઓ. એથી મનમાં તાજગી આવશે અને બીજી રીતે હલ કરવાનો રસ્તો સુઝશે.

૩. એક સમયે એક જ કામ કરો. એથી ટેન્શનથી બચી જવાય છે.

૪. શક્તિ બહારની ઈચ્છાઓ નહીં રાખવાથી તાણની સ્થિતિ પેદા થતી નથી.

૫. શાંતિ રાખો.

૬. ટીકા પ્રત્યે બેદરકાર રહો. બધા પાસેથી પ્રશંસાની આશા રાખવી વ્યર્થ છે. અન્યની પ્રગતિને આદરથી જુઓ.

૭. તમારી ભૂલોનો સ્વીકાર કરજો. એથી ક્યારેક તો એવા સારા પરિણામો આવશે કે જેની તમે કલ્પના પણ નહીં કરી હોય.

૮. અન્યને મદદ કરજો. દુઃખ ભૂલવા માટે અને સદ્ભાવ મેળવવાનો આ સહેલો રસ્તો છે.

૯. કોઈ સાથે ઝઘડો થયેલ હોય કે ગેરસમજ થઈ હોય તો તેનું સમાધાન કરવા પહેલ કરજો. આવે વખતે પહેલ કરવી એ ફાયદાકારક છે.

૧૦. નવરાશના સમયે તમને ગમતું કાર્ય કરજો. તાણ દૂર કરવા માટે આ એક ઉત્તમ ઉપાય છે.

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## લોન નહિ, છાત્રવૃત્તિ

અમદાવાદના ડૉ. હરિપ્રસાદ દેસાઈ સાચા અર્થમાં એક લોકસેવક હતા. લોકોની સેવા કરવાની વૃત્તિ તેમનામાં સહજ રીતે આવી હતી.

એકવાર એમના ઘર પર કોઇ અજાણ્યો યુવાન ચઢી આવ્યો. હરિપ્રસાદે તેને પૂછ્યું : "કેમ ભાઈ, તારે મારી પાસે અત્યારે આવવું પડ્યું?"

"એક ખાસ કામે આવ્યો છું!"

"બોલ, કયું ખાસ કામ?"

યુવાન બોલ્યો : "સાહેબ, આ વર્ષે બી.એ.ની પરીક્ષામાં હું પ્રથમ નંબરે આવ્યો છું. મારી ઈચ્છા હવે બેરિસ્ટર બનવાની છે. આ માટે હું લંડન જવા માગું છું. જો આપ મને વીસ હજાર રૂપિયા ઉધાર આપો તો મારું આ સ્વપ્ન સાકાર બને! લંડનથી પાછા ફર્યા બાદ તમને હું તમારી તમામ રકમ વ્યાજ સાથે ચૂકવી દઈશ."

"એવડી મોટી રકમ તે તું કઈ રીતે ચૂકવી શકીશ?"

"મને વિશ્વાસ છે કે બેરિસ્ટરીમાં પણ હું પ્રથમ આવીશ, અને તમારી રકમ પરત કરવા જેટલો પૈસો હું કમાવી લઈશ."

તરત જ ડૉ. દેસાઈએ પોતાના મુનીમને વીસ હજાર રૂપિયા આપવા કહ્યું, યુવાને આ રકમ અંગે લખાણ કરી લેવા દેસાઈને કહ્યું.

ડૉ. દેસાઈએ પૂછ્યું : "તારું નામ શું છે?"

"ફિરોજશા મહેતા!"

ડૉ. દેસાઈએ ફિરોજશા મહેતાને કહ્યું : "આ રકમ હું તને લોન તરીકે નહિ, છાત્રવૃત્તિ તરીકે આપું છું, અને છાત્રવૃત્તિનું કોઈ લખાણ હોય નહિ!"

પછી તેમણે પોતાની સાથે તે યુવાનને જમાડ્યો અને જ્યારે તે યુવાન વિદાય થયો ત્યારે બીજા પાંચ હજાર રૂપિયા તેના હાથમાં મૂકી કહ્યું : "ભાઈ, આ પૈસામાંથી કપડાં વગેરેની વ્યવસ્થા કરજે."

ફિરોજશા મહેતા ડૉકટરની આ ઉદારતા જોઈ જ રહ્યા!

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અભૂતપૂર્વ વારસા સમાન અને ઐતિહાસિક ધરોહર અમદાવાદની પોળોના પ્રાચીન જિનાલયો

*જૈનોના પર્વાધિરાજ પર્યુષણ પર્વ તાજેતરમાં પૂરા થયા છે. આ પર્વ દરમિયાન જૈન લોકો જપ, તપ અને અનેક પ્રકારની આરાધનાઓ કરે છે. જિનાલયોમાં પૂજા અર્ચના, આંગી ભાવના તથા પ્રદર્શનો જેવા અનેક મનમોહક કાર્યક્રમો પણ થતા હોય છે. અમદાવાદ વિસ્તારની અનેક પોળોમાં સંખ્યાબંધ પ્રાચીન જિનાલયો તેની ભવ્ય ગાથા સાથે આજે મોજૂદ છે. તેને અનુલક્ષીને થોડી વિગત અત્રે પ્રસ્તુત કરી છે.*

એક સર્વેક્ષણ અનુસાર સમગ્ર ભારતભરમાં માત્ર ગુજરાત રાજ્ય પાસે સંખ્યાની દૃષ્ટિએ જિનાલયોની સંપત્તિ ભવ્ય અને વિશાળ સ્વરૂપે છે. અમદાવાદના કોટ વિસ્તારમાં ૧૧૫થી વધારે જિનાલયો છે. જેમાં કેટલાક ૧૦૦ વર્ષથી ૫૦૦ વર્ષ પ્રાચીન છે. તે મુજબ લગભગ એકસો વર્ષથી ખૂબ વધારે સમયની અંદાજે બાર હજાર જેટલી ધાતુ - આરસના ભવ્ય અને સુંદર પ્રતિમાઓના આજે પણ દર્શન થાય છે. અમદાવાદ માટે આ એક ખૂબ જ ગૌરવની વાત છે. આવો પ્રાચીન વારસો ઘર આંગણે પ્રાપ્ત થયા બાદ તેની માવજત - ક્રિયા કરવાની તથા સુરક્ષિત રાખવાની જવાબદારી અમદાવાદ શહેરમાં સ્થાયી થયેલ પ્રત્યેક જૈન પરિવારની છે. આમ છતાં, હાલના સમયમાં અમુક દહેરાસરોમાં ખૂબ જ અલ્પ સંખ્યામાં અને કટેલીક જગ્યાએ બે થી ત્રણ શ્રાવકો જ સેવા-પૂજા કરતા હોય છે. એટલું જ નહીં પરંતુ એવા પણ કેટલાક સ્થાનો છે જ્યાં માત્રને માત્ર પૂજારી જ બધું કરે છે. તે સિવાય અન્ય કોઈ શ્રાવક-શ્રાવિકા ત્યાં આવનજાવન કરતા નથી. તેનાં કારણ તરફ એક નજર કરીએ તો એક સમયે સમગ્ર દેશમાં સૌથી વધારે જૈનોની વસ્તી અમદાવાદમાં હતી. આજથી લગભગ ચારસો વર્ષ અગાઉ જૈનોની મોટાભાગની વસ્તી જૂના અમદાવાદ વિસ્તારમાં આવેલ વિવિધ પોળોમાં હતી. સમયાનુસાર અને સામાજિક તથા આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને પોળોમાં સ્થાયી થયેલ જૈન પરિવારો અમદાવાદમાં વિકાસ પામેલ નવા વિસ્તારોમાં વસવાટ કરવા લાગ્યા. નવા વિસ્તારોમાં નૂતન જિનાલયો બંધાયા. એટલે જૂના દહેરાસરોમાંથી કેટલાક ભગવાનની પ્રતિમાઓની જરૂરી વિધિ કર્યા બાદ નવા જિનાલયોમાં સ્થાપના કરવામાં આવી. જૂના વિસ્તારમાં આવેલી પોળોના જિનાલયોની વિગત તરફ નજર કરીએ તો ઝવેરીવાડ, દોશીવાડાની પોળ - ફતાસા પોળ, માણેકચોક, રાયપુર, માંડવીની પોળ, ટંકશાળ - ખાડિયા, સારંગપુર - રાજપુર, ઘીકાંટા - પાંજરાપોળ, રીલીફ રોડ, હાજા પટેલની પોળ, દેવસાનો પાડો, રતનપોળ, દિલ્હી દરવાજા, દરિયાપુર, શાહપુર - ખાનપુર વગેરે મુખ્ય છે. જેમાં કેટલાક જિનાલયો અને પ્રતિમાઓ સંગેમરમર તથા વિશિષ્ટ પાષાણથી બનેલાં છે. કેટલાક જિનાલયોનાં શિલ્પના રહસ્યો જાણવા જેવા છે. વળી કેટલાક જિનાલયોમાં રહસ્યમય યંત્રોનો સંગ્રહ પણ છે. તે સિવાય, પોળોમાં સાધના સ્થળો, પ્રાચીન ઉપાશ્રયો પણ જોવા મળે છે. જૈન શાસનના કેટલાંક ગુરુ ભગવંતોએ જણાવ્યું છે તેમ, અમદાવાદની પોળોના જિનાલયોના શિલ્પ અને તેની પ્રતિષ્ઠા સમગ્ર અમદાવાદની સુરક્ષા અને ભવ્યતાના મુખ્ય સ્રોત સમાન કહી શકાય. આ જિનાલયો ધર્મ સ્થાપત્યોના પ્રાણ સમાન છે. તેના વૈભવ, પ્રાચીનતા, સહજતા, કલા વગેરેની વિશિષ્ટતા છે.

એક સર્વે અનુસાર અમદાવાદ વિસ્તારમાં નાના-મોટા અંદાજે ૪૫૦થી વધારે જિનાલયો હશે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો તથા સક્રિય કાર્યકરો શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઈ ગોસરે ઉપરોક્ત જિનાલયોમાંથી લગભગ ૮૫ ટકા જિનાલયો - સાધના સ્થળોમાં દર્શન-પૂજા - અર્ચના - સ્પર્શના કર્યા બાદ ધન્યતા પ્રાપ્ત કરી છે તેમજ અન્યજનોને પ્રેરણા આપી છે. આ રીતે તેઓએ એક વિશિષ્ટ ઉર્જાનો અનુભવ કરી એક અનોખો ઇતિહાસ રચ્યો છે.

ઉપરોક્ત જિનાલયોની ભવ્ય અને રોમાંચક શૃંખલા ''મંગલ મંદિર''માં ટૂંક સમયમાં પ્રકાશિત કરવાનું આયોજન વિચારણા હેઠળ છે.

### એક નજર...જિનાલયક પરિક્રમા માટે રીક્ષાની સુવિધા

અમદાવાદ ખાતે જિનાજ્ઞા યુવા ટ્રસ્ટ દ્વારા પોળોના જિનાલયોની પરિક્રમા કરવા માટે રીક્ષાની ખાસ સુવિધા પૂરી પાડવામાં આવે છે. તેના બુકિંગ માટે, ધર્મશાળામાં ઉતારા અંગે તથા ત્રણેય સમયના ભોજન / નાસ્તા સંબંધી વિગત મેળવવા માટે જિનાજ્ઞા યુવા ગ્રુપનો નીચે જણાવેલ ટેલિ. નંબર પર સંપર્ક કરી શકાય છે. ૯૫૫૮૮ ૪૫૬૭૨, ૭૭૭૮૦ ૩૧૫૦૦ એડવાન્સ બુકિંગ કરાવવું જરૂરી છે. બુકિંગ સમય : સવારે ૧૦.૩૦થી ૧૨.૦૦, બપોરે ૩.૦૦થી ૫.૦૦

***વિશેષ આકર્ષણ*** : ૧૨ રૂટ દ્વારા ૧૧૫ જિનાલયોની દર્શન યાત્રા તથા ચાર સ્થાનકોના સ્પર્શનો લાભ મેળવી શકાય છે.

*પ્રસ્તુતિ : દિનેશ આર. મહેતા*

## ક.વિ.ઓ. જૈન સમાજ - અમદાવાદ તથા રામાણિયા ગામનું ગૌરવ



અબોલજીવોને કાજે પોતાના પ્રાણનું બલિદાન આપનાર ગીતાબેન રાંભિયાની શહીદીને ૨૫ વર્ષ થતાં તેમની શહીદીને ગુજરાત રાજ્યના ગૌસેવા આયોગ દ્વારા “ગૌરક્ષક”ના ઍવોર્ડની અર્પણવિધિ કર્યા બાદ સદ્‌ગતશ્રીને તા. ૨૭-૮-૨૦૧૭ના રોજ અમદાવાદના અહિંસા ચોક, આંબાવાડી ખાતે બહોળી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિમાં શ્રધ્ધાંજલિ અપાઈ હતી એમ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

# પ્રતિભાવ

### ‘મંગલ મંદિર’ — પ્રતિભાવ

‘મંગલ મંદિર’ના અંકો નિયમિત વાંચતા આનંદ થાય છે. ઓગસ્ટ માસમાં પ્રકાશિત ‘મંગલ મંદિર’ના એક લેખ માટે મારો પ્રતિભાવ જણાવું છું.

સુંદર! સુંદરતમ! અતિ સુંદર! આ શબ્દો ઓગસ્ટ માસના ‘મંગલ મંદિર’ના અંકમાં “એ.પી.જે. અબ્દુલ કલામ મારી જીવનયાત્રા”ના લેખ માટે છે. ખરેખર ખૂબ જ સુંદર અને પ્રેરણાદાયક લેખ છે. તેના અમુક વાક્યો તો ડાયરીમાં નોંધી લેવા જેવા છે.

- જીવનના અનુભવોએ મને શીખવી દીધું હતું કે વધુ આશાઓ રાખવાથી જીત નિશ્ચિત બનતી નથી. તેના બદલે શાંતિપૂર્વક જવાબો આપવાથી આપણે વધુ સારો દેખાવ કરી શકીએ છીએ.
- તમે પણ ફૂલ જેવા બનવાની કોશિશ કરો. બધું જ આપતા રહો, પણ તેની ગણતરી ન રાખો.
- સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈની ખૂબીઓ.

આવા સરસ લેખ અંકમાં મૂકવા બદલ ધન્યવાદ.

***ડૉ. સુધીર મોદી - અમદાવાદ***
***મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫***

***કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.***

## NanoNine *Sudoku*

*ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | જયસુખ સંઘવી | - અમદાવાદ |
| ૨. | વિનય સંઘવી | - અમદાવાદ |
| ૩. | ચંદુભાઈ કુબડિયા | - અમદાવાદ |
| ૪. | ઈન્દુબેન પટેલ | - અમદાવાદ |
| ૫. | કવિસા ગોસર | - અમદાવાદ |
| ૬. | વિપુલ ગોસર | - અમદાવાદ |
| ૭. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૮. | ધર્મિષ્ઠા શાહ | - અમદાવાદ |
| ૯. | પ્રિયંકા શાહ | - અમદાવાદ |
| ૧૦. | જ્યોતિ શાહ | - અમદાવાદ |
| ૧૧. | પ્રીત છેડા | - અમદાવાદ |
| ૧૨. | અરવિંદ ભટ્ટ | - અમદાવાદ |
| ૧૩. | પ્રતિમા શાહ | - અમદાવાદ |
| ૧૪. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૧૫. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૧૬. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૧૭. | ચંદ્રા શાહ | - અમદાવાદ |
| ૧૮. | જ્યોતિ ગડા | - અમદાવાદ |
| ૧૯. | ડૉ. અતુલ પી. ધરોડ | - અમદાવાદ |
| ૨૦. | મહેન્દ્ર શાહ | - અમદાવાદ |
| ૨૧. | શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૨૨. | ગીતા મહેતા | - અમદાવાદ |
| ૨૩. | સંજય શાહ | - અમદાવાદ |
| ૨૪. | બીનોય ગોગરી | - અમદાવાદ |
| ૨૫. | નિખિલ પરીખ | - અમદાવાદ |
| ૨૬. | જયેશ મહેતા | - અમદાવાદ |
| ૨૭. | રીંકેશ જૈન | - અમદાવાદ |
| ૨૮. | મૈત્રી જૈન | - અમદાવાદ |
| ૨૯. | કાંતાબેન પુજ | - અમદાવાદ |
| ૩૦. | શીત મહેતા | - અમદાવાદ |
| ૩૧. | ઝરણા પારેખ | - અમદાવાદ |
| ૩૨. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૩૩. | પ્રભા શેઠિયા | - વલસાડ |
| ૩૪. | રૂપાલી પારેખ | - સિકંદ્રાબાદ |
| ૩૫. | સોનલ શાહ | - નાગપુર |
| ૩૬. | ઉષા સંઘવી | - રાઉરકેલા |
| ૩૭. | ચંદ્રિકા શાહ | - રાઉરકેલા |
| ૩૮. | ભારતી શાહ | - બેંગ્લોર |
| ૩૯. | ચંદનબેન ગાલા | - વડોદરા |
| ૪૦. | અશોક શાહ | - ગાંધીનગર |
| ૪૧. | હર્ષા મહેતા | - ગાંધીધામ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર દસ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

| | | |
|---|---|---|
| ૧. | હેમલતા દેઢિયા | — અડાલજ |
| ૨. | સોનલ શાહ | — નાગપુર |
| ૩. | ઉષા સંઘવી | — રાઉરકેલા |
| ૪. | ભારતી શાહ | — બેંગ્લોર |
| ૫. | જયસુખ સંઘવી | — અમદાવાદ |
| ૬. | કવિસા ગોસર | — અમદાવાદ |
| ૭. | ઝરણા પારેખ | — અમદાવાદ |
| ૮. | અવંતી દંડ | — અમદાવાદ |
| ૯. | અરવિંદ ભટ્ટ | — અમદાવાદ |
| ૧૦. | સ્મિતા શાહ | — અમદાવાદ |




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કુરો કમ આય અધા?

અધા : અજ આંઉ તોજી બાઈકે કુઠે ને ડાગધર ગીયા વતાયેલા વ્યો વો ને ડોક્ટર ત્રી ડીંજી દવા લખે ડેને ને ચેં ક હી લીલી ગુરી આંકે ભૂખે પેટે હકડો ગ્લાસ પાણી ભેરી ગેનેજી. તેં પુઆ પીળી ગુરી ચાય પીધે પુઆ ગેનેજી ને મથાનું હકડો ગ્લાસ ભરેને પાણી પીધેજો. તેં પુઆ ભૂરી ગોરી જમે પહેલા હકડે ગ્લાસ પાણી ભેરી ગેનેજી. તેં પુઆ જમે પુઠ્યા હી ધોરી ગુરી ખાયને હકડો ગ્લાસ ભરેને પાણી પીધેજો. તેં પુઆ બપોરજો ચાય પીધે પેલા હી કેપ્સુલ ખાયને હકડો ગ્લાસ પાણી પીધેજો. ચાય પીધે પુઆ બઈ કેપ્સ્યુલ ખાઈને હકડો ગ્લાસ પાણી પીધેજો. સાંજી જો જમે પેલા ગુલાબી ગુરી ભેરો હકડો ગ્લાસ પાણી પીધેજો ને જમે પુઆ વડી ગુરી ખાઈને મથાનું હકડો ગ્લાસ પાણી પીધેજો. રાતજો સૂતે પેલા કેપ્સ્યુલ ખાયને મથાનું હકડો ગ્લાસ પાણી પીધેજો. મેણે પુઆ મડે દવા ભરોભર ડોક્ટરજી સુચના પ્રમાણે ખાધી. હાણેં જરા સારો લગેતો... તું ડોક્ટરકે પૂછી અચીજ ક બાઈ કે બીમારી કુરો વી?

બચુડો : ડૉક્ટર કે પૂછે ને ચેં બાઈજે શરીરમેં પાણી ઓછો વો. બઈ કોઈ બીમારી ન વી.

## ખિલજા મ ભલા

મગન : હલ્લો, તમારો ફોન નંબર વન વન વન વન છે?

છગન : ના ભાઈ, મારો નંબર ઈલેવન ઈલેવન છે.

મગન : એવું કેમ બને? મેં તો નંબર તો બરોબર લગાવ્યો હતો. ખરેખર તમારો નંબર વન, વન, વન, વન નથી?

મગન : ના ભાઈ, મારો નંબર ઈલેવન ઈલેવન જ છે. તમારા પૈસા પડી ગયા.

☺ ☺ ☺ ☺ ☺

મનિયો : કોઈને સસ્પેન્સમાં રાખવો હોય તો શું કરવું જોઈએ?

ટીનીયો : એ હું તને આવતીકાલે કહીશ.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : માણસનો આદિપૂર્વજ ચાર પગે ચાલતો હતો પણ દયાળુ કુદરતે એને બે પગે ચાલતા શીખવાડ્યું. કુદરતે આવું શા માટે કર્યું હશે?

ચમન : બુટની એક જોડનો ખર્ચ બચે એટલા માટે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એક માણસ ૩૦ રૂા. અને ૫૦ પૈસામાં ઘડિયાળ ખરીદે છે ને થોડા દિવસ પછી ૨૦ રૂા. અને ૭૫ પૈસામાં વેચે છે. તો મૌખિક ગણતરી કરી તુરત જવાબ આપો.

ચમન : સાહેબ, ૧૦ રૂપિયાનું નુકસાન અને ૨૫ પૈસાનો ફાયદો થાય.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : વિદ્યાર્થીઓ, તમારે રોજ લીલા રંગના શાકભાજી ખૂબ ખાવા જોઈએ. એનાથી ગાલનો રંગ ખીલે છે.

ટીનીયો : પણ સાહેબ, લીલા રંગના ગાલ કોને ગમે....?

☺ ☺ ☺ ☺ ☺

વસતિ ગણતરી અધિકારી : (ગામના સરપંચને) તમે લખાવો, તમારા ગામમાં મૃત્યુનો દર કેટલો?

સરપંચ : બધે હોય છે એટલો... એક માણસદીઠ એક મૃત્યુ.

☺ ☺ ☺ ☺ ☺

નયન : ઘડિયાળ અને પત્નીમાં શું તફાવત છે?

અયન : એક બગડે તો બંધ થઈ જાય અને બીજી બગડે તો ચાલુ થઈ જાય.

☺ ☺ ☺ ☺ ☺

પૂજારી : જો ભગવાન પ્રસન્ન થઈને તને વર માંગવાનું કહે તો તું શું માંગીશ?

રમણ : મારે ક્યાં વરની જરૂર છે? હું તો મારા વહુ માંગીશ.

☺ ☺ ☺ ☺ ☺

ચમન : પત્ની તરીકે શિક્ષિકાઓ આદર્શ કહેવાય.

નયન : કઈ રીતે?

ચમન : પ્રશ્ન પૂછ્યા પછી થોડો સમય રાહ જોઈ શકે છે. ઉતાવળ કરતી નથી.

☺ ☺ ☺ ☺ ☺

છગન : (છબિલીને) ડિયર એક વાત કહેવી છે પણ હિંમત ચાલતી નથી.

છબિલી : કહી દો... કહી દો... ગભરાઓ નહીં.

છગન : એક લેખકે એવું લખ્યું છે કે પતિને પણ બોલવાનો અધિકાર હોવો જોઈએ.

છબિલી : જોયું? એ પણ માત્ર લખી શક્યો. બોલી શક્યો ખરો?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## NanoNine® શબ્દ રમત-૧૪૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ■ | ૬ | ૭ | ૮ |
| | ■ | ૯ | | | ■ | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| ૧૨ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ■ | ૧૮ |
| ૧૯ | | ■ | ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |
| ૨૩ | ■ | ■ | ૨૪ | | | ૨૫ | | ■ | ૨૬ | | ■ |
| ૨૭ | ૨૮ | ૨૯ | | | ■ | | ■ | ■ | | ■ | ૩૦ |
| ■ | | ■ | | ■ | ૩૧ | | ૩૨ | | ૩૩ | | ■ |
| ૩૪ | | ૩૫ | | ■ | ■ | ૩૬ | | ■ | | ■ | ■ |
| | ■ | | ■ | ૩૭ | ૩૮ | | ૩૯ | | ■ | ૪૦ | |
| ૪૧ | ૪૨ | | ■ | ૪૩ | ૪૪ | ■ | ■ | ૪૫ | ૪૬ | | ■ |
| ૪૭ | | ■ | ૪૮ | ૪૯ | | ■ | ■ | ■ | | ■ | ૫૦ |
| ■ | ■ | ૫૧ | | | ■ | ■ | ૫૨ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧૦-૨૦૧૮)*

### આડી ચાવીઓ

૧. સુગંધ, સુવાસ, સૌરભ (૪)
૪. સામો અવાજ, પ્રતિઘોષ (૩)
૬. માતા, જનેતા (૩)
૯. બાફ, ગરમી, ઝંખના (૩)
૧૦. દુગ્ધાલય (૨)
૧૧. ચાલ, ઝડપ (૨)
૧૨. ફૂડતું, ખમીસ, બદન (૪)
૧૪. રેતીનું મેદાન, લડાઇનું મેદાન (૨)
૧૫. ભીમ સેની કપૂર, સો ઘનફૂટનું માપ, સુગંધી પદાર્થ જે દેરાસરજીમાં પૂજામાં વપરાય છે (૩)
૧૭. ગાય, ઇન્દ્રિય, વાણી (૧)
૧૯. દશરથનો મોટો પુત્ર (૨)
૨૦. કેશ, મોવાળો (૨)
૨૧. પાણી, નીર, જળ (૨)
૨૨. ભભકો, દેખાવ, છટા (૨)
૨૪. મદદ કરનાર, સહાયક (૫)
૨૫. ગારો, ઘણું, ઠંડું (૨)
૨૬. પૈડાનો આરો (૨)
૨૭. તલની બનાવેલી એક વાનગી (૫)
૨૯. નાની કળીઓની બનાવેલી સેર (૩)
૩૦. સવારનું સ્ફુર્તિદાયક પીણું (૧)
૩૧. તદ્દન એકલું, સોબત વિનાનું (૬)
૩૪. ભવિષ્ય કથન (૪)
૩૫. આકાશમાં ઝબુકતો ગોળો (૨)
૩૬. રસ્તો, પ્રતીક્ષા, દીવેટ (૨)
૩૭. કરોડાધિપતિ (૫)
૩૯. વર, ધણી (૨)
૪૦. એક કઠોળ, ત્રણ રતિ જેટલું તોલ (૨)
૪૧. નાની વાવ (૩)
૪૩. એક જાતનો વિલાયતી દારૂ, ખેલ (૨)
૪૫. મનોહર, કોમળ, સુંદર (૩)
૪૭. સાચું, ખરું, સહિયર (૨)
૪૮. ગાયોનું દાન (૩)
૫૧. સ્થિરપણું (૩)
૫૨. સૂતરના તાંતણા આકારની મીઠાઈ (૫)

### ઊભી ચાવીઓ

૧. પરંપરાથી ચાલતું આવેલું (૬)
૨. મા, જનની (અં) (૩)
૩. લખવું તે, લખેલું તે (૩)
૫. ઘોડા પર સવારી કરનાર માણસ (૫)
૭. પર્વત (૨)
૮. નીતિવાળું, સદાચારી (૪)
૧૩. સોનું, સુવર્ણ (૨)
૧૫. એક ચોપગું પ્રાણી, ગાયોનો નર (૩)
૧૬. પ્રાતઃકાળ, વહાણું, અસ્વાર (૩)
૧૮. આબરૂ, પ્રતિષ્ઠા, આદર (૨)
૨૦. નાનું વાદળ, એક રંગ (૩)
૨૧. ત્રણ ફૂટનું માપ, અઠવાડિયાનો દરેક દિવસ(૨)
૨૨. કાણું છિદ્ર (૨)
૨૩. ગયેલું, વીતી ચૂકેલું, ગતિ (૨)
૨૪. કબ્રસ્તાન, રોજો (૪)
૨૫. વડોદરાના રાજવીની અટક, એશિયાડમાં ગોલ્ડ મેડલ મેળવનાર ગુજરાતની સરિતા ________ (૫)
૨૬. અનુમાન, ધારણા, કલ્પના (૪)
૨૮. સૈન્ય (૩)
૩૨. 'લપટ' શબ્દ આડોઅવળો છે (૩)
૩૩. ચાંપ, કરામત, સમજ (૨)
૩૪. વનમાં વસવું તે (૪)
૩૫. પેણી, કઢાઈ (૩)
૩૬. ________ વિના વેલો ન ચડે (૨)
૩૭. કર આપનાર, વેરો ભરનાર (૪)
૩૮. રોમ શહેરનો વતની (૩)
૪૦. વાર્તા, કથા, ________ચીત (૨)
૪૨. નામાનો ચોપડો, વેળ, ધૂન (૨)
૪૪. અંતઃકરણ, દિલ, ઇચ્છા, મરજી (૨)
૪૬. પ્રવાહીનું માપ (૩)
૪૮. ગોરું (૨)
૪૯. દાન કરનારું, દાનવીર (૨)
૫૦. વારિ, નીર, જળ (૨)

## NanoNine® શબ્દ રમત-૧૪૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | ડ | મિ | ન્ટ | ન | | વિ | લા | ય | ત | | આ |
| રો | ઝ | | | હિ | મા | લ | ય | | | જા | ગ |
| મી | ન | | સા | ત | મ | | ક | | આ | મ | |
| ટ | | ક | વ | ર | લ | | | મ | ગ | ફ | ળી |
| ર | | | ર | | ત | ક | સા | ધુ | | ળ | |
| | ઓ | ઢ | ણી | | દા | | | ર | | | મ |
| અ | ડ | ગ | | ચા | ર | પા | ઇ | | ભ | જ | ન |
| ર | કા | | | ડિ | | વ | | આ | ર | | મો |
| મા | ર | ફ | તિ | યો | | ન | ખ | શિ | ખ | | હ |
| ન | | ના | ક | | હ | | | કા | વું | | ક |
| | અ | | ડ | | વા | ઇ | ફ | | | ગા | |
| | હા | તિ | મ | તા | ઇ | | | લ | પ | લ | પ |

*માસ ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. હસમુખ દેઢિયા - અડાલજ
૨. પ્રભા શેઠિયા - વલસાડ
૩. રશ્મિ સાવલા - ભુજ
૪. તારાબેન શાહ - નાગપુર
૫. સાવિત્રી જેસરાણી - મુંબઈ
૬. ઉષા સંઘવી - રાઉરકેલા
૭. કુસુમ સંઘવી - ગાંધીધામ
૮. હસમુખ મહેતા - ગાંધીધામ
૯. પ્રભુલાલ પટેલ - રાપર
૧૦. ભાવના ગાલા - નાગપુર
૧૧. ગુણવંતી ખંડોર - મુંદ્રા
૧૨. પૂજા પારેખ - અંજાર
૧૩. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૪. ચંદ્રકાંત લોડાયા - અમદાવાદ
૧૫. સરલા શાહ - અમદાવાદ
૧૬. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૭. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૮. દમયંતી દંડ - અમદાવાદ
૧૯. જ્યોતિ શાહ - અમદાવાદ
૨૦. અરવિંદ શાહ - અમદાવાદ
૨૧. નીના ગોરજી - અમદાવાદ
૨૨. પ્રતિમા શાહ - અમદાવાદ
૨૩. જયંતીલાલ શાહ - અમદાવાદ
૨૪. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૨૫. રંજન શાહ - અમદાવાદ
૨૬. સ્મિતા શાહ - અમદાવાદ
૨૭. વર્ષા પારેખ - અમદાવાદ
૨૮. ચંદ્રા શાહ - અમદાવાદ
૨૯. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૩૦. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૩૧. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૩૨. નવલ શાહ - અમદાવાદ
૩૩. કલ્પના પોલડિયા - અમદાવાદ
૩૪. ભારતી દોશી - અમદાવાદ
૩૫. ગીતા મહેતા - અમદાવાદ
૩૬. સંજય શાહ - અમદાવાદ
૩૭. નિખિલ પરીખ - અમદાવાદ
૩૮. જયેશ મહેતા - અમદાવાદ
૩૯. મીત મહેતા - અમદાવાદ
૪૦. શ્રેણિક પારેખ - સિકંદ્રાબાદ
૪૧. ચેતના વોરા - અમદાવાદ
૪૨. રશ્મિ મોમાયા - અમદાવાદ
૪૩. મહેન્દ્ર પુજ - અમદાવાદ
૪૪. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**(૧) રશ્મિ સાવલા – ભુજ**
**(૨) પ્રભુલાલ પટેલ – રાપર**
**(૩) રશ્મિ મોમાયા – અમદાવાદ**

## સ્વતંત્રતાનો સોદો

આપણે આટલાં વર્ષોના અનુભવે જોઈએ છીએ કે જાતે જવાબદારી ઉપાડીને કામ કરવાની લોકોને ટેવ જ પડી નથી. આપણે જનતાને જઈને સમજાવીએ કે તમારું રાજ તમે ચલાવો. પણ જનતા પોતે રાજ કરવા માટે તૈયાર નથી. એ તો સામેથી કહે છે કે અમારા માટે ખાવાપીવાની, પહેરવા-ઓઢવાની શિક્ષણ વગેરેની વ્યવસ્થા કરી આપો એટલે બસ. એરિક ફ્રોમ કરીને એક મોટો વિચારક છે. એનું એક પુસ્તક છે "Fear of Freedom". સ્વતંત્રતાની બીક. તેણે આ બાબતની મનોવૈજ્ઞાનિક ઢબે ચર્ચા કરી છે. તે કહે છે કે માણસ સ્વતંત્ર બનતાંયે ડરે છે. સ્વતંત્રતાથી ગભરાઈને દૂર ભાગે છે, કારણ કે સ્વતંત્ર વ્યક્તિની અમુક જવાબદારીઓ હોય છે. એ જવાબદારીઓ નિભાવવાની માણસની તૈયારી હોતી નથી. એટલે તો એ પોતાની સ્વતંત્રતાનો સોદો કરે છે. પોતાની જવાબદારીઓ એ બીજાના માથે નાંખી દે છે અને સાટામાં પોતાની સ્વતંત્રતા વેચી દે છે.

*– જયપ્રકાશ નારાયણ*

## NanoNine® Sudoku

**ઓગસ્ટ-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૫૧**

*પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે, તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલી ઊઠવું છે અને આગળ વધવું છે એને કદી પણ પ્રતિકૂળ સંજોગોની શરમ લાગતી નથી. વિજય મળે કે પરાજ્ય એની પરવા કર્યા વિના એ પોતાની પ્રચંડ શક્તિ કામે લગાડી દે છે. ઈતિહાસને પાને નોંધાયેલા એવા કયા મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા, એ કોઈ કહેશો? ભગવાન બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને મધરાતે નીકળી પડ્યા, ત્યારે તેમણે વિચાર પણ નહોતો કર્યો કે બહાર ચાંદનીનું અપૂર્વ તેજ પથરાયેલું હોય તો સારું. જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર કે મહાવીર પ્રભુ માટે, શરૂઆતમાં કોણ કહે છે કે અનુકૂળ સંજોગો હતા?*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૦૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૧૮સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ડિસેમ્બર-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________ ફોન/મોબાઈલ : ______________

### ક્રમાંક - ૧૧૦૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 6 | 8 | 4 | |
| | | | 4 | 8 | 1 | | 7 | 9 |
| 3 | | | | | | 5 | | |
| | 8 | 3 | 2 | | 9 | | | |
| | 6 | 1 | | | | 2 | 9 | |
| | | | 3 | | 4 | 7 | 1 | |
| | | 7 | | | | | | 5 |
| 6 | 3 | | 1 | 9 | 5 | | | |
| | 1 | 4 | 7 | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | 3 | | | | |
| | | 4 | | | | 5 | | 2 |
| | 9 | 1 | | | 8 | | 6 | |
| | | | 5 | | | | 3 | 8 |
| 4 | 2 | | | | | | 7 | 1 |
| 6 | 3 | | | | 7 | | | |
| | 1 | | 4 | | | 9 | 5 | |
| 7 | | 2 | | | | 8 | | |
| | | | | 5 | | 3 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | 6 | 3 |
| | 6 | | 3 | | 9 | | 4 | |
| | | | 6 | | 8 | 7 | | 9 |
| | | | | 5 | | 6 | | 7 |
| 8 | 7 | 6 | | | | 1 | 5 | 4 |
| 3 | | 4 | | | | | | |
| 6 | | 1 | 2 | | 3 | | | |
| | 9 | | 1 | | 7 | | 2 | |
| 7 | 8 | | | | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | | 9 | 1 | | |
| 5 | 3 | | | 1 | | | | |
| 8 | | | | | 6 | 7 | 4 | |
| 7 | | | 4 | | | 5 | | |
| | | | | | | | | |
| | | 4 | | | 8 | | | 9 |
| | 2 | 9 | 5 | | | | | 1 |
| | | | | 6 | | | 8 | 3 |
| | | 6 | 3 | | | 9 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 3 | 8 | 5 | 6 | 9 | 4 | 2 | 7 | 1 |
| 6 | 1 | 9 | 3 | 2 | 7 | 5 | 8 | 4 |
| 4 | 6 | 7 | 6 | 1 | 5 | 9 | 2 | 3 |
| 8 | 9 | 1 | 7 | 3 | 2 | 4 | 6 | 5 |
| 5 | 2 | 3 | 9 | 4 | 6 | 8 | 1 | 7 |
| 9 | 7 | 4 | 2 | 8 | 1 | 3 | 5 | 6 |
| 1 | 5 | 8 | 4 | 6 | 3 | 7 | 9 | 2 |
| 2 | 3 | 6 | 5 | 7 | 9 | 1 | 4 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 1 | 5 | 3 | 8 | 2 | 9 | 7 |
| 8 | 5 | 9 | 2 | 6 | 7 | 1 | 3 | 4 |
| 2 | 3 | 7 | 4 | 9 | 1 | 6 | 5 | 8 |
| 4 | 8 | 3 | 6 | 5 | 9 | 7 | 1 | 2 |
| 7 | 9 | 6 | 8 | 1 | 2 | 3 | 4 | 5 |
| 5 | 1 | 2 | 7 | 4 | 3 | 9 | 8 | 6 |
| 1 | 6 | 8 | 3 | 7 | 4 | 5 | 2 | 9 |
| 9 | 7 | 4 | 1 | 2 | 5 | 8 | 6 | 3 |
| 3 | 2 | 5 | 9 | 8 | 6 | 4 | 7 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 9 | 3 | 6 | 4 | 5 | 1 | 2 |
| 6 | 5 | 2 | 7 | 1 | 9 | 3 | 8 | 4 |
| 3 | 1 | 4 | 8 | 5 | 2 | 6 | 7 | 9 |
| 7 | 2 | 3 | 9 | 4 | 8 | 1 | 6 | 5 |
| 9 | 6 | 1 | 2 | 7 | 5 | 4 | 3 | 8 |
| 4 | 8 | 5 | 1 | 3 | 6 | 9 | 2 | 7 |
| 5 | 3 | 8 | 4 | 2 | 1 | 7 | 9 | 6 |
| 1 | 9 | 6 | 5 | 8 | 7 | 2 | 4 | 3 |
| 2 | 4 | 7 | 6 | 9 | 3 | 8 | 5 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 8 | 3 | 6 | 1 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 7 | 9 | 8 | 4 | 1 | 6 |
| 6 | 7 | 1 | 2 | 5 | 4 | 3 | 8 | 9 |
| 8 | 2 | 7 | 4 | 3 | 5 | 6 | 9 | 1 |
| 5 | 6 | 3 | 1 | 2 | 9 | 7 | 4 | 8 |
| 4 | 1 | 9 | 8 | 7 | 6 | 5 | 2 | 3 |
| 1 | 8 | 6 | 5 | 4 | 2 | 9 | 3 | 7 |
| 3 | 9 | 4 | 6 | 8 | 7 | 1 | 5 | 2 |
| 7 | 5 | 2 | 9 | 1 | 3 | 8 | 6 | 4 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

'મંગલ મંદિર'નો આ અંક આપના હાથમાં આવશે ત્યારે જૈનોના મહાપર્વ સમી આયંબીલની ઓળી ચાલતી હશે. તો આવો, તેના વિશે જાણીએ....

## આયંબીલ

આયંબીલ એટલે આહારથી અનાહાર તરફ લઈ જતી અનન્ય આરાધના. જમે છે તો બધા, પણ જેને જમતા આવડે તેને જિન ઉપાસક કહેવાય.

**આયંબીલ, એ જૈન ધર્મની અનંતા અંતરાય કર્મોને ક્ષય કરાવતી શ્રેષ્ઠ સાધના છે.** જૈનો તેમજ અજૈનો પણ શ્રદ્ધાથી આ સાધનાનો લાભ લે છે. નવ દિવસની આ આરાધનાને 'આયંબીલની ઓળી' કહેવાય છે. **ધર્મ અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ શ્રેષ્ઠ સાધના છે.**

આયંબીલ અનાદિકાળથી પડેલા આહારના સંસ્કાર પર વિજય મેળવવાની પ્રોસેસ છે. સૃષ્ટિના દરેક જીવનો મોટાભાગનો સમય આહાર શોધવામાં, આહાર માટેના પુરૂષાર્થમાં અને આહાર ગ્રહણ કરવામાં જ જાય છે. આહાર સંજ્ઞા પર જે વિજય મેળવી શકે છે તે એકને એક દિવસ અનાહારક પદને એટલે કે મોક્ષને પામે છે.

**આયંબીલ, એ મન અને સ્વાદને જીતવાની આરાધના છે. સાધનામાં સહાયક શરીરના પોષણ માટે આહાર જરૂરી છે પણ સ્વાદ જરૂરી નથી.** સ્વાદ અને મનના કારણે જે અવશ્ય ભોગવવા પડે એવા નિકાચિત કર્મો બંધાય છે. જેને આ ભવે જીભના સ્વાદમાં મજા નહીં, એને આવતા ભવમાં સજા નહીં. એટલે જીભના સ્વાદને મન સુધી પહોંચવા ન દે તે આયંબીલની આરાધના છે.

★ ***આયંબીલની ઓળી ક્યારે આવે?***

આયંબીલની ઓળી વર્ષમાં બે વાર આવે છે. એક ચૈત્ર મહિનામાં, જે શિયાળાનો અંત અને ઉનાળાની શરૂઆતનો સમય છે. ચૈત્ર સુદ સાતમથી ચૈત્ર સુદ પૂનમ. બીજી આસો મહિનામાં. જે ચોમાસાનો અંત અને શિયાળાની શરૂઆતનો મહિનો છે. આસો સુદ સાતમથી આસો સુદ પૂનમ.

★ ***શા માટે ચૈત્ર અને આસો મહિનામાં જ?***

કેમકે તીર્થંકર પરમાત્માએ એમની પ્રજ્ઞામાં જોયું કે આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત, પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે. માટે પરમાત્માએ આયંબીલની પ્રેરણા કરી. આ દિવસોમાં જે આયંબીલની આરાધના કરે છે તે આખું વર્ષ સ્વસ્થ અને નિરોગી રહે છે.

★ ***આયંબીલ કોણ કરી શકે?***

આયંબીલ નાના, મોટા, જૈન-અજૈન બધા જ કરી શકે. આયંબીલ આ ચૈત્ર અને આસો મહિના સિવાય પણ આખા વર્ષમાં ગમે ત્યારે કરી શકાય. આયંબીલનો વર્ષીતપ અને સળંગ પણ કરી શકાય. તપસમ્રાટ પૂજ્ય ગુરૂદેવ શ્રી રતિલાલજી મ.એ સળંગ ૯૯૯ આયંબીલ કરી હતી.

★ ***આયંબીલ કેવી રીતે કરાય?***

આયંબીલમાં એક જ વાર, એક જ જગ્યાએ બેસીને ભોજન લેવાનું હોય. એમાં વિગય રહિતનું એટલે તેલ, ઘી, દૂધ, દહીં, ગોળ અને સાકર વિનાનું, રસ અને સ્વાદ વિનાનું ભોજન લેવાનું હોય. જેમ સર્પ એના બીલમાં સડસડાટ ચાલ્યો જાય એમ ખોરાક સ્વાદ માટે વાગોળ્યા વિના આપણા પેટમાં સડસડાટ ચાલ્યો જવો જોઈએ.

★ ***આયંબીલમાં શું ખવાય?***

ઘઉં, ચોખા, બાજરી આદિ અનાજ તથા દરેક જાતના કઠોળ ખવાય. બાફેલા કઠોળ, સૂકી રોટલી, રોટલા અને ચણા મમરા ખવાય. મસાલામાં હીંગ, મરી અને નીમક ખાઈ શકાય છે. ઘી, તેલ, મીઠાઈ, મસાલા, ફ્રુટ, શાકભાજી, દહીં, છાશ, દૂધ, ડ્રાયફ્રુટ્સ જેવા પદાર્થો જેમાં જીભને સ્વાદ આવે તે ન ખવાય.

★

- દૈવી શક્તિથી પણ આયંબીલ શક્તિશાળી છે.
- આયંબીલથી આત્મશક્તિ ખીલે છે.
- આયંબીલ અનંતા કર્મોનો ક્ષય કરે છે.
- આયંબીલથી મન પર જીત મેળવી શકાય છે.
- આયંબીલ વિઘ્નોને હરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.
- આયંબીલથી ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે.
- આયંબીલ નિકાચિત કર્મોને અટકાવે છે.
- આયંબીલ આહાર પ્રત્યેના આગ્રહનું મારણ છે.
- આયંબીલ આહાર પ્રત્યેની આસક્તિને તોડાવે છે.
- આયંબીલથી અનંતા જીવોને અભયદાન આપી શકાય છે.
- આયંબીલથી અનાદિ અનંતકાળના અંતરાયો દૂર થાય છે.
- આયંબીલ અનાસક્તિથી અરિહંત સુધી લઈ જતી આરાધના છે.

- આયંબીલ બ્રહ્મચર્યમાં સહાયક બને છે કેમકે વિગય અવિકારનું કારણ છે, જ્યારે આયંબીલ વિકારનું મારણ છે.
- આયંબીલમાં સાકર અને તેલ-ઘી રહિતનો આહાર વાપરવાનો હોવાથી લીવરને થોડું રીલેક્સેશન મળે છે અને ઓછું વર્ક કરવું પડે છે.
- મેટાબોલીઝમ પ્રોસેસ ધીમી થવાથી લીવર આદિ ઓર્ગન્સને સક્ષમ બનવા માટેનો સમય મળી રહે છે.
- લીવરને લગતા ઘણા બધા પ્રોબ્લેમ્સ સોલ્વ થઈ જાય છે.

**શરીર સ્વાસ્થ્ય :**

- આયંબીલ કરવાથી લોહી શુદ્ધ થાય છે.
- ડાઈજેસ્ટિવ સિસ્ટમ પ્રોપર રહે છે.
- રેઝિસ્ટન્સ પાવર વધે છે.
- શરીરને ડી-ટોક્સિફાય કરે છે.
- શ્રદ્ધાથી આયંબીલ કરનારના ચામડીના કોઢ જેવા રોગો પણ દૂર થઈ શકે છે.
- ઓઈલ અને સુગર વિના પણ શરીરને પૂરતું પોષણ મળી રહે છે.

**માનસિક તથ્ય :**

- સ્વાદગ્રંથિને કંટ્રોલ કરે છે.
- મનની ચંચળતા શાંત થાય છે. તેથી આવેગ, ઉદ્વેગ અને આક્રોશ પણ ઘટે છે.
- મનને રીલેક્સ કરે છે. સ્ટ્રેસ લેવલ ઘટે છે જેથી બ્લડપ્રેશર અને હાર્ટ એટેકના ચાન્સિસ ઘટી જાય છે. શરીર અને મન બંને સ્વસ્થ રહે છે, પ્રસન્ન રહે છે, જે સાધનામાં સહાયક બને છે.
- આયંબીલમાં નવ દિવસ નવપદની આરાધનામાં શ્રદ્ધા સાથે ભાવસાધના કરનારને અનેરી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. બાહ્ય ક્રિયા સાથે આંતરિક આરાધના અને જ્ઞાન ઉપાસના આત્મશક્તિને ખીલવે છે અને સકળ કાર્યને સિધ્ધ કરે છે. દ્રવ્ય સાધના સાથે ભાવ સાધનાનું બેલેન્સ મોક્ષની યાત્રાને સફળ બનાવે છે.

**આયંબીલની ઓળી : નવપદની આરાધના**

*નવપદ એટલે....*

*નમો અરિહંતાણં*

*નમો સિદ્ધાણં*

*નમો આયરિયાણં*

*નમો ઉવજ્ઝાયાણં*

*નમો લોએ સવ્વસાહૂણં*

*નમો દંસણસ્સ*

*નમો નાણસ્સ*

*નમો ચરિતસ્સ*

*નમો તવસ્સ*

★ **પ્રથમ પદ :** 'નમો અરિહંતાણં'ના સ્મરણ સાથે અરિહંત પરમાત્માને નમસ્કાર કરી ભાવવંદન સાથે પ્રાર્થના કરવાની કે ક્યારે અમે વિતરાગ દશાને પ્રગટ કરીએ... રાગ-દ્વેષથી મુક્ત અરિહંતતાને પ્રાપ્ત કરીએ.

★ **દ્વિતીય પદ :** "નમો સિધ્ધાણં..." અનંતા સિધ્ધ ભગવાનને નમસ્કાર કરી અંતરથી ભાવના ભાવવાની કે... હે ભગવાન! મારે પણ તારા જેવું નિષ્પાપ જીવન જોઈએ છે. મોક્ષમાં જીવન નથી માટે કોઈનો જીવ લેવાની વાત નથી. મારે કાયાથી મુક્તિ જોઈએ છે.

★ **તૃતીય પદ :** "નમો આયરિયાણં..." પદની આરાધના સાથે આચાર્યજીને વંદન નમસ્કાર કરીને ભાવના ભાવવાની કે... **હે ભગવાન! પ્રવૃત્તિઓ તો મેં અનંતા ભવમાં અનંતીવાર બદલી છે. આ ભવમાં ગુરૂકૃપાએ વૃત્તિઓ બદલાવી શકું એવી કૃપા કરજે.**

★ **ચતુર્થ પદ :** "નમો ઉવજ્ઝાયાણં..."ના સ્મરણ સાથે ઉપાધ્યાયજીને નમસ્કાર કરીને ભાવના ભાવવાની કે... અમારા પર એવી કૃપા અને કરુણા કરજો કે અમારી અંદરમાં રહેલું અનંતજ્ઞાન પ્રગટ થાય અને અમે પણ કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પામીએ.

★ **પંચમ પદ :** "નમો લોએ સવ્વસાહૂણં..." લોકમાં બિરાજમાન સર્વ સાધુઓને અને એમના ગુણોને નમસ્કાર કરી પ્રાર્થના કરવાની કે.. હે ભગવાન! કોઈ પણ સાધુ-સાધ્વી પ્રત્યે અવિનય, અભક્તિ, અપરાધ કે આશાતના ન થાય એવી જાગૃતિ આપજો... એવી સાવધાની રાખી શકું એવી કૃપા કરજો.

★ **છઠ્ઠું પદ :** "નમો દંસણસ્સ..." દર્શન વિશુદ્ધિની ભાવના સાથે દર્શન ગુણને નમસ્કાર કરી પ્રાર્થના કરવાની કે... હે પરમાત્મા! જેનું જેવું સ્વરૂપ છે તે સ્વરૂપને જાણી શકું એવી સમ્યક્ દૃષ્ટિ મારામાં પણ પ્રગટે...! **આંખથી નહીં પણ આત્માથી દર્શન કરી શકું એવી દૃષ્ટિ મને પ્રાપ્ત થાઓ.**

★ **સાતમું પદ :** "નમો નાણસ્સ..." જ્ઞાન પ્રાગટ્યના ભાવો સાથે જ્ઞાન ગુણને વંદન નમસ્કાર કરીને પ્રાર્થના કરવાની કે.. હે પરમાત્મા! જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો પ્રત્યે અહોભાવ પ્રગટાવી, જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરવાનું સામર્થ્ય આપજો. મારો પુરુષાર્થ પ્રબળ

બને અને મારામાં રહેલું અનંત જ્ઞાન પ્રગટ થાઓ.

★ **આઠમું પદ :** "નમો ચરિતસ્સ..." ચારિત્ર મોહનીય કર્મોના ક્ષયની ભાવના સાથે ચારિત્ર ધર્મને વંદન કરી દરરોજ એકવાર તો સ્મરણ કરવું કે... હે પ્રભુ! મારે તારો વેશ એકવાર પહેરવો છે. મારા અંત સમય પહેલાં મારા અંતરમાં દીક્ષાના ભાવ પ્રગટે... સંયમ લેવાના ભાવ પ્રગટે એવી કૃપા કરજો...

★ **નવમું પદ :** "નમો તવસ્સ..." અવગુણ શુદ્ધિ અને આત્મશુદ્ધિના ભાવો સાથે તપ નામના ગુણને વંદન-નમસ્કાર કરી પ્રાર્થના કરવાની કે... હે ભગવાન! તપ દ્વારા મારે માત્ર કર્મોને જ નહીં, કર્મોના કારણને જ ખપાવવા છે, જેથી ફરી કર્મબંધ થાય જ નહીં. હે ભગવાન! તપ દ્વારા મારે ત્યાગ નથી કરવો, પણ અનાસક્ત ભાવ કેળવી વૈરાગ્યને પ્રાપ્ત કરવો છે. હે ભગવાન, મને એવી શક્તિ આપજો!

*જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.*

## Good to forgive, best to forget.

**– *Browning***

બ્રાઉનિંગ સરળ શબ્દોમાં સરસ વાત કરે છે. કોઈને માફ કરી શકીએ તે સારી બાબત છે, પરંતુ ભૂલવા જેવું ભૂલી જઈએ તે બાબત સર્વોત્તમ છે.

જોકે કોઈ આપણને અન્યાય કરે તો માફી બક્ષવી એ રમત વાત નથી. એ માટે ઉદાર દિલ અને સાથે સાથે મક્કમ મન પણ જોઈએ.

પરંતુ કોઈએ અન્યાય કર્યો, કોઈએ કટુ વચનો કહ્યાં – કોઈ એવો અણગમતો બનાવ બન્યો. હજાર પ્રયત્નો છતાં ભૂલવું મુશ્કેલ. હા, પરંતુ એ અશક્ય નથી. તે ભૂલી શકો તો એ સર્વોત્તમ. પરંતુ તે માટે અથાગ પ્રયત્નો કરવા પડશે. ઉમદા હૃદય ખીલવવું પડશે.

આ દુનિયામાં ભૂલવા જેવું ઘણું છે. ઘણા કડવા પ્રસંગોમાંથી પસાર થવું પડશે, ભૂલી જવા જોઈએ. ઘણી ન ગમતી બાબતો બનશે, ભૂલી જવી જોઈએ. પરંતુ દુઃખ એ વાતનું છે કે એવા પ્રસંગો, એવી બાબતો રાત-દિવસ મનમાં ઘોળાયા કરે છે, ભૂલાતી જ નથી.

કોઈ આપણી ઉપર ઉપકાર કરે તો ભૂલી જઈએ છીએ. ન ભૂલવા જેવી બાબતો ભૂલી જઈએ છીએ, પણ ભૂલવા જેવી બાબતો ભૂલી શકતા નથી.

ભૂલી જવું એટલે મનમાંથી સંપૂર્ણપણે વસ્તુને કાઢી નાખવું. પરંતુ મન અળવીતરું છે. જે ભૂલવા મથીએ તે વારંવાર યાદ આવ્યા કરે. તેમાંય કોઈના કડવાં વચનો તો વારંવાર યાદ આવ્યા કરે. કોઈ અણગમતી ઘટના તો વારંવાર સ્મરણ પર છવાઈ જાય.

ઉપાય છે પ્રભુની શરણાગતિ. આપણે એક પ્રાર્થના જાણીએ છીએ, "પ્રભુ! મને યાદ રાખતાં નહીં, ભૂલતાં શીખવ."

કોઈની શિખામણથી આ ગુણ નહીં કેળવાય. એ સતત અને સખત પ્રયત્ન માગતી બાબત છે. એક દૃઢ નિર્ધાર સાથે હૃદયના ઉત્તમ ગુણો વિકસાવતા જવું પડશે. એ કોઈને સારા દેખાવા માટે નહીં, કોઈ માન-મરતબા માટે પણ નહીં, પરંતુ જીવનના એક સ્વાભાવિક હિસ્સા તરીકે સ્વીકારવું જોઈશે. સરળતાથી માફ કરી દઈએ. સહજતાથી ભૂલી જઈએ.

## હું ધીમેથી ચાલું છું, પરંતુ કદી પાછળ ચાલતો નથી.

**– *અબ્રાહમ લિંકન***

ચાલવું એ જીવન છે. પ્રગતિ એ જીવન છે. જરૂર કરતાં વધુ ઝડપથી ચાલીએ તો થાકી જવાય, ઊભા રહીએ તો પ્રગતિ અટકી જાય; પરંતુ ધીમા પણ મક્કમ પગલાથી ચાલીએ તો ઉત્તમ.

અબ્રાહમ લિંકન કહે છે, હું ધીમેથી ચાલું છું, પરંતુ કદી પાછળ ચાલતો નથી. જીવનમાં હું આગળ ને આગળ વધતો રહું છું. ઉન્નત વિચારો કરું છું. નિર્બળતા ખંખેરી નાખું છું. તેથી પાછો પડતો નથી, અધોગતિથી દૂર રહું છું.

સૃષ્ટિ જીવંત છે તેનું કારણ પરિભ્રમણ છે. સૂર્ય-ચંદ્ર-સંત મહાત્મા-જ્ઞાની એક જ જગ્યાએ નથી હોતા. જ્યારે જુઓ ત્યારે નવીનતા.

વિશ્વના મહાન પ્રવાસીઓએ જ વિશ્વનું સુંદર દર્શન કરાવ્યું છે. તે બધા ધીમે ધીમે ચાલ્યા છે અને વન-ડુંગરો-માણસોને જોયાં છે, માણ્યાં છે, સમજ્યા છે. તેમના પ્રવાસમાં અને વિચારો વ્યક્ત કરવામાં તેમણે ઉતાવળ કરી નથી. તેઓ ધીમે ધીમે આગળ વધતા રહ્યા છે, પરંતુ પાછળ પડ્યા નથી.

અબ્રાહમ લિંકન અહીં બીજી શિખામણ આપે છે. ધીમેથી ચાલો. આજે બધાંને ખૂબ જ ઉતાવળ છે. ઝડપથી, રાતોરાત પૈસાદાર થઈ જવું છે. ધીરજ નથી. સખત પરિશ્રમ કરવો નથી. સાધનોની શુદ્ધિનો આગ્રહ નથી. લિંકન કહે છે, તો પાછળ ચાલવા જેવું થશે. ધીમેથી ચાલો, પણ આગળ ચાલો, પાછળ ન ચાલશો.

રીવર્સમાં ગાડી દોડે ત્યારે ઝડપથી દોડે છે. ધીમે ચાલતી નથી. નકારાત્મક વિચારો અને આચરણ ધીમેથી ચાલવા નહીં દે. થોડોક સમય સારું લાગશે, પરંતુ તે પ્રગતિ નથી. એ પાછળ પડી જવાની દોટ છે.

૨૧ વર્ષની ઉંમરથી અબ્રાહમ લિંકનને ઘણી નિષ્ફળતાઓ મળતી રહી. અમેરિકન કોંગ્રેસની ચૂંટણીઓમાં હાર્યા, સેનેટની ચૂંટણીમાં હાર્યા, ઉપપ્રમુખની ચૂંટણીમાં હાર્યા, પરંતુ ધીમે ધીમે ચાલતા રહ્યા. હિંમત ન હાર્યા. બાવન વર્ષની ઉંમરે અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા.

તેથી એ જરૂર કહી શકે : ધીમેથી ચાલો, પાછાં ડગલાં માંડશો નહીં.



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **સીમા સુરક્ષા દળના જવાનોને મળશે મીઠું પાણી :** કચ્છ સરહદે ગેંડા પોસ્ટ ખાતે બનાવેલ બોરમાંથી નીકળતા ક્ષારવાળા પાણીને રૂપિયા ૫૦ લાખના ખર્ચે આર.ઓ. પ્લાન્ટ લગાડી તેને શુધ્ધ પીવાલાયક મીઠું પાણી બનાવાશે. જેનું ટેન્ડર બહાર પડી ગયેલ છે. આ આર.ઓ. પ્લાન્ટથી આસપાસની સીમા દળની ચોકીઓને રોજ એક લાખ લીટર મીઠું પાણી મળશે.

★ **કુદરતની નવાઇ :** કોટડા (ચકાર)ના પ્રવીણભાઈ હરિલાલ સેંધાણી તથા તુલસીદાસ ભાણજી લીંબાણીની વાડીમાં આવેલ આંબાના ઝાડ પર આ વર્ષાઋતુમાં મોર આવ્યા છે. તે જોઇને લોકોમાં કુતુહલ ફેલાયું છે.

★ **રેલવે સુવિધા :** મોડેલ રેલવે સ્ટેશન બનેલા ભુજમાં એક કરોડના ખર્ચે પ્રથમ એસ્કેલેટર (સ્વયં સંચાલિત સીડી)ની સગવડ એકાદ બે મહિનામાં મળતી થઈ જશે. સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વારની બાજુમાં આ એસ્કેલેટર લગાવવામાં આવશે. આ એસ્કેલેટરને સ્ટેશન સાથે આવેલ લિફ્ટ સાથે જોડી દેવામાં આવતા પ્રવાસીઓ સીધા બે નંબરના પ્લેટફોર્મ પર અવરજવર કરી શકશે.

★ **પત્રી - કચ્છ સ્માર્ટ વિલેજ :** પ્રધાનમંત્રીના સ્વચ્છતા અભિયાન હેઠળ કચ્છનું મુંદ્રા તાલુકાનું પત્રી ગામ આઠ વિભાગમાં વિભાજન કરી ભારત દેશમાં તેરમું સ્માર્ટ વિલેજ બનશે તેવી માહિતી ગામના અગ્રણી અશોક શાહે આપી હતી.

★ **કચ્છી માડુ મોરેશિયસમાં એવોર્ડથી વિભૂષિત :** માંડવી - કોડાયના વતની અને વર્ષોથી આફ્રિકા સ્થાયી થયેલા કચ્છી મેમણ મોહંમદ ઇરફાન અબ્દુલ રહેમાન કે જેઓ આફ્રિકામાં હાલમાં ચૂંટણી કમિશનર તરીકે કાર્યરત છે, તેમને ભારતના વિદેશમંત્રીના હસ્તે 'એવર સિટીઝન ઑફ ઇન્ડિયા' ઍવોર્ડથી સન્માનિત કરાયા હતા.

★ **બેસ્ટ ગૌરક્ષક એવોર્ડ :** અબોલ જીવ માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારી ભારતની પ્રથમ મહિલા ગીતાબેન રાંભિયાની શહીદીના દિને તેમના ટ્રસ્ટ દ્વારા અમદાવાદ - આંબાવાડીમાં આવેલ તેમની સ્મૃતિ સ્થળ - અહિંસા ચોક ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન થયું હતું. તે અવસરે ગુજરાત સરકારના ગૌસેવા આયોગ દ્વારા જાહેર થયેલ બેસ્ટ ગૌરક્ષક ઍવોર્ડનો સ્વ. ગીતાબેન રાંભિયાના પતિ બચુભાઈ રાંભિયાએ સ્વીકાર કર્યો હતો.

★ **કચ્છનું ગૌરવ :** જાકાર્તામાં રમાયેલ એશિયન ગેમ્સમાં હાર્થસ્ટોન પ્રતિયોગિતામાં કચ્છ - ભુજના વતની તીર્થ હીરેનભાઈ મહેતાએ કાંસ્ય પદક મેળવી ભારત તથા કચ્છનું ગૌરવ વધાર્યું છે. તીર્થ એ આ સ્પર્ધામાં પાકિસ્તાન સહિત ૪ દેશોના ખેલાડીઓને મહાત કર્યા હતા. આ એક ઇ-ગેમ છે, જે કોમ્પ્યુટર તથા ઇન્ટરનેટ દ્વારા રમાય છે.

★ **મહારાષ્ટ્ર યુનિવર્સિટીમાં કચ્છ વાયોરનો યુવાન બીજા ક્રમે :** મૂળ અબડાસા તાલુકાના વાયોર ગામના વતની ડૉ. મહેન્દ્રભાઈ ઠક્કર, એમ.ડી.એ ઇન્ડોક્રાઇનોલોજિસ્ટ પરીક્ષામાં મહારાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીજું સ્થાન અને કે.ઇ.એમ. હોસ્પિટલમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેઓ કચ્છના પ્રથમ ઇન્ડો-ક્રાઇનોલોજિસ્ટ બન્યા છે. તેમની ઇચ્છા કચ્છમાં રહી સેવા કરવાની છે. તેમણે અમદાવાદથી એમ.બી.બી.એસ. તથા રાજસ્થાનમાંથી એમ.ડી. મેડિસિન પરીક્ષા પાસ કરેલ છે.

★ **કોઠારાના શિક્ષકને ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નન એવૉર્ડ :** આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સમિતિ (મુંબઇ) દ્વારા વર્ષના શ્રેષ્ઠ શિક્ષકને અપાતો ઍવોર્ડ કોઠારાની જી.ટી. હાઈસ્કૂલના ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક હિતેશ લાધારામ વાસાણીને એનાયત કરાયો છે.

★ **કચ્છી ગુરુ અને શિષ્યાને ભારત ગૌરવ એવોર્ડ :** આંધ્ર પ્રદેશના વિજયવાડા ખાતે યોજાયેલ શિક્ષા અને શાસ્ત્રીય નૃત્યની સ્પર્ધામાં ભારત અને અન્ય ૧૦ દેશના ૬૦ જેટલા શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધકોએ ભાગ લીધેલ. જેમાં ચાર સ્પર્ધકોની પસંદગી કરાઈ હતી. આ સ્પર્ધા દ્વારા કચ્છના કલાગુરુ વૈશાલીબેન સોલંકીને "કલા શિરોમણિ – ભારત ગૌરવ" અને તેમના શિષ્યા જિયા ગોરસિયાને "બાળ પ્રતિભા શિરોમણિ - ભારત ગૌરવ" ઍવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

★ **નર્મદાના નીરથી પાક બચાવો :** પૂર્વ નાણાંમંત્રી બાબુભાઈ મેઘજી શાહે રાજ્ય સરકારને જણાવ્યું હતું કે કચ્છમાં વરસાદ ખેંચાયો હોવાથી ઘાસચારાની દૃષ્ટિએ પશુધનની હાલત દયનીય થઈ છે. સરકારે તાકીદે નર્મદાના જળ કચ્છ સુધી પહોંચાડી ખેડૂતોની તથા માલધારીઓની મુશ્કેલી દૂર કરવી જોઈએ. વધુમાં કહ્યું કે, સરદાર સરોવર ડેમની ૧૨૫ ફૂટની સપાટીએ પહોંચેલ પાણીથી સૌરાષ્ટ્રની "સૌની" યોજનાની જેમ

લાકડાવાંઢ તથા ફતેહગઢ ડેમ ભરે જેથી વાગડના ખેડૂતોએ વાવેલ પાકને જીવતદાન મળે.

★ **ભુજની ખેલાડીને રજત ચંદ્રક :** મલેશિયાના પેનાંગ શહેર ખાતે તાજેતરમાં યોજાયેલ એશિયા પેસિફિક માસ્ટર્સ ગેમ્સ - ૨૦૧૮માં ભુજની ખેલાડી નિર્મળા મહેશ્વરીએ ચક્રફેંકમાં સુંદર દેખાવ કરી રજત ચંદ્રક મેળવ્યો હતો. નિર્મળા, કચ્છના પીઢ પત્રકાર ધરમશી મહેશ્વરીના પુત્રી છે.

★ **કચ્છી ચિત્રકારને ગોલ્ડ મેડલ :** તાજેતરમાં ઈન્ટરનેશનલ એક્ઝિબિશન રેડ ચાર્ટ દ્વારા થાણા (મુંબઈ) ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશનમાં ૭૫ જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં અંજાર તાલુકાના સીનુગ્રા ગામના ચિત્રકાર કાનજી મહેશ્વરીએ ઓઈલ પેઈન્ટથી કેન્વાસ પર રચેલી કૃતિએ મેદાન માર્યું હતું અને તેમને ગોલ્ડ મેડલથી સન્માનિત કરાયા હતા. શ્રી મહેશ્વરી ધાર્મિક ચિત્રોના માહિર છે.

★ **દિવાળીએ કેસર કેરીથી મોં મીઠું કરો :** દિવાળીએ તમે મહેમાનોને તાજી રસદાર કેરીનો રસ પીરસી શકશો. અસંભવ લાગતી આ હકીકત વાતાવરણમાં થયેલ પલટાની અસર છે. કચ્છના કેટલાક કેરી પકવતા ખેડૂતો કેરીના વૃક્ષો પર આપોઆપ આંબાના ફળ જોઈને આશ્ચર્યમાં પડી ગયા છે. નખત્રાણાના કોટડા રોહા ગામના ખેડૂત હરિસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે પહેલી જ વખત આ સમયે ૩૫ વૃક્ષમાં ફળ આવ્યા છે. અમરેલીના ધારી તાલુકા તથા જૂનાગઢના કેટલાક આંબાવાડિયામાં પણ કેસર કેરી દેખાઈ છે.

★ **દુષ્કાળના ડાકલા વચ્ચે કચ્છનું પશુધન બેહાલ :** કચ્છમાં વરસાદના અભાવે ઘાસચારાની તેમજ પીવાના પાણીની અછત સર્જાઈ છે. પશ્ચિમ કચ્છમાં દુકાળનું અટ્ટહાસ્ય સંભળાય છે. કચ્છના લાખોની સંખ્યાના પશુધન માટે હાલે નજીવો સૂકો ઘાસચારો આવે છે. લોકોની રોજગારીની સમસ્યા વધતી જાય છે. લોકો ઈચ્છે છે કે કચ્છમાં આવેલા ઉદ્યોગો પોતાના ૨ ટકા જેટલા ફાળા દ્વારા કચ્છને આ દુકાળમાંથી ઉગારવા પ્રયાસ કરે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ તા. ૨૦-૯-૨૦૧૮ના રોજ ભુજ ખાતે ૧લી ઓક્ટોબરથી કચ્છમાં અછતની જાહેરાત કરી છે. સાથે સાથે પીવાના પાણી માટે તાત્કાલિક અસરથી ૨૯૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અંજારથી છેક મંગવાણા સુધી નવી પાઈપ લાઇન નંખાશે જેથી પાણીની વહન ક્ષમતા વધશે. ઉપરાંત પાંજરાપોળોમાં આશરો લેતા પશુઓ માટે સબસીડી જાહેર કરી છે. જે માટે વલસાડથી ઘાસ પુરવઠો આવે છે. રોજગાર માટે દોઢ દાયકા પછી કચ્છમાં ગાંડા બાવળમાંથી કોલસો બનાવવાની છૂટ પણ આપી છે. છ વર્ષ બાદ સમગ્ર કચ્છ અછતગ્રસ્ત જાહેર થયું છે. ■

## R.T.O.ના નવા નિયમો

★ જેમની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ હોય તેમને જ તમારું વાહન ચલાવવા આપવું. જેમની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ નથી તેમને વાહન ચલાવવા આપવું નહીં. ડ્રાઈવિંગ લાઈસન્સ વગર ચાલકને પકડવામાં આવશે તો વાહનના માલિકને ૧૦ દિવસની જેલ અને રૂા. ૨૦૦૦/-નો દંડ કરવામાં આવશે.

★ કોઈ સગીર વાહન ચલાવતા પકડાશે તો તેના ગાર્ડિયનને રૂા. ૨૫,૦૦૦/- સુધીનો દંડ અને ૩ વર્ષની જેલની સજા પણ થઈ શકે છે.

★ એક દુર્ઘટનામાં મોતના મામલે વાહન ચાલકને બે વર્ષની જગ્યાએ સાત વર્ષની સજા ભોગવવાની આવશે.

★ દરેક ગુનાઓમાં દંડની રકમને દર વર્ષે ૧૦ ટકા લેખે વધારવામાં આવશે.

★ અમદાવાદમાં BRTS રૂટમાં વાહન ચલાવનાર ડિજિટલ મેમો (ઇ-મેમો) આપવાની શરૂઆત કરવામાં આવેલ છે. તેથી આ બાબતે સાવચેત રહેવું.

★ મોબાઈલ પર વાત કરતી વખતે વાહન ચલાવવા પર દંડ રૂા. ૧,૦૦૦/-થી વધારીને રૂા. ૫,૦૦૦/- કરી દેવામાં આવેલ છે.

★ 'હીટ એન્ડ રન' કેસમાં દંડની રકમને રૂા. ૨૫,૦૦૦/-થી વધારીને રૂા. ૨ લાખ કરી દેવામાં આવેલ છે.

★ કોઈ પણ અકસ્માતમાં પ્રથમ ૪૮ કલાકની ઈમરજન્સીમાં કોઈ પણ હોસ્પિટલમાં દાખલ થનારને રૂા. ૫૦,૦૦૦/- સુધીનો ખર્ચ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી મળવાપાત્ર છે.

***જ્યારે આપણે સવારે જાગીએ છીએ કે રાત્રે ઊંઘ આવવાની તૈયારીમાં હોય છે ત્યારે આપણે અર્ધજાગૃત અવસ્થામાં હોઈએ છીએ અને તેથી તે સમયે આ આંતરમન પણ જાગૃત હોય છે. તેથી આ સમયે આપણે જે કાંઈ વિચારીએ છીએ તે આપણા આંતરમનમાં જતું રહેતું હોય છે અને તે પ્રમાણે પછી આપણું બાહ્ય મન કાર્ય કરતું હોય છે. તેથી આ સમયમાં કોઈ નેગેટીવ વિચારો ન કરવા જોઈએ અને હંમેશાં પોઝીટીવ વિચારો જ કરવા જોઈએ. જેથી પોઝીટીવ વિચારો આપણા આંતરમનને મળે અને તે પ્રમાણેના પોઝીટીવ કામો જ થાય.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન, સ્વામિવાત્સલ્ય, સરસ્વતી સન્માન, સાંસ્કૃતિક તથા મહાનુભાવોના બહુમાનનો કાર્યક્રમ

રવિવાર, તા. ૨૩-૯-૨૦૧૮ — કાર્યક્રમની તસવીરી ઝલક





























શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
આપનું હાર્દિક સ્વાગત કરે છે.


જૈન સેવા સમાજ - અમદાવાદ
હાર્દિક સ્વાગત કરે છે.






## સરનામા ફેરફાર

- **નવદીપ કુંવરજી શાહ**
  ફ્લેટ નં. ૧૩૦૨૭, સ્વરૂપ : ૪/એ,
  સેક્ટર-૪, એ.ટી.પી.એલ., અમદાવાદ - કલોલ હાઈવે,
  અડાલજ, જિ. ગાંધીનગર-૩૮૨ ૪૨૧.
  મો. ૯૩૭૬૧ ૦૪૪૭૨

## પુત્ર જન્મ

- **મંગળવાર, તા. ૭-૮-૨૦૧૮**
  **ચિ. વિહાસ હિમાની સ્મિત નરેન્દ્ર મહેતા (અફીણવાળા)**
  **(ભુજ - અમદાવાદ)**

## સગપણ

- **શુક્રવાર, તા. ૧૨-૮-૨૦૧૮**
  **ચિ. જય ભરત વિશનજી ભેદા (ભુજપુર - અમદાવાદ)**
  **ચિ. ઝલક હરેશ શામજી દેઢિયા (દેશલપુર કંઠી - કરાડ)**

## અવસાન નોંધ

- **શુક્રવાર, તા. ૧૨-૮-૨૦૧૮**
  **શ્રીમતી કિરણબેન નવીનચંદ્ર રામજી સતરા (ઉં.વ.-૭૦)**
  **(ડોણ - અમદાવાદ)**
- **સોમવાર, તા. ૩-૯-૨૦૧૮**
  **શ્રીમતી દમયંતીબેન મગનલાલ મોતીચંદ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)**
  *(ચક્ષુદાન - દેહદાન કરેલ છે.)*

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના...*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- ડૉ. પદ્માબેન ફડિઆ - અમદાવાદ
(હ. ડૉ. રાગેશ ફડિઆ)

રૂા. ૮,૩૨૫/- સ્વામિવાત્સલ્ય તથા સામૂહિક ક્ષમાપના પ્રસંગે સમાજના સભ્યો તરફથી મળેલ ભેટ

### મંગલ મંદિર ખાતે

રૂા. ૫૦૦/- રક્ષાબેન ભરતકુમાર ભેદા (ભુજપુર - અમદાવાદ)
પુત્ર ચિ. જયના સગપણ નિમિત્તે

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫,૦૦૦/- ડૉ. ઉપેન્દ્રકુમાર સુધાકર શાહ (નલિયા - ભાવનગર)

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## સાભાર સ્વીકાર

**સ્વ. ધનસુખલાલ મોતીલાલ શાહ - અમદાવાદના**
પરિવારજનો દ્વારા

**માતબર અનુદાન...**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે
મેડિકલ સેન્ટરના ઑપરેશન થિયેટર માટે....
**સ્વ. ધનસુખલાલ મોતીલાલ શાહના સ્મરણાર્થે**
તેમના પરિવારજનો તરફથી
**રૂા. ૭,૫૦,૦૦૦/-**
**(રૂપિયા સાત લાખ પચાસ હજાર)નું**
માતબર અનુદાન પ્રાપ્ત થયેલ છે.
*સમાજ ઉપરોક્ત અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે.*

## સાભાર સ્વીકાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સરસ્વતી (વિદ્યાર્થી પુરસ્કાર) સન્માન સમિતિ દ્વારા તેજસ્વી તારલાઓને પુરસ્કાર આપીને સન્માનવા વર્ષ ૨૦૧૮-૧૯ માટે જે શૈક્ષણિક પુરસ્કાર યોજના નક્કી થયેલ છે, તેના અંતર્ગત નીચે જણાવેલ દાતાશ્રીઓ તરફથી આર્થિક સહાય પ્રાપ્ત થયેલ છે.

- *ધોરણ ૧૦ : શ્રીમતી પ્રમીલાબેન કુરુવા પરિવાર*
- *ધોરણ-૧૨ (સાયન્સ / કોમર્સ) : શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા પરિવાર*
- *સ્નાતક - ગ્રેજ્યુએટ : શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા પરિવાર*
- *સ્નાતકોત્તર - પોસ્ટ ગ્રેજ્યુએટ : શ્રી નવનીત પરિવાર*

સંસ્થા ઉપરોક્ત દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટર ખાતે માસ ઓક્ટોબર-૨૦૧૮ દરમિયાન નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી કાયમી / દૈનિક તિથિનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.*

| ક્રમ | દાતાશ્રીનું નામ | કાયમી તિથિ | દૈનિક તિથિ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી આશાબેન નરેશભાઈ સોની - મુંબઈ (વાંકી - કચ્છ) | તા. ૧૨-૧૦ | |
| ૨. | શ્રી દિલીપભાઈ કુંવરજી દંડ<br>માતુશ્રી પુરબાઈ કુંવરજી દંડના સ્મરણાર્થે | તા. ૧૩-૧૦ | |
| ૩. | શેમારૂ એન્ટરટેઈનમેન્ટ (અંધેરી - મુંબઈ) (હાલાપર - કચ્છ)<br>(સ્વ. ગંગાબેન હીરજી મારૂની સ્મૃતિમાં) | તા. ૧૫-૧૦ | |
| ૪. | ગૂર્જર પરિવાર (ફતેહગઢ - અમદાવાદ)<br>સ્વ. ગોવિંદલાલ જગશીભાઈ શાહના સ્મરણાર્થે | તા. ૨૨-૧૦ | |

*સંસ્થાની આ યોજનામાં આપના ઘરે આવતા પ્રસંગો જેવા કે — જન્મ તિથિ, લગ્ન તિથિ, પુણ્ય તિથિ વગેરેમાં આપના તરફથી આર્થિક યોગદાન આપી આપનું નામ નોંધાવવા નમ્ર વિનંતી છે. કાયમી તિથિનો નકરો રૂા. ૧,૧૧,૦૦૦/- છે. જે નામ કાયમી ધોરણે ડાયાલિસિસ સેન્ટરમાં લખવામાં આવશે. દૈનિક તિથિનો નકરો રૂા. ૧૧,૧૧૧/- છે જે નામ દાતાશ્રી તરફથી જણાવેલ તિથિના દિવસે ડાયાલિસિસ સેન્ટરમાં લખવામાં આવશે.*

**સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.**

**● 'મંગલ મંદિર'માં જાહેરાત આપી સાથ-સહકાર આપશો ●**

*સમાજના માસિક મુખપત્ર "મંગલ મંદિર"માં આપશ્રી દ્વારા વિજ્ઞાપન પ્રકાશિત કરાવીને સાથ-સહકાર આપવા અનુરોધ છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### જાહેર નિમંત્રણ

### નૂતન વર્ષ મિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૭૪ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૭૪ની આસો વદ અમાસ એટલે કે બુધવાર, તા. ૭-૧૧-૨૦૧૮ના રોજ આપણે ઊજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે વર્ષ ૨૦૭૪ને વિદાય કરી, ગુરુવાર, તા. ૮-૧૧-૨૦૧૮ એટલે કે કારતક સુદ-એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૭૫ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે ગુરુવાર, તા. ૮-૧૧-૨૦૧૮ના સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પરિવારોને પણ આમંત્રિત કરવામાં આવે છે. એ દિવસે આપણે એકબીજાને હળીમળીને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીશું તથા અલ્પાહાર લઈને છૂટા પડીશું.

**હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ**

**મુખપત્ર 'મંગલ મંદિર' અને 'મેડિકલ સેન્ટર'ની સેવાકીય કામગીરીની સુવાસ થકી... સમગ્ર કચ્છી જૈન સમાજોમાં જેનું સ્થાન સર્વોચ્ચ શિખરે સ્થાપિત થયું છે તેવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે દબદબાભેર ઉજવ્યો ત્રિવેણી સંગમ સમો...**

# વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ

**કાર્યક્રમ દરમિયાન સમાજના આધારસ્તંભ એવા શ્રી હીરજીભાઈ શાહ તથા સામાજિક કાર્યકર શ્રી બચુભાઈ રાંભિયાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું**

**સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમાજની વિવિધ સમિતિઓની કામગીરીને પશ્ચાદ ભૂમિકામાં રાખીને સમાજના જ યુવાવર્ગ તથા બાળકોમાં છૂપાયેલ કલા-કસબની અદ્‌ભુત રજૂઆત કરવામાં આવી**

**યુવા વિકાસ, સાંસ્કૃતિક તથા સરસ્વતી સન્માન સમિતિઓની સંયુક્ત કામગીરીએ પ્રેક્ષકોને પ્રભાવિત કર્યા**

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ પરિવારજનોને "મિચ્છામિ દુક્કડમ્" સાથે આવકાર આપીને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે પોતાના ટૂંક પ્રવચનમાં જણાવ્યું કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાની ઉચ્ચત્તમ સામાજિક સેવાઓની સુવાસ થકી આજે સમગ્ર ભારતભરમાં કચ્છી જૈન સમાજોમાં એક આગવી છાપ ઊભી કરી છે. સમાજની વિવિધ સમિતિઓની પ્રવૃત્તિઓ... કામગીરીનો ઉલ્લેખ કરતાં તેમણે વધુમાં કહ્યું કે, સમાજના પાયાથી કરીને અત્યાર સુધીના દરેક હોદ્દેદારો, કાર્યકરો તથા દરેક સમિતિઓના સભ્યોની મહેનત, નિષ્ઠા અને તેમની વિશિષ્ઠ પ્રકારની કાર્યપ્રણાલીના કારણે આપણે આવી સર્વોત્તમ સ્થિતિનું નિર્માણ કરીને સૌને પ્રભાવિત કરી શક્યા છીએ. આ માટે તેમણે પૂર્વ તથા વર્તમાન સર્વે હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે રવિવાર, તા. ૨૩-૯-૨૦૧૮ના રોજ સંસ્થાના ૫૫મા વાર્ષિક સ્નેહ મિલન, સરસ્વતી સન્માન તથા સ્વામિવાત્સલ્યના ભવ્ય અને રંગારંગ કાર્યક્રમનું આયોજન ટાગોર હોલ ખાતે કર્યું હતું. સમારંભના મુખ્ય કાર્યક્રમનું સંચાલન શ્રીમતી અલ્પા મેહુલભાઈ શાહે ખૂબ જ વ્યવસ્થિત અને રસપ્રદ રીતે કર્યું હતું.

આ અવસરે મુંબઈ સ્થિત સમાજના પૂર્વ હોદ્દેદાર તથા હિતેચ્છુ શ્રી મૂળજીભાઈ નરશી શાહ, કચ્છી મહિલા કે જેઓ અમદાવાદમાં પોલીસ ખાતામાં ડીસીપીના ઉચ્ચ હોદ્દા પર હાલ કાર્યરત છે તેવા સુશ્રી પન્ના મોમાયા, ડૉ. લીલાબેન વીસરિયા વગેરેએ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પરિવારજનોના યુવા કલાકારોએ નવકાર મંત્રની પ્રાર્થના સાથે ખૂબ જ આકર્ષક નૃત્યની રજૂઆત કરી હતી. જૈન ધર્મમાં પર્યુષણ મહાપર્વનો ખાસ મહિમા છે. સૌ પરિવારજનો આનંદ અને ઉલ્લાસપૂર્વક માહોલમાં જપ-તપ તથા અનેક પ્રકારની આરાધનાઓ કરીને આ પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરે છે. ખાસ કરીને સાપ્તાહિક પર્વના અંતિમ દિવસે સાંવત્સરિ પ્રતિક્રમણ કરીને મન-વચન અને કાયાના યોગથી કોઈપણ જીવને દુઃખ થયું હોય તો સર્વે જીવોની વાર્ષિક ક્ષમાપના કરે છે તેવી રજૂઆત કરીને સંસ્થાના સહ ખજાનચી **શ્રી રમણિકભાઈ કુંવરજી ગોસરે** ઉપસ્થિત સર્વે પરિવારજનોને "**મૈત્રી ભાવના પવિત્ર ઝરણા**" સ્વરૂપે સામૂહિક ક્ષમાપના કરાવી હતી. તે મુજબ દરેક સભ્યોએ પરસ્પર "**મિચ્છામિ દુક્કડમ્**" કર્યા હતા.

આ અવસરે સ્વામિવાત્સલ્ય જમણના કાયમી દાતાશ્રીઓ, શૈક્ષણિક તથા અન્ય ક્ષેત્રોના વિવિધ પારિતોષિક યોજનાઓના દાતાશ્રીઓને સન્માનાર્થે સ્ટેજ પર આવવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી વસંતભાઈ બી. નાગડા, શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશી કુરુવા ફાઉન્ડેશન, શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રીમતી વીણાબેન ભરતભાઈ ગાલા, માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ વગેરે મુખ્ય હતા. તે પૈકી ઉપસ્થિત દાતાશ્રીઓ અને મહાનુભાવોનું સંસ્થાના હોદ્દેદારો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

## ● શ્રી હીરજીભાઈ શાહ અને શ્રી બચુભાઈ રાંભિયાનું વિશિષ્ટ સન્માન

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધારસ્તંભ એવા શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહનું વિશિષ્ટ સન્માન સમાજના પ્રમુખશ્રી, પૂર્વ પ્રમુખ શ્રી ચંદ્રકાંત દેઢિયા તથા ટ્રસ્ટી શ્રી મગનભાઈ સંઘવી દ્વારા કરવામાં આવ્યું હતું. સન્માન વિધિમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા, ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ તેમજ શ્રી મૂળજીભાઈ નરશી શાહ પણ સામેલ થયા હતા. શ્રી હીરજીભાઈ શાહને પાઘડી પહેરાવવામાં આવી હતી. ત્યારબાદ શાલ ઓઢાડીને સિલ્વરના શ્રીફળ સાથે અતિ સુંદર અને આકર્ષણરૂપ મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. તે સમયે પ્રેક્ષકગણે સ્ટેન્ડિંગ ઓવેશનથી સન્માનિત થનાર મહાનુભાવનું હર્ષ સાથે અભિવાદન કર્યું હતું.

શ્રી હીરજીભાઈ શાહની આ સમાજમાં **લાઇફ ટાઈમ એચિવમેન્ટ સમાન** કામગીરી રહી છે. આ સમાજની સ્થાપનાથી માંડીને અત્યાર સુધી સામાજિક સેવાઓમાં તેઓશ્રી હંમેશાં કાર્યરત રહ્યા છે. જૈફ વયે પણ સમાજમાં દૈનિક ધોરણે નિયમિત હાજરી આપતા રહ્યા છે. એટલું જ નહીં, સમાજની મીટિંગોમાં તથા કોઈપણ નાના-મોટા કાર્યક્રમમાં તેમની હાજરી અચૂકપણે હોય. તેમની લાંબા સમયની સામાજિક ઉત્કૃષ્ટ સેવાઓને નજર સમક્ષ રાખીને તેમનું ઉચિત સન્માન કરવાની એક તક સમાજે ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન ઝડપી હતી.

★ એ રીતે, ખાસ કરીને બહારગામથી તબીબી સારવાર અર્થે અમદાવાદ આવનાર દર્દીઓને હોસ્પિટલમાં મદદરૂપ થઈને તેમની સેવા સુશ્રુષામાં લાગી જનાર તથા દર્દીઓના પરિવારજનોને જરૂરી માર્ગદર્શન આપનાર જીવદયા પ્રેમી તથા અમદાવાદ ખાતેના રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી બચુભાઈ હીરજી રાંભિયાનું સન્માન પણ ઉપરોક્ત કાર્યક્રમના અવસરે સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની સન્માન વિધિમાં સમાજના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા, સહ ખજાનચી શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી હીરજીભાઈ પી. શાહ, શ્રી મૂળજીભાઈ નરશી શાહ વગેરે સામેલ થયા હતા. શ્રી બચુભાઈ રાંભિયાનું સન્માન પણ તેમને પાઘડી પહેરાવ્યા બાદ શાલ ઓઢાડીને ખૂબ સુંદર મોમેન્ટો અર્પણ કરીને કરવામાં આવ્યું હતું.

## ● દાતાશ્રીઓનું સન્માન

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આ સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના ઑપરેશન થિયેટર માટે **સ્વ. ધનસુખલાલ મોતીલાલ શાહ**ના સ્મરણાર્થે રૂા. ૭,૫૦,૦૦૦/-નું માતબર અનુદાન તેમના ધર્મપત્ની દક્ષાબેન શાહ અને તેમના પરિવાજનો તરફથી પ્રાપ્ત થતાં આ અવસરે દક્ષાબેન ધનસુખલાલ શાહનું બહુમાન સમાજના અગ્રણી મહિલા કાર્યકરો પ્રભાબેન કાંતિલાલ સાવલા તથા ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયાએ કર્યું હતું.

★ એ રીતે મેડિકલ સેન્ટરના ફીઝિયોથેરાપી વિભાગના નામકરણ માટે સમાજના શુભચિંતક અને **પ્રોફેસર શ્રી પ્રવીણચંદ્ર જયંતિલાલ શાહ** તરફથી પણ રૂા. ૭,૫૦,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થતાં ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન તેમનું સન્માન સમાજના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા તથા માનદ્ મંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ કર્યું હતું.

## ● સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સરસ્વતી (વિદ્યાર્થી પુરસ્કાર) સન્માન કાર્યક્રમ

★ સમાજ પરિવારના નાના ભુલકાઓ દ્વારા એબીસીડી નૃત્યની સુંદર રજૂઆત બાદ સરસ્વતી (વિદ્યાર્થી પુરસ્કાર) સન્માન

સમિતિના કન્વીનર શ્રી પંકજભાઈ ગોગરી અને શ્રી મનીષભાઈ વીરા તથા સમિતિના અન્ય સભ્યોના સંચાલન હેઠળ શૈક્ષણિક ક્ષેત્રના તેજસ્વી તારલાઓનું સન્માન પ્રતિવર્ષની જેમ કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગ-એ હેઠળના બાળ વર્ગથી ધોરણ-૭ના છાત્રોને કાઉન્ટર પરથી ઇનામનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ધોરણ-૮ અને તેની ઉપરના વર્ગના વિદ્યાર્થીઓને સ્ટેજ પર નીચે મુજબની શૈક્ષણિક યોજનાઓ અંતર્ગત પુરસ્કૃત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

| | | |
|---|---|---|
| *ધોરણ-૧૦* | : | *શ્રીમતી પ્રમીલાબેન કુરુવા પરિવાર* |
| *ધોરણ-૧૨ (સાયન્સ / કોમર્સ)* | : | *શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા પરિવાર* |
| *સ્નાતક - ગ્રેજ્યુએટ* | : | *શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ પરિવાર* |
| *સ્નાતકોત્તર - પોસ્ટ ગ્રેજ્યુએટ* | : | *શ્રી નવનીત પરિવાર* |

- **કાર્યક્રમના અન્ય મુખ્ય અંશ :**

★ આજના સમારંભમાં રજૂ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સમાજની વિવિધ સમિતિઓની કામગીરી પર આધારિત 'થીમ' હતું. તેને અનુલક્ષીને સમિતિઓના કન્વીનરશ્રીઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું. તે પૈકી કેટલાક કન્વીનરશ્રીઓએ પોતાની સમિતિની કામગીરી વિશે ટૂંકમાં માહિતી આપી હતી.

★ કાર્યક્રમને સંબંધિત મુખ્ય સમિતિઓના કન્વીનરો જેમાં... શ્રીમતી નેહા ખોના, ડૉ. કેતન શાહ, શ્રી દેવેન છેડા તથા શ્રી પંકજ ગોગરી અને તેમની સમિતિઓના સભ્યોની કામગીરી સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્તમ પ્રકારની હોતાં, તે બિરદાવવા યોગ્ય અને પ્રશંસાપાત્ર હતા.

★ સાંસ્કૃતિક અને યુવા વર્ગ સમિતિના રંગારંગ કાર્યક્રમમાં વિવિધલક્ષી રજૂઆત થકી ઉપસ્થિત પ્રેક્ષકો - સમાજ પરિવારજનોના દિલ દિમાગ પર મસ્ત મનોરંજનની મસ્તી છવાઈ ગઈ હતી. સમાજ પરિવારજનોના કલાકારોએ જે રીતે પોતાના કલા-કસબના દર્શન કરાવ્યા હતા, તેના પરથી તેની તૈયારીમાં જે પરિશ્રમ ઉઠાવ્યો હતો તેની પ્રતીતિ થઈ રહી હતી. મનોરંજન કાર્યક્રમમાં હેત સંદીપભાઈ મહેતાની કોરિયોગ્રાફી - માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રકારના આઠ ડાન્સની રજૂઆત થઈ હતી. જેનાથી પ્રેક્ષકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. તે સિવાય, ગાયક કલાકારો — જીત શાહ, ડૉ. શિલ્પાબેન, નિખિલ ખોના, વૃષ્ટિ મહેતા, હીરેન શાહ, પ્રદીપ મહેતા, મનીષ ખોના અને કેતકી મહેતા દ્વારા વિવિધ રાગો પર આધારિત આઠ ફિલ્મી ગીતોની ખૂબ સુંદર રીતે રજૂઆત થઈ હતી. જેમાં 'હાલ રે વણઝાર... તો કે કચ્છડો વતાયાં' જેવી રજૂઆતો સામેલ હતી. તે ઉપરાંત ગીટારના માધ્યમથી મીત હિમાંશુ શાહ દ્વારા 'જબ જબ તેરે પાસ મૈં' ગીતની મનોરમ્ય ધૂન વગાડવામાં આવી હતી.

**સ્ટેજ - સાંસ્કૃતિક કાર્યક્રમ**

*સમાજના જ અંદાજિત ૭૦ કલાકારોએ પોતાની પ્રતિભાની રજૂઆત કરી*

*કલાકારોની ટીમે સતત ૪૫ દિવસ કાર્યરત રહીને સમગ્ર કાર્યક્રમ અદ્‌ભુત સ્વરૂપે તૈયાર કર્યો.*

*૧૩૫ કલાક પ્રેક્ટિસની ફળશ્રુતિ*

*કલાકાર દ્વારા દિલધડક ગીટાર વાદન*

*દરેક કલાકારોમાં અપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો...*

*આઠ ડાન્સ અને આઠ ગીતોની મનોરમ્ય રજૂઆત*

- **નારી શક્તિ :**

નીચે પ્રમાણેની કેટલીક માનુનીઓએ વિવિધ ક્ષેત્રે પ્રાપ્ત કરેલ ખ્યાતિની વિગત આપીને તેમનું ઉચિત અભિવાદન કરવામાં આવ્યું હતું.

**સમાજનું ગૌરવ : એક નજર**

| | |
|---|---|
| ● *પન્ના મોમાયા* | પોલીસ ખાતામાં ડીસીપી તરીકે કાર્યરત |
| ● *સંગીતા ગડા* | ચિત્રકલાના તજજ્ઞ. યુનેસ્કો - ૨૦૧૮ ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. |
| ● *ડૉ. લીલાબેન વીસરિયા* | સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી. |
| ● *સુરભિ વસા* | રસોઈની મહારાણીનો ઍવોર્ડ એનાયત થયો છે. |
| ● *બિજલ હરિયા* | ભારત નાટ્યમ્ તથા કુચિપુડી ડાન્સ નિષ્ણાત |
| ● *અલ્પા મારુ* | 'આરંગેત્રમ્'માં ખ્યાતિ પ્રાપ્ત કરી છે. |
| ● *પારુલબેન* | વ્યવસાય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી (ઘણી નાની ઉંમરે) |
| ● *અલ્પા શાહ* | ૧૮ વર્ષોથી દૂરદર્શન પર કાર્યક્રમ આપી રહ્યા છે. ટી.વી., રેડિયો અને વિવિધ સ્ટેજ પ્રોગ્રામોમાં એન્કરિંગ. |

★ અંગ દાન – અવયવ દાન સમિતિ દ્વારા 'રેડક્રોસ' સંસ્થાના સહયોગથી 'બ્લડ ડોનેશન' કેમ્પનું આયોજન થયું હતું. કેમ્પ દરમિયાન ૫૦ વ્યક્તિઓએ પોતાનું રક્ત સ્વેચ્છાએ ડોનેટ કર્યું હતું. સમિતિ દ્વારા 'રક્તદાન - મહાદાન'ની ભાવનાને સાર્થક કરવા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી હતી. સમિતિના કન્વીનર **શ્રી કમલેશ બી. શાહ** સાથે અન્ય સભ્યોએ લોકોમાં જાગૃતિ આણવા સફળ પ્રયોગ કર્યો હતો. અત્રે નોંધનીય છે કે, સમાજના યુવા સક્રિય કાર્યકર **શ્રી મનીષભાઈ વીરા**એ એકસો વખત રક્તદાન કરીને એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

★ ટાગોર હોલના પેસેજમાં નાના બાળકોને ઈનામનું વિતરણ, વૈયાવચ્ચ માટે યથાશક્તિ ડોનેશન, રક્તદાન માટે વ્યવસ્થા તથા મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા પોતાના સભ્યો માટે મેમોગ્રાફી / પેપટેસ્ટ માટે રજિસ્ટ્રેશનની કામગીરી ઉત્સાહપૂર્વક થઈ રહી હતી. ઉલ્લેખનીય છે કે, મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર **શ્રીમતી સુલુબેન શાહ** અને તેમના સહયોગીઓની કામગીરી હંમેશાં પ્રશંસાપાત્ર હોય છે.

★ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સભ્યોને પ્રો. દક્ષાબેન ઠાકર દ્વારા અવનવી મ્યુઝિકલ હાઉસીની રમત ખૂબ જ આનંદના માહોલમાં રમાડવામાં આવી હતી અને તેના ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

★ શિક્ષણ ક્ષેત્રના પારિતોષિક વિતરણના સમયે સંચાલક મનીષભાઈ વીરાએ કેટલીક પ્રતિભાઓની વિશિષ્ટતા તરફ લોકોનું ધ્યાનાકર્ષણ કરતાં, કેટલાક વિદ્યાર્થીઓએ પોતાની કારકિર્દી ઘડતર વિશે માહિતી આપીને અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

***ધોરણ-૧૧ની વિદ્યાર્થિની અદિતિ નીરવ મહેન્દ્રભાઈ વસાએ સ્વરચિત 'વરસાદી માહોલ' અને સમાજની 'સામાજિક પ્રવૃત્તિઓ'ના શીર્ષકવાળી કવિતાઓનું પઠન કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે સમાજના સક્રિય કાર્યકર દિનેશ જે. શાહના દોહિત્રી એટલે – અદિતિ.***

★ ટેસ્ટફુલ વ્યંજનો સાથે ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારના ૯.૩૦ વાગે શરૂ થયેલ કાર્યક્રમની જ્યારે બપોરના લગભગ ૪ વાગે સમાપ્તિ થઈ ત્યારે અલ્પાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

★ કાર્યક્રમમાં પ્રથમ આવનાર ૧૦૦ સભ્યો માટે લક્કી ડ્રો કરવામાં આવ્યો હતો અને તેના ઈનામોનું વિતરણ કરવામાં આવેલ.

